Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૮૮
તા.૨૭-૧૧-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૪ માગસર સુદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૨ સૂર્યાસ્ત : ૦૫:૫૩

તાપમાન
ડીસા ૧૪.૪
અમદાવાદ ૧૨.૬
ગાંધીનગર ૧૧.૮
વડોદરા ૧૫.૦
સુરત ૧૭.૮
નલિયા ૧૩.૮

ચાંદી : ૪૦,૭૦૦ સોનું : ૩૦,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

ત્રાસવાદે દુનિયાના માનવતાવાદને પડકાર ફેંક્યો : મોદી

વિચાર વૈભવ...

હું તો જાણું છું ને!

સવારના નવ વાગ્યાની આસપાસનો સમય હતો.

પોતાના હાથના અંગૂઠા પર લીધેલા ટાંકા કઢાવવા માટે એક દાદા પરદેશના એક નર્સિંગ હોમનાં વેઈટિંગ રૂમમાં બેઠા હતા. ડ્યુટિ પરની નર્સ પોતાના કામમાં થોડી વ્યસ્ત હતી. પોતે ઉતાવળમાં છે એવું દાદાએ નર્સને એકાદ- બે વખત કહ્યું એટલે નર્સે એમનો કેશ હાથમાં લીધો. દાદાના અંગૂઠા પરનો ઘા જોયો, બધી વિગત જોઈ. એ પછી એ નર્સે અંદર જઈ ડૉક્ટરને જાણ કરી. ડૉક્ટરે દાદાના ટાંકા કાઢી નાંખવાની નર્સને સૂચના આપી.

નર્સે દાદાને ટેબલ પર સુવડાવ્યા. પછી પૂછ્યું, 'દાદા! તમારી ઉતાવળનું કારણ હું પૂછી શકું? કોઈ બીજા ડૉક્ટરને બતાવવા માટે જવાનું છે?'

'ના, બહેન! પરંતુ ફલાણા નર્સિંગ હોમમાં મારી પત્નીને દાખલ કરેલી છે. એની સાથે નાસ્તો કરવાનો સમય થઈ ગયો છે. છેલ્લા પાંચ વરસથી સવારે સાડા નવ વાગ્યે એની જોડે જ નાસ્તો કરવાનો મારો અતૂટ ક્રમ રહ્યો છે. છેલ્લા પાંચ વરસથી એ નર્સિંગ હોમમાં મારી પત્ની દાખલ થયેલી છે.'

'પાંચ વરસથી? શું થયું એને?' નર્સે પૂછ્યું.

'એને સ્મૃતિભ્રંશ - અલ્ઝાઈમર્સનો રોગ થયેલો છે.' દાદાએ જવાબ આપ્યો.

મોં પર સહાનુભૂતિના ભાવ સાથે નર્સે ટાંકા કાઢવાની શરૂઆત કરી. એકાદ ટાંકાનો દોરો ખેંચતી વખતે દાદાથી સહેજ સિસકારો થઈ ગયો એટલે એમનું ધ્યાન બીજે દોરવા નર્સે ફરીથી વાત શરૂ કરી, 'દાદા! તમે મોડા પડશો તો તમારાં પત્ની ચિંતા કરશે કે તમને ખિજાશે ખરા?'

દાદા બે ક્ષણ નર્સ સામે જોઈ રહ્યા. પછી બોલ્યા. 'ના! જરા પણ નહીં. એ ચિંતા પણ નહીં કરે અને ખિજાશે પણ નહીં. કારણ કે છેલ્લા પાંચ વરસથી એની યાદશક્તિ સંપૂર્ણપણે ચાલી ગઈ છે. એ કોઈને ઓળખતી જ નથી. હું કોણ છું એ પણ એને ખબર નથી!'

નર્સને અત્યંત નવાઈ લાગી. એનાથી પુછાઈ ગયું. 'દાદા! જે વ્યક્તિ તમને ઓળખતી પણ નથી એના માટે તમે છેલ્લાં પાંચ વરસથી નિયમિત નર્સિંગ હોમમાં જાઓ છો? તમે આટલી બધી કાળજી લો છો, પરંતુ એને તો ખબર જ નથી કે તમે કોણ છો?'

દાદાએ નર્સનો હાથ પોતાના હાથમાં લઈ હળવેથી કહ્યું, 'બેટા! એને ખબર નથી કે હું કોણ છું, પરંતુ મને તો ખબર છે ને કે એ કોણ છે?'

દાદાની આંખોના ખૂણામાં ભીનાશ આવી ગઈ અને નર્સની આંખોમાં આંસુ!

સાચો પ્રેમ એટલે... સામી વ્યક્તિનો જેમ છે તેમ સંપૂર્ણ સ્વીકાર, એના સમગ્ર અસ્તિત્વનો સ્વીકાર, જે હતું તેનો સ્વીકાર, જે છે તેનો સ્વીકાર, ભવિષ્યમાં જે હશે તેનો સ્વીકાર અને જે કંઈ નહીં હોય તેનો પણ સ્વીકાર!

- ડૉ.આઈ.કે.વીજળીવાળા

યુરિયાના ઉપયોગમાં ઘટાડો કરવાની જરૂર, મન કી બાત કાર્યક્રમમાં સંવિધાન, બાબા સાહેબ, સરદાર પટેલ મામલે વાત કરી : મુંબઈ હુમલામાં શહીદ થયેલા જવાનો અને લોકોને શ્રદ્ધાંજલિ આપી

મુંબઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશવાસીઓ સાથે મન કી બાત કાર્યક્રમમાં જુદા જુદા વિષય ઉપર વાત કરી હતી. મન કી બાત કાર્યક્રમને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, આતંકવાદે વિશ્વની માનવતાવાદી શક્તિઓને પડકાર ફેંક્યો છે. મોદીએ લોકોને તેમના વિચાર શેયર કરવા માટે અપીલ કરી હતી. મોદીએ ભાષણની શરૂઆત કર્ણાટકના બાળકો સાથે થયેલી વાતચીતના ઉલ્લેખ સાથે કરી હતી. આ ગાળા દરમિયાન મોદીએ બાળકોના પત્રો વાંચ્યા હતા. મોદીએ ઉત્તર કન્નડ જિલ્લાની કિર્તી હેગડેનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, કિર્તીએ પર્યાવરણ અંગેની માહિતી અન્ય લોકોને પહોંચાડી છે. એક અન્ય બાળકીનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, તે એક સૈનિકની પુત્રી છે અને તેમને તેના પર ગર્વ પણ છે. કેટલાક અન્ય લોકોના સૂચનોને પણ મોદીએ વાંચ્યા હતા. મોદીએ સંવિધાન દિવસ, વલ્લભભાઈ પટેલની પુણ્ય તિથી, ૨૬-૧૧ મુંબઈ હુમલા, આતંકવાદ, ભારતીય નૌકા સેનાના સાહસની પ્રશંસા કરી હતી. આ ઉપરાંત યૂરિયાના ઉપયોગમાં ઘટાડાની અપીલ કરી હતી. મોદીએ દિવ્યાંગ બાળકોનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. આ ઉપરાંત હકારાત્મક બાબતો શેયર કરવા માટે મોદીએ અપીલ કરી હતી.

ભાજપ કોંગ્રેસમાં ઉકળતો ચરૂ

બ.કાં.માં કેટલીક બેઠકો ઉપર આંતરિક ખેચતાણ

પ્રતિનિધિ છાપી

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આજે છેલ્લો દિવસ હોઈ જિલ્લામાં કોંગ્રેસમાં બળવો થવાના ભય વચ્ચે છેલ્લા બે દિવસથી સીટીંગ ધારા સભ્યોને ટેલીફોનીક મેન્ડેડ આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જ્યારે ભાજપમાંથી સાત બેઠકો ઉપર સીધા મેન્ડેડ આવવામાં આવ્યા છે. પાલનપુર - ડીસા બેઠક ઉપર સંનિષ્ઠ કાર્યકરોની ટીકીટ માટે પ્રબળ દાવેદારીના કારણે કોકડું રવિવાર મોડી સાંજ સુધી ગુચવાયેલું હોવાનું જાણવા મળે છે. ડીસા બેઠકમાં ભાજપ તરફે ચારેક લોકોને ફોર્મ ભરવા માટે કહેવાયું હોવાનું જાણવા મળે છે. બનાસકાંઠા જીલ્લામાં ભાજપા તરફે એક બ્રાહ્મણને સમાવવાની પરંપરા રહેલી છે. જે મુજબ ધાનેરામાંથી બ્રાહ્મણ ઉમેદવારની બાદબાકી થતાં હવે કદાચ ડીસા અથવા પાલનપુરમાંથી બ્રાહ્મણ ઉમેદવારની પસંદગી થઈ શકે. જ્યારે પાલનપુરમાં ઈતર સમાજમાં પ્રજાપતિ અથવા અન્ય કોઈ નાના સમાજના ઉમેદવારને પ્રતિનિધિત્વ અપાય તેવી સકયતાઓ છે. સામાપક્ષે કોંગ્રેસ માટે પણ થરાદ અને દિયોદર બેઠક માથાનો દુઃખાવો બની ગઈ છે. જ્યાં પાર્ટીએ બે થી ત્રણ ઉમેદવારોને ફોર્મ ભરવા માટે જાણ કરી હોવાનું જાણવા મળે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, બંન્ને પક્ષો પોતાના બાકી રહેલા ઉમેદવારો માટે છેલ્લી

અનુસંધાન પાના નં.૬

ભાજપ દ્વારા ઉમેદવારો નક્કી કરવા કોરા મેન્ડેટ મોકલાયા, કોંગ્રેસે ફોન ઉપર જાણ કરી

દિવસ દરમિયાન અફવાઓનું બજાર ચાલ્યું

ભાજપ અને કોંગ્રેસ ગઈકાલે છેલ્લી ઘડી સુધી ઉમેદવારોના નામ નક્કી કરવામાં ભારે કશમકશ ચાલી હતી. તો બીજી તરફ કઈ બેઠક ઉપર કયા ઉમેદવારનું નામ જાહેર થયુ તેને લઈ અફવાઓનું બજાર પણ ધમધમતુ રહ્યુ હતું. સમગ્ર દિવસ દરમિયાન ઉમેદ વારોના નામને લઈ સોશ્યલ મીડીયા ઉપર મેસેજનો મારો રહ્યો હતો.

ડીસા

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા છેલ્લી ઘડી સુધી ઉમેદવારીની પસંદગીને લઈ ભારે ગડમથલ ચાલી રહી છે. આજે સોમવારે ઉમેદવારી પત્ર ભરવાનો છેલ્લો દિવસ હોઈ બંને પક્ષ દ્વારા ગઈકાલે મોડે સુધી ઉમેદવારી નક્કી કરવા કશમકશ ચાલી હતી.

કોંગ્રેસ દ્વારા ગઈકાલે બાકી રહેલ કેટલીક બેઠક ઉપર ઉમેદવારોને ફોન દ્વારા જાણ કરાઈ હોવાનુ જાણવા મળેલ છે. જેમાં બનાસકાંઠા જિલ્લાની વાવ બેઠક ઉપર ગેનીબેન ઠાકોરને જાણ કરાઈ હતી જ્યારે દિયોદરમાં મુકેશભાઈ ઠાકોર, ભરતસિંહ વાઘેલા અને અનીલ માળીના નામ વહેતા કર્યા હતા. તો થરાદ બેઠક ઉપર માવજીભાઈ પટેલ અને ગુલાબસિંહ રાજપુતનું નામ ચાલ્યું હતું. તેમજ કાંકરેજ બેઠક ઉપર

અનુસંધાન પાના નં.૬

અસંતોષ અને નારાજગી ન ઉદ્ભવે માટે સસ્પેન્સ રખાયું

ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગીને લઈ અસંતોષ અને નારાજગીનું વાતાવરણ ન સર્જાય તે માટે છેલ્લા સમય સુધી ઉમેદવારોના નામ જાહેર કરવામાં વિલંબ કરવામાં આવ્યો હતો. બંન્ને પક્ષમાં ઉમેદારી પસંદગી બાદ વિરોધનો સામનો ન કરવો પડે તેની તકેદારી રાખવામાં આવી છે.

ડીસા તાલુકા પોલીસે બનાવટી ઘી બનતું હોવાની બાતમીથી રેડ કરી

ડીસામાંથી શંકાસ્પદ ઘી ની ફેક્ટરી ઝડપાઈ

શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપાતા એફ.એસ.એલ.અને ફૂડ વિભાગની ટીમ બોલાવી

ભરત સુંદેશા

ડીસા

ડીસામાંથી પોલીસે વધુ એક શંકાસ્પદ ઘી બનાવતી ફેક્ટરી પર રેડ કરી શંકાસ્પદ ઘી નો જથ્થો મળતાં જથ્થો સીઝ કરી ચકાસણી માટે એફ.એસ.એલ અને ફૂડ અને ડ્રગ વિભાગની ટીમને જાણ કરી હતી.

ડીસામાં ઘી, તેલ, મરચું, હળદર અને કોસ્મેટિક પ્રોડક્ટ્સમાં મોટાપાયે ભેળસેળ અને બનાવટ (મિક્સિંગ એન્ડ ડુપ્લીકેટીંગ) થઇ રહ્યું છે. અવારનવાર બનાવટી વસ્તુઓ ની ફેક્ટરી કે પ્રોડક્ટ હાઉસ ઝડપાય છે.

અનુસંધાન પાના નં.૬

સાગર અને અમુલ બ્રાન્ડ નું ડુપ્લિકેટિંગ

ડીસામાં અમુલ અને સાગર બ્રાન્ડના ઘીનું મોટા પ્રમાણમાં ડુપ્લીકેટીંગ થઈ રહયુ છે.પોલીસને આખોલ નજીક ફેકટરીમાં પણ અમુલ અને સાગર ઘી નું ડુપ્લિકેટિંગ થતું હોવાની બાતમી મળી હતી.

બ્રાન્ડ હટાવી અમુલ અને સાગર ના સ્ટીકર લગાવાય છે

ડીસામાં બનાવટી ઘી બનાવતા વેપારીઓ ખૂબ જ ચતુર છે. તેઓ પોતાના ફેક્ટરી કે પ્રોડક્શન હાઉસમાં જે-તે બ્રાન્ડ નું ઘી બનાવે છે. પરંતુ જ્યારે ડીલીવરી કરવાનો સમય હોય ત્યારે ટીન પર અમુલ અને સાગર બ્રાન્ડની સ્ટીકર લગાવી તેમજ ટીન ઉપર સાગર અને અમુલ બ્રાન્ડના ઓરીજનલ જેવા પેકિંગ કરી ડિલિવરી કરી તંત્રને અંધારામાં રાખવામાં આવે છે.

સેમ્પલ પણ બદલાતા હોવાની શંકા

ડીસામાં બનાવટી ઘી અને તેલનું મોટાપાયે બ્રાન્ડિંગ અને પેકિંગ થતું હોય અને એક વખત પોલીસ કે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા જથ્થો ઝડપાય છે અને તેના સેમ્પલ લેવાય છે. પરંતુ મોટાભાગે સેમ્પલના રિપોર્ટ પોઝિટિવ આવતા હોઇ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા લેવાતા સેમ્પલને વ્યાપારીઓ દ્વારા છેક ઉપરના લેવલથી સાંઠગાંઠ થી સેમ્પલ બદલાઈ જતા હોવાની પણ શંકા છે.

ગુંદરી-ડીસા સ્ટેટ હાઈ-વે પર આરખી નજીક કારની અડફેટે રાહદારીનું મોત

દિનેશ ત્રિવેદી

પોલીસે મૃતદેહનુ રેફરલ હોસ્પિટલમાં પી.એમ.કરવી વાલી વારસાને સોપી

(પ્રતિ.) પાંથાવાડા

ગુંદરી-ડીસા સ્ટેટ હાઈ-વે પર રવિવારે બપોરે રાજસ્થાન તરફથી આવતી લાલ કલરની કારે આરખી નજીક રસ્તો ઓળંગતા રાહદારીને અડફેટે લેતા ઘટના સ્થળેજ કરુણ મોત નીપજ્યું હતું. પોલીસે મૃતદેહનુ તેફરલ હોસ્પિટલમાં પી.એમ. કરવી વાલી વારસાને સોંપી કારના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

અકસ્માત સથળેથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર ગુંદરી-ડીસા સ્ટેટ હાઈ-વે પર રવિવારે બપોરે રાજસ્થાનના મંડાર તરફથી આવતી લાલ કલરની કાર નંબર-જીજે-૦૫-સીકે-૨૬૭૮ના ચાલકે આરખી પાટિયા નજીક રસ્તો ઓળંગીને પોતાના ખેતરમાં જતા રાહદારીને અડફેટે લેતાં ઘટના સ્થળેજ કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માતના પગલે પાંથાવાડા પી.એસ.આઈ. બી.એમ. ચૌધરી તાબડ તોબ સ્ટાફ સાથે ઘટના સ્થળે પોહોંચી મૃતદેહને ઈમરજન્સી૧૦૮માં રેફરલ હોસ્પિટલમાં મોકલી ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો. ફરજ પરના તબીબ ડો.જીતેન્દ્ર ચૌધરીએ પી.એમ. કરી મૃતદેહ વાલી વારસાને સોંપ્યો હતો. પાંથાવાડા પોલીસે મૃતકના સગાની ફરિયાદના પગલે કાર ચાલક પાલનપુરના સુરજપુરાના મુકેશભાઈ બેચરભાઈ ચૌધરી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

કમનસીબ મૃતક

ભેમાભાઈ ઉકાભાઈ ઉર્ફે ઉદાભાઈ ચૌધરી(વાગડા) ઉ.વ.૭૧ રહે.આરખી તા.દાંતીવાડા

ચાલો ડીસા... નિમંત્રક... ચાલો ડીસા...

ડીસાના લોકલાડીલા ગોવાભાઈ રબારી ને ઉમેદવારી ફોર્મ ભરવાનું હોવાથી ડીસા વિધાનસભાના તમામ મતદાર ભાઈ - બહેનોને ખૂબ જ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવભર્યુ આમંત્રણ...

તારીખ : ૨૭-૧૧-૨૦૧૭, સોમવાર
સ્થળ : વંદના પાર્ટી પ્લોટ, રાજમંદિર થિએટરની બાજુમાં, ડીસા
સમય : સવારે ૧૦ : ૦૦ કલાકે

કોંગ્રેસ આવે છે નવસર્જન લાવે છે.

ગોવાભાઈ રબારી (ધારાસભ્યશ્રી, ડીસા)

સૂર્યોદય - ૭.૦૨ સૂર્યાસ્ત - ૫.૫૩

તિથિદર્શન

માગસર સુદ-૮ સોમવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ માગસર સુદ :આઠમ સોમવાર નક્ષત્રઃ શતતારા સાંજે ૪.૩૭ પછી પૂર્વ ભાદ્રપદ યોગ : હર્ષણ કરણ:બાલવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

વિતરતિ યાવદ્દાતાઃ તાવત્
ક્લોઅપિ ભવતિ કલ ભાષી
વિરતે પયસિ ઘનેભ્યઃ
શામ્યન્તિ શિખંડીનાં ધ્વનયઃ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ'નો આ શ્લોક છેઃ જ્યાં સુધી દાન આપનાર, દાન આપતો રહે છે ત્યાં સુધી તેનો લાભ લેનારા મધુર વાણી દ્વારા તેનાં વખાણ કરે છે તેને સારું લાગે એવું વચન બોલે છે. (અર્થાત્ જ્યાં સુધી કોઈ વ્યક્તિમાંથી આપણને ફાયદો મળ્યા કરતો હોય ત્યાં સુધી જ તે સારો લાગે છે, ત્યારે તે જ વ્યક્તિ દુશ્મન બની જાય છે.' અહીં વર્ષાઋતુની ગાજવીજ સાથે જ મોર પર મોટે મોટેથી ટહુકવા લાગે છે, પણ વરસાદની ઋતુ વીત્યા પછી વાદળ તો આકાશમાં દેખાય જ છે પણ મયૂર તેને જોઈને ટહુકતો નથી. કોઈ દાતા હોય, સરકારી અધિકારી કે વેપારીઓ- જ્યાં સુધી ફાયદો આપે- અપાવે ત્યાં સુધી સ્વાર્થી વ્યક્તિને એ સારા લાગે છે અને તેનાં વખણ પણ કરે છે. સત્તા- હોદ્દો- પદ સમૃદ્ધિ ગુમાવનારની એના ફાયદો લેનારા પણ ટીકા કરવા લાગે છે. દુનિયાનો આ સ્વાર્થી વ્યવહાર જ છે.

ડીસામાં સંગીત દ્વારા સારવારના કાર્યક્રમ યોજાયો

ડીસા

ડીસાની જાગૃતિ કન્યા વિદ્યાલય ખાતે શુક્રવારે સંગીત ચિકિત્સાનો કાર્યક્રમ યોજાયો હતો. વિશાલ સોનગરા દ્વારા યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં શાળાના છસ્સો જેટલા છાત્રોએ ભાગ લીધો હતો. જેમાં 'રાગો દ્વારા રોગોની સારવાર' વિષયને લઈને લોકોમાં સંગીત પ્રત્યે રૂચિ કેળવાય અને જાગૃતિ આવે તેમજ સ્વાસ્થ્ય પ્રત્યે સંગીત દ્વારા સારવારનો ઉપયોગ થઈ શકે તે હેતુ હતો. સાથે સાથે તબીબી ક્ષેત્રે કારકિર્દી બની શકે અને વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ સરકાર માન્ય ડૉક્ટરની ડિગ્રી મેળવી શકે તે પણ હતો. આ કાર્યક્રમમાં શિક્ષકો પણ જોડાયા હતા.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

પ્રખર ગદ્યસ્વામી શ્રી કિશનસિંહ ચાવડા (જિપ્સી)ની જન્મજયંતિ છે.

એમનો જન્મ તા. ૨૭-૧૧-૧૯૦૪ના રોજ વડોદરામાં થયો હતો. તેઓ ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક હતા. તેમના જીવનઘડતરમાં ટાગોર,ગાંધીજી અને અરવિંદ ઘોષનો ફાળો હતો. તેઓ એક સારા પત્રલેખક પણ હતા. શાંતનિકેતન અને પોંડિચેરીના વસવાટની અસર એમના જીવનવ્યવહાર પર જ નહી, એમના સાહિત્ય પર પણ ખુબ ઉંડી ઉતરેલી જોવામાં આવે છે. હિમાલયની પદયાત્રામાં તો એમની અધ્યાત્મવૃતિનાં પણ અનેરા દર્શન થાય છે.

એમનું અજોડ પુસ્તક તો 'અમાસના તારા' (સ્વાનુભાવ) અનેકવિધ ચોટદાર પ્રસંગોનો સંગ્રહ છે. એમનું ઈ.સ. ૧૯૭૯માં અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

આપનું અઠવાડિયું કેવું જશે ?

મેષ : કાર્યની અધિક્તાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષની પ્રબળતા વધે. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનમાં અકારણ ગુસ્સાનો અનુભવ થાય. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઇ ગેરસમજના ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ દરમિયાન મુસાફરીમાં સફળતા મળે. ભાગીદાર વર્ગ સાથે મનદુ:ખ રહે. સાહસિક કાર્યોમાં સફળતા મળે.

વૃષભ : આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્રફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યોમાં રૂચિ વધે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ-પ્રમોદની અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત થાય. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

મિથુન : આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ બની ન જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવાનો વારો આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા. નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ કાળજી રાખવી.

કર્ક : સામાજિક કાર્યોમાં સફળતા અપાવનારું આ સપ્તાહ તમને માનસિક મુંઝવણમાંથી બહાર લાવશે. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રફુલિતતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગેની ગોઠવણ થાય. દોડાદોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવિન મોજ-શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

સિંહ : આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલવર્ગ સાથે મનદુ:ખ ઊભું થાય પરંતુ પાછળથી સુલેહ થઇ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

કન્યા : આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યોમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાનભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ તેમની દાળ ગળે નહીં. નાણાંકીય તંગી સપ્તાહની શરૂઆતમાં અનુભવાય.

તુલા : વિદ્યાભ્યાસ કરતા વ્યક્તિઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યો મંદગતિએ આગળ વધે. સંતાનવર્ગ બાબતેની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા રહે. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનોથી સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પરિવારના કાર્યોમાં સફળતા મળે. તેમજ યશ-વૃધ્ધિ પણ થાય.

વૃશ્ચિક : આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બદલી-બઢતીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય છે. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ છે. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહ દરમ્યાન ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પાર પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

ધન : આ સપ્તાહ દરમિયાન સંતાનવર્ગ સંબંધિત ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધીઓની મદદ મળે. મહત્વના નિર્ણયો આ સપ્તાહ દરમ્યાન મોકુફ રાખવા હિતાવહ. યશ,માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધી નવા માર્ગ ખુલે, મનની મુંઝવણ દૂર કરી શકશો. આકસ્મીક આર્થિક ખર્ચનો નાનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

મકર : તંદુરસ્તી બાબતે ખાસ સાવચેતી રાખવી. પ્રતિકૂળ સમય હોઇ નાણાંકીય રોકાણકારોએ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઇ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દાંપત્યજીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી બને. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. સામાજિક કાર્યો અટકી-અટકીને પૂર્ણ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

કુંભ : મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યોમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક કાર્યક્ષેત્રમાં આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહભર પૂર્ણ કરી શકશો. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મૂંઝવણ દૂર કરી શકશો.

મીન : પારિવારીક મદદથી અત્યંત અગત્યના કાર્યોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુવર્ગ નિર્બળ બને. જો સમસ્યા હોય તો તેનું સમાધાન થાય તેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૨૭.૧૧.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૩૫૭ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!

તા. ૨૪.૧૧.૨૦૧૭ ના રોજ નિફટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૪૧૭ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૭૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૫૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૪૩૩ પોઈન્ટ થી ૧૦૪૪૭ પોઈન્ટ, ૧૦૪૬૩ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૪૬૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૨૪.૧૧.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૮૪૪ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૭૭૩ પોઈન્ટના પ્રથમ અને ૨૫૭૦૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૯૧૯ પોઈન્ટ થી ૨૫૯૭૦ પોઈન્ટ, ૨૬૦૦૯ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૬૦૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

ACC લિમિટેડ (૧૭૦૦) :- સિમેન્ટ ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૮૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૭૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૧૭ થી રૂ.૧૭૨૭ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૩૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

ઇન્ડસિન્ડ બેન્ક (૧૬૭૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૫૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૬૪૪ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૬૮૮ થી રૂ.૧૭૦૩ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

લાર્સેન (૧૨૨૪) :- રૂ.૧૨૦૯ નો પ્રથમ તેમજ રૂ.૧૧૯૯ ના બીજા સપોર્ટથી કન્સ્ટ્રક્શન સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૨૪૦ થી રૂ.૧૨૫૩ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!

ડિવિસ લેબ (૧૦૪૯) :- ફાર્મા સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૧૦૬૩ થી રૂ.૧૦૭૭ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૧૦૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

કોટક બેન્ક (૧૦૩૩) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૦૨૦ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ટેક્નોલોજી સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૦૪૭ થી રૂ.૧૦૬૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!

HDFC બેન્ક (૧૮૬૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૭૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૪૭ થી રૂ.૧૮૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૧૮૮૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

મહિન્દ્રા & મહિન્દ્રા (૧૪૩૬) :- રૂ.૧૪૫૧ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૪૫૭ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૪૨૦ થી રૂ.૧૪૦૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૪૬૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૩૩૪) :- સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૫૦ ના સ્ટોપલોસથી વેચાણ લાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૧૩૨૦ થી રૂ.૧૩૦૩ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!

લ્યુપિન (૮૩૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૮૪૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૧૮ થી રૂ.૮૦૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીગલક્ષી રૂ.૮૫૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો......!!

રિલાયન્સ કેપિટલ (૪૫૩) :- રૂ.૪૬૧ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૪૬૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૪૪૦ થી રૂ.૪૨૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૪૭૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો **WWW.INVESTMENTPOINT.IN** ને આધીન...!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!

અલ્પેશને રાધનપુરમાંથી ટિકિટ મળતા વિરોધ

કોંગ્રેસે ઉમેદવારોને ફોન પર મેન્ડેટ આપી દેતા નારાજગી

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી સંદર્ભે કોંગ્રેસના બીજા તબક્કાની યાદી જાહેર થવામાં વિલંબની બીજીબાજુ, આજે કોંગ્રેસ પક્ષ તરફથી બીજા તબક્કાના ફાઈનલ ઉમેદવારોને ટેલિફોનીક મેન્ડેટ આપી તેમને સૂચના આપવામાં આવી હતી. જેને લઇ ટિકિટનું રાજકારણ અને વાતાવરણ ગરમાયું હતું. અલ્પેશ ઠાકોરને રાધનપુરમાંથી ટિકિટ આપી દેવામાં આવતા તેને લઈને પણ નારાજગી જોવા મળી હતી. કેટલાક ઉમેદવારોના પત્તા કપાતાં નારાજગીનો માહોલ છવાયો હતો તો બીજીબાજુ, ટેલિફોનીક મેન્ડેટ જાણીને કોંગ્રેસના કેટલાક ઉત્સાહી ઉમેદવારોએ તો તેમના વિસ્તારોમાં સરઘસ-રેલી યોજી કાઢયા હતા. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ કોંગ્રેસના બીજા તબક્કાની યાદી આજે મોડી રાત્રે જાહેર થાય તેવી સંભાવના છે ત્યારે આજે દિવસ દરમ્યાન જ કોંગ્રેસ પક્ષ તરફથી કોઇ અજાણ્યા સ્થળ પરથી ટેલિફોનીક સૂચના આપી જે ઉમેદવારોના નામો ફાઈનલ અને નક્કી છે તેઓને પક્ષનો ચૂંટણી લડવાનો અને ઉમદેવારી નોંધાવવાનો મેન્ડેટ આપી દેવાયો હતો. કોંગ્રેસ પક્ષ તરફથી ટેલિફોનીક સૂચના દ્વારા ઉમેદવારોને મેન્ડેટ અપાતાં કેટલાક અન્ય સંભવતિ ઉમેદવારો અને આગેવાન-કાર્યકરોમાં નારાજગીની લાગણી પણ ફેલાઇ હતી. તેઓએ આક્ષેપ કર્યો હતો કે, ઉમેદવારોના પત્તા કપાય તો ભારે હોબાળો ના મચે અને મોટો વિવાદ ના સર્જાય તે હેતુથી કોંગ્રેસે આવી પ્રયુક્તિ અજમાવી છે. આ પધ્ધતિ ખરેખર યોગ્ય ના કહેવાય. બીજીબાજુ, કોંગ્રેસ પક્ષ તરફથી ટેલિફોનીક સૂચના મારફતે અધિકૃત ઉમેદવારીનો મેન્ડેટ મળતાં આવા ઉમેદવારો અને તેમના સમર્થકોમાં ખુશી અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો હતો. આવા કેટલાક ઉત્સાહી કોંગી ઉમેદવારો તો તેમના સમર્થકો-ટેકેદારો સાથે તેમના વિસ્તારો અને ક્ષેત્રમાં રેલી-સરઘસ કાઢીને નીકળી પડયા હતા. આ ઉમેદવારોએ તો વિજયી બનવાની આશા પણ વ્યકત કરી દીધી હતી. કોંગ્રેસપક્ષ તરફથી ટેલિફોનીક સૂચના મારફતે મેન્ટેડ આપવાની પધ્ધતિ કંઇ નવી નથી ગઇ વખતની વિધાનસભા ચૂંટણી ટાણે પણ કોંગ્રેસ આ પ્રયુક્તિ અજમાવી હતી.

મોદી આજે ગુજરાતમાં આક્રમક પ્રચાર કરશે :ચૂંટણી ગરમાવો વધી

અમદાવાદ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઇને આવતીકાલે ઝંઝાવતી ચૂંટણી પ્રચાર કરનાર છે. મોદીના કાર્યક્રમને લઇને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ભાજપના કાર્યકરોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભાજપના પ્રદેશ મિડિયા સેલની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, મોદી આવતીકાલે ગુજરાતના ચૂંટણી પ્રચાર્થે આવશે. એક દિવસના પ્રવાસ કાર્યક્રમ દરમિયાન મોદી કચ્છમાં ભુજ ખાતે, સૌરાષ્ટ્રમાં જસદણ ખાતે, ધારીમાં અને દક્ષિણ ગુજરાતના કડોદરા (સુરત)માં જાહેર સભા કરનાર છે. પ્રથમ તબક્કાની ૮૯ સીટ માટે પ્રચારનો પવનવેગી પ્રચારનો પ્રારંભ કરશે. મોદીના આક્રમક ચૂંટણી પ્રચાર ઉપર હવે તમામ રાજકીય પક્ષોની પણ નજર રહેશે. મોદી પોતાનો કરિશ્મો બતાવવા માટે ફરી એકવાર તૈયાર છે. મોદી જે સ્થળોએ જાહેરસભા સંબોધવાના છે તે સ્થળે આસપાસના અન્ય વિધાનસભા ક્ષેત્રોને પણ આવરી લેવાશે. એટલે કે, ત્યાંથી પણ સ્થાનિક લોકો, ગ્રામજનો અને ભાજપના કાર્યકરો-આગેવાનો આ સભાઓમાં જોડાશે. પ્રાપ્ત માહિતી મુજબ મોદી ઉપરાંત આવતીકાલે અન્ય નેતાઓ પણ પ્રચાર કરનાર છે જેમાં કેન્દ્રીય નેતાઓનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ૨૭મીએ વ્યારા, નીઝર, કેન્દ્રીય ગૃહપ્રધાન નિર્મલા સીતારામન જામનગર ખાતે ૨૭મીએ ત્રણ જાહેરસભા સંબોધશે.

૨૭મી નવેમ્બરે જ જે.પી.નડ્ડા પણ ખંભાળિયા, દ્વારકા ખાતે જાહેરસભા યોજશે. શ્રીમતી રૂપા ગાંગુલી ૨૭મી નવેમ્બરે જામજોધપુર ખાતે સભા કરશે. ૨૭મીએ બોટાદ, મહુવા, ગારિયાધાર તો, હુકમનારાયણ યાદવ તા.૨૭મી નવેમ્બરે દસાડા, ધ્રાંગધ્રા ખાતે, હંસરાજ આહીર તા.૨૭મીએ માણાવદર, માંગરોળ અને કેશોદ ખાતે જાહેરસભાને સંબોધન કરશે. ભાજપના આ તમામ સ્ટાર પ્રચારકો ગુજરાતની પ્રથમ તબક્કાની ૮૯ વિધાનસભા બેઠકો પર પ્રચાર કરવા તૈયાર કરી ચુક્યા છે.

વિશ્વ માલધારી દિવસની ઉજવણી કરાઈ

નરસિંહ દેસાઈ

પ્રતનિધિ વડાવળ

૨૭ મી નવેમ્બર એટલે વિશ્વ માલધારી દિવસ તરીકે મનાવવામાં આવી રહ્યો છે. વિશ્વના ખુણે ખુણે વસતો માલધારી તેની અસ્મિતા અને તેમની સંસ્કૃતિનો પડકાર એટલે જ વિશ્વ માલધારી દિવસ, વળી આજના દિવસને ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝર યુનો દ્વારા મિલ્ક ડે તરીકે પણ જાહેર કર્યો છે ત્યારે ઠેરઠેર વસતા માલધારી સમાજ દ્વારા તેની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી છે.

રાજ્યમાં અનેક સ્થળો એ બાઈક રેલી, કાર રેલી સાથે કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં સમાજ વ્યસન મુક્ત થાય ખોટા કુરીવાજો દુર થાય, દિકરા- દિકરીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને માલધારી સમાજ આગળ આવે જેવા અનેક ઉદેશો સાથે કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનિય છે કે વર્ષ ૨૦૧૦ માં અંત ભાગમાં માત્ર સંસ્થા દ્વારા વિશ્વ માલધારી મહિલા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિશ્વના ૩૧ (એકત્રીસ) દેશોમાંથી ૧૧૦ એકસો દશ મહિલાઓ એ ભાગ લીધો હતો. જે ઐતિહાસિક કાર્યક્રમની પુર્ણાહુતી ૨૬ મી નવેમ્બર ૨૦૧૦ ના રોજ અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે કરવામાં આવી હતી. ત્યારે દરેક દેશના પ્રતિનિધિ સર્વ સંમતિથી ૨૬ મી નવેમ્બરનો દિવસ વિશ્વ માલધારી દિવસ તરીકે ઉજવવાનું નક્કી થયું અને સાથે સાથે વૈશ્વિક માન્યતા મળે તે માટે સંયુક્ત રાષ્ટ્રને સામુહિક પેરવી કરવામાં આવી છે.

વડગામના ઈકબાલ ગઢ આશ્રમ શાળામાં સ્વેટર વિતરણ કરાયા

પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી વડગામ દ્વારા અને દાતા બનાસકાંઠા જિલ્લા તલાટી મંડળના પ્રમુખ કિરણભાઈ ડી.વડગામની અધ્યક્ષતા ગઈકાલ તારીખ ૨૬/૧૧/૨૦૧૭ રવિવારે ઈકબાલગઢ આ શ્રમ શાળાના તમામ વિદ્યાર્થી ભાઈ - બહેનોને ગરમ સ્વેટરનું વિતરણ કરાયું હતું. આ પ્રસંગે ઈકબાલગઢ યુવા સરપંચ ગોવિંદભાઈ ચૌધરીએ દાતા કિરણભાઈ વડગામની સેવાઓને બિરદાવી હતી,મનોજભાઈ પરમાર (પિલુચા), સાવનભાઈ (ખસા), સંસ્થાના કાર્યકર મોહનભાઈ પરમાર, શિક્ષકો, રેડક્રોસના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ઈન્ડિયન રેડક્રોસ સોસયટી પ્રમુખ પુષ્કર ગોસ્વામી, મોહનભાઈ પટેલ, જામાભાઈ ચૌહાણે કર્યુ હતું.

મનની વાત : મંત્રીને બદલે આકર્ષણનું કેન્દ્ર બનેલા વરરાજાને કાર્યક્રમથી દૂર રહેવું પડયું

વસંત બારોટ

સુરત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' ના કાર્યક્રમ માટે પ્રભાવિત થયેલા સુરતના એક વરરાજાને ભાજપના કાર્યકરોનો કડવો અનુભવ થયો છે. લગ્નની જાન નીકળે તે પહેલા વરરાજા મિત્ર સાથે અડાજણમાં 'મન કી બાત' ના કાર્યક્રમમાં ગયા હતા પણ મંત્રીને બદલે વરરાજા આકર્ષણનું કેન્દ્ર બને તેમ હોવાથી તેને બહાર જવુ પડયુ હતું.

કેટલાક લોકોએ ભાજપના કાર્યકરોએ પ્રવેશવા દીધો ન હોવાની વાત કરી હતી તો કાર્યકરોએ કહ્યાં જગ્યા ન હોવાથી તેઓએ બહાર જવું પડયું છે. સુરત સહિત અનેક જગ્યાએ કેન્દ્ર સરકારના મંત્રીઓ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મન કી બાતના કાર્યક્રમમાં હાજરી આપવા માટે આવ્યા હતા. સુરતના અડાજણ વિસ્તારમાં આશીષ નામના એક યુવકના લગ્ન હતા. આ યુવાન મોદીનો પ્રશંસક હોવાથી તે લગ્ન પહેલા જાન કાઢવાના બદલે કેટલાક મિત્રો સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' ના કાર્યક્રમમાં પહોંચ્યો હતો.

કાર્યક્રમ સ્થળે વરરાજા પરિવારના કેટલાક સભ્યો અને મિત્રો સાથે પહોચ્યા ત્યારે મંડપમાં જગ્યા ન હતા. તેમ છતાં વરરાજાને 'મન કી બાત' ના કાર્યક્રમમાં જોતાં મીડિયાના કર્મચારીઓનું ફોકસ તેમની તરફ થયુ હતું. મંડપમાં બેઠેલે કેન્દ્રીય મંત્રી અરૂણ જેટલી હતા તેમના પરથી ફોક્સ દુર થઈ વરરાજા આકર્ષણનું કેન્દ્ર બનતા કાર્યકરોએ વરરાજાને બહાર જવા કહ્યું હતું. જોકે, ત્યારબાદ કેટલાક કાર્યકરોએ ખુલાસો કર્યો હતો કે જગ્યા ન હોવાથી તેમને બહાર જવાનું કહેવામાં આવ્યું છે. આ પહેલા જ્યારે વરરાજા મંડપમાં પ્રવેશ્યા ત્યારે તેમને પોલીસે ચેક કર્યા હતા. મોદીના 'મન કી બાત' ના કાર્યક્રમથી પ્રભાવિત થઈ આવેલા સુરતના યુવાનને કાર્યક્રમમાં ન બેસવા દેવાતા તેમને કડવો અનુભવ થયો હતો.

ગુજરાતભરમાં મન કી બાત ચાય કે સાથ કાર્યક્રમ યોજાયો

અમદાવાદ

ભાજપના મન કી બાત ચાય કે સાથ કાર્યક્રમમાં તમામ દિગ્ગજ નેતાઓ આજે જોડાયા હતા. રાજ્યની જુદી જુદી જગ્યાઓ ઉપર કેન્દ્રીય મંત્રીઓ અને રાજયના મંત્રીઓ પ્રચાર કરવામાં વ્યસ્ત રહ્યા હતા. ભાજપ પ્રમુખ અમિત શાહ અમદાવાદના દરિયાપુરમાં તંબુ ચોકીના બૂથ ઉપર ઉપસ્થિત રહ્યા હતા. ભારત માતા કી જય, વંદેમાતરમના નારાથી કાર્યકરો અને પ્રજાજનોએ તેમનું સ્વાગત કર્યું હતું. અમિત શાહે તંબુ ચોકી પાસેના બૂથ પર ચાની ચુસ્કી સાથે નરેન્દ્ર મોદીનો સંદેશો પ્રજાજનો સાથે બેસીને સાંભળ્યો હતો. દરિયાપુર વિધાનસભા ૨૦૦૯ના નવા સિમાંકનના આધારે બની છે. ભાજપના પ્રદેશ પ્રવક્તા જગદીશ ભાવસારે માહિતી આપતા કહ્યું હતું કે, ભાજપે ૧૫૦ પ્લસના સંકલ્પને સાકાર કરવા અમદાવાદની તમામ ૧૬ બેઠકોને જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. અમિત શાહ અમદાવાદમાં હતા જ્યારે અન્ય દિગ્ગજ નેતાઓ જુદા જુદા મતવિસ્તારમાં હતા. ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા સીટ પર ભાજપના દિગ્ગજ નેતા આજે મેદાનમાં ઉતર્યા હતા. આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મન કી બાતને ગુજરાતના તમામ ૫૦ હજાર બુથ પર ભાજપના કાર્યકરો અને આગેવાનોએ ચાયની ચુસ્કી સાથે સાંભળી હતી. ભાજપના ચૂંટણી પ્રચારના ભાગરૂપે આજે રાજયના તમામ ૫૦ હજાર બુથ પર મોદીની મન કી બાત, ચાય કે સાથ કાર્યક્રમમાં ભાજપના નાના કાર્યકરથી માંડી દિગ્ગજ રાષ્ટ્રીય નેતાઓ પણ જોડાયા હતા. આજે સાંજે ૨૬મીની સાંજથી ભાજપના સ્ટાર પ્રચારકો રાજનાથસિંહ, અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ, ઉમા ભારતી, શિવરાજસિંહ ચૌહાણ, યોગી આદિત્યનાથ, વસુંધરારાજે, મુખ્યમંત્રી વિજય રૂપાણી, હેમામાલિની, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ સહિતના નેતાઓ ગુજરાતભરના વિવિધ જિલ્લા-તાલુકાઓ ધમરોળવા પહોંચ્યા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય સ્ટાર પ્રચારકો પણ પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. પ્રથમ તબક્કાની ૮૯ બેઠકો પર બે દિવસમાં કાર્પેટ બોમ્બીંગ કરી ચૂંટણી પ્રચારનો વેગવંતો પ્રારંભ આજે કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ વ્યારા અને નીઝર વિધાનસભા ખાતે તો, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ રાજકોટ ખાતે જાહેરસભાને સંબોધશે. મનોજ તિવારી આજે ૨૬મી નવેમ્બરે વલસાડમાં હતા આવતીકાલે ૨૭મીએ ભાવનગર ખાતે જાહેરસભા સંબોધશે. જુએલ ઓરામ પણ ૨૬મી નવેમ્બરે ડેડિયાપાડા, નાંદોદ ખાતે હતા. આવતીકાલે ૨૭મીએ ડાંગ ખાતે પ્રચારસભા કરશે. રેલ્વેમંત્રી પિયુષ ગોયેલ તા.૨૬મી નવેમ્બરે પોરબંદરમાં હતા.

ભાભર જુનામાં ખડોસણ માઈનોર કેનાલમાં ગાબડું : ખેતરોમાં પાણી ફરી વળતાં ખેડુતો ચિંતિત

વનરાજસિંહ રાઠોડ

ગેટમેન પૈસાની લેતી દેતીમાં વધારે- ઓછુ પાણી છોડતો હોવાના ખેડૂતોના આક્ષેપોઃ તંત્ર તપાસ કરે તેવી માંગ...

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર પંથકમાં નર્મદા નહેરનું પાણી આવતા ખેતરો લીલાછમ થઈ ગયા છે. ખેડુતો સમૃધ્ધ બની રહ્યા છે. પરંતુ નર્મદા નહેરના પાણી વિતરણ વ્યવસ્થા હજુ સુધી ગોઠવાઈ ન હોવાથી માઈનોર કેનાલના છેવાડા સુધીના ખેતરોમાં પાણી પહોંચતુ નથી. જેના કારણે અનેક ખેડુતો નર્મદા નહેરના પાણીથી વંચિત છે. ગેટમેન દ્વારા જે ખેડુતો પૈસા આપે તે લાઈનમાં વધુ પાણી છોડાય છે. અન્ય લાઈનોમાં ઓછુ પાણી છોડાતુ હોવાના ખેડુતો આક્ષેપો કરી રહ્યા છે. જયારે કોઈક ખેડુતને પાણીની જરૂર હોય અને ગેટમેનને પૈસા આપે તો તરત જ વધુ પાણી છોડવામાં આવે છે. તેના કારણે કેટલીક કેનાલો તુટતી હોવાનું ચર્ચાસ્પદ બન્યું છે. નર્મદા નિગમ દ્વારા આ દિશામાં તપાસ કરાય તે જરૂરી છે અને ખેડુતોની માંગ પણ ઉઠી રહી છે.

ભાભર જુનામાં આવેલ ખડોસણ માઈનોર કેનાલમાં રાઠોડ હિંમતસિંહના ખેતર મોટુ ગાબડુ પડ્યું છે, જેના કારણે તેમના એરંડાના ખેતરો ભરાઈ જતા નુકશાન થવાનો ભય છે. કેનાલ તુટતા પાણી બંધ થઈ ગયું છે. ખેડુતો ચિંતિત બન્યા છે. તંત્રની બેદરકારીથી કેનાલ તુટતા ખેડુતોમાં રોષની લાગણી જન્મી છે, કેનાલ બાંધકામ થયુ ત્યારે હલ્કી ગુણવત્તાનું કામ થયુ હતું. જેના કારણે વારંવાર કેનાલો તુટવાના સમાચારો સાંભળવા મળે છે. તંત્ર દ્વારા ઝડપી કેનાલ રીપેરીંગ કરીને ખેડુતોને પાણી પુરૂ પડાય તેવી ખેડુતોની માંગણી ઉઠવા પામી છે.

ડીસા સહિત જિલ્લામાં ફુલગુલાબી ઠંડી વચ્ચે રાજકારણમાં ગરમાવો વધ્યો

આજે બીજા ચરણના મતદાનના ઉમેદવારોને ફોર્મ ભરવાનો અંતિમ દિવસ

પ્રતિનિધિ વડાવળ

ડીસા સહિત જિલ્લામાં ફુલ ગુલાબી ઠંડીના પ્રમાણ વચ્ચે રાજકીય ગરમાવો વધ્યો છે. ચૂંટણીના દિવસો જેમ જેમ નજીક આવી રહ્યા છે. તેમ ચૂંટણી પ્રચારમાં પણ ગતિ પકડાશે સાથે સાથે વાતાવરણમાં તાપમાનનું પ્રમાણ પણ નીચુ જશે જિલ્લાની તમામ સીટોમાં મોટેભાગે ઉમેદવારોની બંને પક્ષો માંથી થઈ ગઈ છે તો વળી કેટલાક ઉમેદવારની જાહેરાતની ઔપચારીકતા બાકી રહી છે. ત્યારે આજે બીજા તબક્કાના મતદાનના ઉમેદવારોને ફોર્મ ભરવાનો અંતિમ દિવસ રહેલો છે. જેથી દરેક તાલુકા મથકે બાકી રહેલા ઉમેદવારો પોતાનું ફોર્મ ભરશે ત્યારે આજના દિવસે ઉમેદવારો ટેકદારો, સમર્થકો સાથે ફોર્મ ભરવામાં આવનાર છે જેને લઈ રાજકીય માહોલ જામ્યો છે. શિયાળાની ઠંડીની સાથે ચૂંટણીની મૌસમ જામતા, રાજકારણમાં ગરમાવો વધ્યો છે અત્યાર સુધી કોણ ક્યા પક્ષનો દાવેદાર છે તેના પર ચર્ચા એ જોર પકડ્યુ હતુ પણ આજે દરેકના ફોર્મ ભરાતા ચિત્ર સ્પષ્ટ થઈ જશે. જેથી કોણ કોને પછાડશે તેની ચર્ચાનો દોર શરૂ થશે કોની સાથે કેટલા સમર્થકો છે કેટલાયે છેડો ફાડ્યો જેવા અનેક સવાલા ઉભા થશે.

વિધાનસભાની ચૂંટણીને લઈ રાજકીય માહોલ જામ્યો છે ત્યારે ફોર્મ ભરવાના અંતિમ દિવસે ઉમેદવારો પણ પોતાનો દાવ અજમાવી રહ્યા છે કેટલા ઉમેદવારો કઈ શીટ પર ઉભા રહેશે તેતો ૩૦ નવેમ્બરે ફોર્મ પરત ખેંચાયા બાદ સ્પષ્ટ થઈ શકશે પણ આજે ફોર્મ ભરવાના અંતિમ દિવસે અનેક ઉમેદવારો પોતાનું ફોર્મ ભરશે અને નક્કી છે જેથી ઠેરઠેર ઉમેદવારોના સમર્થકો અને ઠેકેદારોનો જુસ્સો જોવા અવશ્ય મળશે.

ટડાવ ગામેથી યુવતીને ભગાડી જનાર શખ્સ ઝડપાયો

તા.પ્રતિ. વાવ

માવસરી પોલીસ સ્ટેશનનો આરોપી મહેશભાઈ જગસીભાઈ બ્રાહ્મણ રહે.ટડાવવાળો એક યુવતીને તા.૧૯/૮/૨૦૧૭ ના રોજ ટડાવ ગામેથી અપહરણ કરી ભગાડી જતા આ અંગે ગુજરાત હાઈકોર્ટમાં હેબીયર્સ કોપર્સ દાખલ થયેલ પરંતુ આરોપી ઘણા સમયથી યુવતીનું અપહરણ કરી નાસતો ફરતો હોઈ જેથી જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજર સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક એ.એચ. ચૌધરી (થરાદ) તથા ઈન્ચાર્જ સીપીઆઈ કે.એસ.ચૌધરી (થરાદ) ના માર્ગદર્શન મુજબ માવસરી પો.સ્ટેના પી.એસ. આઈ. એ.એમ. પટેલ તથા સ્ટાફના માણસોએ તા.૨૫/૧૧/ ૨૦૧૭ ના રોજ ભચાઉ મુકામેથી આરોપીને ઝડપી લીધો હતો. જ્યારે યુવતીને આરોપીના કબજામાંથી છોડાવી તેના વાલી વારસોને સોંપવામાં આવેલ છે અને આરોપી વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

ડીસામાં દક્ષિણ પોલીસે ક્રિકેટ સટ્ટો રમતા બેની અટકાયત કરી

કચ્છી કોલોની રોડ પર કોમ્પલેક્સમાં ખુલ્લામાં સટ્ટા બેટિંગ રમતા હતા : ૭ મોબાઈલ જપ્ત

ડીસા

ડીસા શહેરમાં કચ્છી કોલોની રોડ પર ખોડીયાર પાર્લર ની સામેના કોમ્પલેક્સમાં જાહેરમાં ક્રિકેટનો સટ્ટો રમતા બે વ્યક્તિની ડીસા દક્ષિણ પોલીસ એ અટકાયત કરી હતી. જેમા ડીસા નગરપાલિકાના શાસક પક્ષના નેતાના ભાઈ ક્રિકેટનો સટ્ટો રમતા ઝડપાયા હતા. પોલીસે સાત મોબાઈલ સહિત રૂ.૮૧૨૫ની ધરપકડ કરી છે.

ડીસા શહેરમાં કચ્છી કોલોની રોડ પર ઉમિયાનગર નજીક ખોડીયાર પાર્લર ની સામે આવેલા કોમ્પલેક્સમાં કેટલાક શખ્સો ક્રિકેટનો સટ્ટો રમતા હોવાની બાતમી ડીસા દક્ષિણ પોલીસ ને મળી હતી. જેથી ડીસા ડીવાયએસપી એચ.કે. વાઘેલાની સૂચનાથી અને પીઆઈ આર.આર. સિંધાલના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ સાગર આહીર અને પીએસઆઈ દિલીપ બ્રહ્મભટ્ટ ની ટીમે રેડ કરતા ખોડીયાર પાર્લર સામેના કોમ્પલેકસમાં ભારત - શ્રીલંકાની ટેસ્ટ મેચમાં મોબાઈલ ફોન પર સટ્ટા બેટિંગ લખતા બે શખ્સને ઝડપી લીધા હતા. પોલીસે તલાશી લેતા તેઓની પાસેથી કુલ સાત મોબાઈલ અને ૯૨૫ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. પોલીસે ૭ મોબાઈલ સહિત કુલ રૂ.૮૧૨૫ નો મુદ્દામાલ જપ્ત કરી બંને વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જગ પ્રસિદ્ધ યાત્રાધામ ઢીમાને જોડતા અનેક મહત્વના એસટી રૂટો પુનઃ શરૂ કરવાં લોકમાંગ

તા.પ્રતિનિધિ વાવ

બનાસકાંઠા જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમા ધામની યાત્રા વિના ચાર ધામની યાત્રાઓ અધૂરી ગણાય છે.જયારે સુપ્રસિદ્ધ યાત્રાધામ ઢીમા ધરણીધર ધામને જોડતી અનેક લાંબા અંતરની બસો બંધ કરતાં યાત્રાળુઓ અને ગ્રામજનોમાં નારાજગી ફેલાવાં પામી છે.પવિત્ર યાત્રાધામ ઢીમાથી સવારે વહેલી ૫ વાગે ઉપડતી થરાળથી જેતડા-પાલડી-દિયોદર-ખીમાણાં-શિહોરીથી પાટણ જતી હતી અને સાંજે પાટણથી ૩ વાગે ઉપડતી અને સાંજે ૬.૩૦ વાગે ઢીમા નાઈટહોલ્ડ કરતી હતી. આ બસ પાટણ ડેપો દ્વારા આ બસ ૩૦ વર્ષથી ઢીમા રૂટ પર ચાલતી હતી અને આ બસને ટ્રાફિક પણ સારું મળી રહેતું હતું અને વહેલી સવારે દવાખાને જવામાં કે વિધાર્થીઓ અને વેપારીઓ માટે આશીર્વાદરૂપ ગણાતી હતી. પાટણ ડેપોનાં મનસ્વી પણાને યાત્રાળુઓમાં રોષ ભભૂકી ઉઠ્યો છે.જયારે સત્વરે ચાલુ કરવાં માંગ ઉઠી છે. તો બીજી બાજુ થરાદ ડેપો દ્વારા સવારે ૫.૩૦ વાગે ઉપડતી ઢીમાથી ભોરોલ અને વાયા ૭ વાગે ઢીમાથી થરાદ,ડીસા,પાટણ,મહેસાણા જયારે આ બસનો ટાઈમ બદલવામાં આવતાં ગ્રામજનોએ પુનઃ આ બસને એનાં એજ ટાઈમે ચાલુ કરવાં માંગ ઉઠી છે. થરાદ ડેપો દ્વારા પૂર્વ રાજયમંત્રી પરબતભાઈ પટેલનાં વરદ હસ્તે શરૂ કરાયેલી ઢીમા સુંધામતા બસને બંધ કરાઈ છે. જયારે રાજસ્થાન જતાં લોકો અને એક યાત્રાધામ થી બીજાં યાત્રાધામને જોડવા માટે આ બસ શરૂ કરવામાં આવી હતી ઢીમાથી સવારે ૮ વાગે ઉપડતી થરાદ,ધાનેરા,પાંથાવાડાથી સુંધામાતા જતી હતી જયારે દર્શનાર્થે જતાં લોકો માટે આ બસ આશીર્વાદરૂપ સાબિત થઈ હતી જયારે વધુને વધુ આ બસને ટ્રાફિક પણ મળી રહે છે પરંતુ આ બસને ક્યાં કારણોસર રદ કરવામાં આવી છે?

તે એક ગંભીર સવાલ છે.અત્રે ઉલ્લેખનીય છેકે પવિત્ર યાત્રાધામ ઢીમાધામને લોકમેળા દરમિયાન અનેક વધારાની ટ્રીપો કરી આવક મેળવે છે પરંતુ કાયમી માટે એસટી બસોને મહત્વ આપવામાં આવે એવું ગ્રામજનો અને યાત્રાળુઓ જંખી રહ્યાં છે. થરાદ ડેપો અને પાટણ ડેપો દ્વારા મહત્વની એસટી બસોનાં રૂટો કાપી નાખવામાં આવતાં જયારે રખેવાળ દૈનિક દ્વારા લોકોનાં પ્રશ્નોને વાચા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જયારે સત્વરે આ બસોને ચાલુ કરવાની યાત્રાળુઓ, ગ્રામજનોની ઉગ્ર લોકમાંગો ઉઠવા પામી છે.

હિન્દુ હૃદય સમ્રાટ શેરસિંહ રાણાનું બનાસકાંઠામાં ભવ્ય સ્વાગત

પદ્માવતી મુવી અંગે ચૂંટણી પછી સરકાર ગદ્દારી કરશે તો જડબાતોડ જવાબ આપીશુ

સંજય જોષી

પાલનપુર

ઉત્તરાખંડના રૂડકી ગામના વતની અને સમગ્ર હિન્દુસ્તાનના હ્રદય સમ્રાટ શેરસિંહ રાણા રવિવારે ધાનેરામાં સન્માન સમારોહ માં ભાગ લેવા જઈ રહ્યા હતા. ત્યારે પાલનપુર ખાતે પત્રકારો સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી.

સમગ્ર હિન્દુસ્તાનને જેમના ઉપર નાજ છે એવા છેલ્લા હિંદુ રાજા પૃથ્વીરાજ ચૌહાણની અફઘાનિસ્તાન સ્થિત સમાધીમાંથી અસ્થિઓ લાવી સમગ્ર દેશનું મસ્તક ઉંચુ કરી દેનાર શેરસિંહ રાણાનો રવિવારે ધાનેરામાં સત્કાર સમારંભ ભાગ લેવા જઈ રહ્યા હતા. જેના ભાગરૂપે શેરસિંહ રાણાના આગમન ટાણે મહેસાણાથી લઈ સિધ્ધપુર, પાલનપુર, ડીસા સહિત વિવિધ સ્થળોએ તેમને સત્કારવા માટે લોકો આતુરતાથી ઉમટી પડયા હતા. જયારે પાલનપુર ખાતે મહાકાલ સેના, બ્રહ્મસેના, શિવસેના, શ્રી રામ સેવા સમિતિ, વિશ્વહિન્દૂ પરિષદ સહિત વિવિધ સંસ્થાઓ અને સામાજીક સંગઠનો દ્વારા શેરસિંહ રાણાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શેરસિંહ રાણાની સાથે ક્ષત્રિય સમાજના યુવા હ્રદય સમ્રાટ અને મહાકાલ સેનાના સંસ્થાપક સંજયસિંહ રાઠોડ, ક્રિપાલસિંહ ચાવડા સહિત મહાકાલ સેનાના ગુજરાતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પાલનપુરમાં પત્રકારો સાથે શેરસિંહ રાણા, સંજયસિંહ રાઠોડ અને ક્રિપાલસિંહ ચાવડાએ શુભેચ્છા મુલાકાત કરી હતી. જેમાં શેરસિંહ રાણા અને સંજયસિંહ રાઠોડ એ જણાવ્યું હતું કે, હાલ સરકારે પદ્માવતી ફિલ્મ પર પ્રતિબંધ મૂક્યો છે. પરંતુ ચૂંટણી પછી જો અમારા સાથે ગદ્દારી કરવામાં આવશે તો સરકારને જડબાતોડ જવાદ આપીશું. તેમજ પરેશ રાવલની રાજા રજવાડો અંગેની ટિપ્પણી અંગે જણાવ્યું હતું કે, પરેશ રાવલ બ્રાહ્મણ છે અને ક્ષત્રિય બ્રાહ્મણ પર હાથ ન ઉઠાવે પરંતુ પરેશ રાવલ ને ૧ જ કલાકમાં

અનુસંધાન પાના નં.૬

ધાનેરા તાલુકાના માલોતરાના એક શિક્ષકે સોશીયલ મીડીયામાં બિભસ્ત ટીપણી કરતાં ચકચાર

પોલીસ ફરીયાદ કરવા તજવીજ હાથ ધરી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા તાલુકાના ભાંજણા ગામના અને માલોતરા ગામે શિક્ષકની નોકરી કરતા એક શિક્ષકે દારૂ પીધેલી હાલતમાં સોશીયલ મીડીયામાં નથાભાઈ પટેલ તથા ભગવાનદાસ પટેલ વિરૂધ્ધ બીભત્સ કે જે સમાચાર પત્રમાં ન લખી શકાય તેવી ગંદી ટીપ્પણી કરતાં તથા ન શોભે તેવી ગાળો બોલતાં તેને ગોકુલ નગર સોસાયટી નજીકના રહીશોએ પોલીસ સ્ટેશને લાવી કાયદેસરની ફરીયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી છે.

શિક્ષક થઈને સારા સંસ્કાર આપનારને બદલે વાંચતાં પણ શરમ આવે તેવું બીભત્સ લખાણ વિધાનસભાના ઉમેદવારના નથાભાઈ પટેલ તથા માર્કેટયાર્ડના ચેરમેન ભગવાન દાસ પટેલ વિરૂધ્ધ સોશીયલ મીડીયામાં મોકલતાં લોકોમાં નારાજગી થતાં તેઓ પોલીસ સ્ટેશને તેને પકડીને લઈ આવ્યા હતા.

ધાનેરામાં મહાકાલ સેના દ્વારા બાઈક રેલી યોજાઈ

એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરામાં આજે હિન્દી ફિલ્મ પદ્માવતીના વિરોધ મા મહાકાલ સેના દ્વારા રાજપૂત સમાજની બાઈક રેલી યોજાઈ હતી જેમાં શેરસિંહ રાણા ઉપસ્થિત રહ્યા હતા.

હિન્દી ફિલ્મ પદ્માવતી નો વિરોધ સમગ્ર દેશમાં થઈ રહ્યો છે ત્યારે આજે ધાનેરામાં મહાકાલ શેના દ્વારા બાઈક રેલી અને શેરસિંહ રાણાના સન્માન માટે સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ખુબ જ મોટી સંખ્યામાં રાજપૂત સમાજના આગેવાનો કાર્યકરો જોડાયા હતા શેરસિંહ રાણા જેઓએ અફઘાનિસ્તાનમાં જઈને હિન્દૂ રાજા પૃથ્વીરાજ ચૌહાણની અસ્થિઓને ભારતમાં પછી લાવવાનું કાર્ય કર્યું હતું જેથી આજે ધાનેરા માં રાજપૂત સમાજ દ્વારા ફૂલ હાર દ્વારા શેરસિંહ રાણાનું સન્માન કરવામાં આવ્યું હતું.

દાંતા તાલુકાના ટોડા ગામે કેન્દ્રીયમંત્રીની ઉપસ્થિતીમાં "મન કી બાત" કાર્યક્રમ સાંભળ્યો

અશ્વીન જાની

પ્રતિનિધિ દાંતા

ભારતદેશ નાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશવાસીઓ નાં મન ની વાત જાણી પોતાના મન ની વાત પ્રજા સાથે કરવાં માટે નો એક સ્પેસીયલ કાર્યક્રમ મન કી બાત નો આજે ૪૮ મો એપીસોડ રજુ કરાયો હતો. આમ તો પ્રજા જન તેમનાં મન ની વાત જાણતી હોય છે. પણ આજે સવિશેષ પ્રજા વડાપ્રધાન નાં મન ની વાત કેવી રીતે જાણે છે. તે જાણવાં માટે કેન્દ્રીય પ્રધાન હરીભાઈ ચૌધરી દાંતા તાલુકા નાં અંતરીયાળ વિસ્તાર નાં ટોડા ગામે આવી પહોંચ્યા હતા. જ્યાં તેમનું કુંમકુંમ તીલક થી સ્વાગત કરાયુ હતુ. ને રજુ થયેલી મનકી બાત જાણવાં માટે એક ઝુંપડા માં ટીવી સમક્ષ બેઠાં હતા. ને ગ્રામ જનો સાથે વડાપ્રધાન નાં મન ની વાત સાંભળી હતી. જેમાં ટોડા ગામ નાં પુરુષ મહીલાઓ સહીત નાના બાળકો પણ આ કાર્યક્રમ ને નીરાતે માણ્યો હતો. ને વડાપ્રધાન દ્વારા ખાસ કરી ને ખેતીવાડી વિષયક, સ્વચ્છતાં તેમજ દરીયાઇ સીમામાં કામ કરતાં શૈનિકો ની વાત આ ગામડાં નાં લોકો એ સાંભળી હતી. આ પ્રસંગે ઉપસ્થીત રહેલાં કેન્દ્રીય પ્રધાન હરીભાઈ ચૌધરી પણ ગામ નાં સમુહ ને એક આંગણે જોઇ પ્રભાવીત થયા હતા. ને સાથે નરેન્દ્ર મોદી એ કરેલી વાત ને ગ્રામજનો સમક્ષ રજુ કરતા જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૭ પુર્ણ થઈ રહ્યુ ઠે ત્યારે વર્ષ મા બનેલી ખરાબ વાતો ભુલી સારી વાતો ને યાદ રાખવા અને તેને વાગોળતા રહેવા જણાવ્યુ હતુ જેને ગ્રામ જનોએ પણ વધાવી લીધી હતી.

શિહોરી કુંવારવા અને આકોલીમાં હડકાયા કુતરાએ ૬ લોકોને બચકા ભર્યા

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલકુામાં હડકાયા કુતરાએ આતંક મચાવ્યો છે. ત્યારે કુંવારવા ગામના ૪ વ્યક્તિને બચકા ભર્યા જ્યારે આકોલીમાં ૪ વર્ષના બાળકને બચકુ ભરતા હાહાકાર મચી જવા પામ્યો છે. જેમાં ૧૦ વર્ષની એક દિકરીને શિહોરીમાં કુતરૂ કરડવાનો બનાવ સામે આવતા એક જ દિવસમાં સવારે ૬ લોકોને કુતરાએ કરડતા શિહોરી સીએચસી ખાતે સારવાર માટે લવાયા હતા. જો કે રવિવાર હોવા છતાં ડૉક્ટર માનસુંગભાઈ ચૌધરીએ તમામની સારવાર કરી હતી અને હડકવા પ્રતિરોધ ઈંજેક્શનો આપ્યા હતા. જેબરબેન પ્રજાપતિ-ઉ.૬૫ વર્ષ કુંવારવા, કોમલ પ્રજાપતિ-કુંવારવા, ઈલાબેન પંચાલ કુંવારવા, ગગીબેન ઠાકોર-કુંવારવા, સાહિલ રાનેરા આકોલી, તથા પૂજાબેન પટણી-શિહોરીવાળાને કુતરાએ બચકા ભરી લેતા તમામને શિહોરી રેફરલ હોસ્પિટલમાં સારવાર કરાવી હતી.

ડીસા અને કાંકરેજ વિધાનસભા બેઠકના

જનરલ ઓબ્ઝર્વર નારાયણલાલ મીણાનું જિલ્લામાં આગમન

પાલનપુર

વિધાનસભા સામાન્ય ચૂંટણી - ૨૦૧૭ અન્વયે ભારતિય ચૂંટણી પંચ દ્વારા ૧૩ - ડીસા અને ૧૫ - કાંકરેજ બેઠક માટે જનરલ ઓબ્ઝર્વર નારાયણલાલ મીણા (આઈ.એ.એસ.રાજસ્થાન) ની નિમણુંક કરવામાં આવી છે. તા.૨૬/૧૧/૨૦૧૭ થી સર્કિટ હાઉસ (વિશ્રામગૃહ) ડીસા ખાતે ૧૩ - ડીસા વિધાનસભા બેઠક માટે સાંજે ૪ થી ૫ તેમજ ૧૫ - કાંકરેજ વિધાનસભા બેઠક માટે સાંજે ૬ થી ૭ કલાક સુધી મતદારોને મળી શકશે.

તેઓના મોબાઈલ નંબર ૭૦૬૯૦૫૨૮૧૧ તેમજ લેન્ડલાઈન નંબર ૦૨૭૪૪-૨૩૦૭૦૦ છે. ચૂંટણીને લગતી કોઈ બાબત અથવા ફરિયાદ હોયતો તેઓના ઉપરોક્ત સરનામે અથવા મોબાઈલ નંબર પર મતદારોને સંપર્ક કરવા જણાવાયું છે.

વાવ વિધાનસભા ચૂંટણી માટે ઓબ્ઝર્વરની નિમણુંક

ડીસા

ભારતીય ચૂંટણી પંચ દ્વારા ૭- વાવ વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે જનરલ ઓબ્ઝર્વર તરીકે ગોબિંદચંદ્ર શેટ્ટી (આઈ.એ.એસ.ઓરીસ્સા) ની નિમણુંક કરવામાં આવેલી છે. તેઓ સર્કીટ હાઉસ (વિશ્રામ ગૃહ) ભાભર ખાતે તા. ૨૬/૧૧/૨૦૧૭ થી સાંજના ૬-૦૦ કલાકથી ૭-૦૦ કલાક સુધી મળી શકશે. તેઓનો મોબાઈલ નંબરઃ ૭૦૬૯૦ ૫૨૨૮૦૭ તેમજ લેન્ડલાઈન નંબરઃ ૦૨૭૩૫ ૨૨૨૦૭૪ છે. ચૂંટણીને લગતી કોઈ બાબત અથવા ફરિયાદ હોય તો તેઓનો ઉપરોક્ત સરનામે અથવા મોબાઈલ નંબર પર સંપર્ક કરવા મતદારોને જાણ કરવામાં આવે છે.

મતદાન મથકોમાં એક પુરૂષ બાદ બે મહિલાના નંબર હશે

અમદાવાદ

રાજયમાં આગામી ૯ તથા ૧૪ ડીસેમ્બરના રોજ વિધાનસભાની ચૂંટણી માટે બે તબકકામા મતદાન પ્રક્રીયા હાથ ધરવામા આવનાર છે આ સમયે દરેક મતદાન મથકો ઉપર એક પુરૂષ બાદ બે મહિલાઓ દ્વારા મતદાન કરવામા આવે એવી ખાસ વ્યવસ્થા ચૂંટણીપંચ દ્વારા કરવામા આવી છે.આ અંગે મળતી માહિતી અનુસાર, વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદારો પોતાનો મત સમયસર આપી શકે તે માટે ચૂંટણીપંચ દ્વારા તડામાર તૈયારી કરવામા આવી રહી છે. ચૂંટણીપંચ તરફથી આ મતદાનની પ્રક્રીયા સરળતાથી અને શાંતિપૂર્વક થાય એ માટે ચોકકસ દિશામા ધ્યાન આપવામા આવી રહ્યુ છે.આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ચૂંટણીપંચ દ્વારા એક નવતર પ્રયોગ હાથ ધરવામા આવનાર છે જેમા દરેક મતદાન મથકોમાં એક પુરૂષ બાદ બે મહિલા મતદાન કરે એ પ્રકારનું આયોજન કરવામા આવ્યુ છે.આ આયોજન પાછળનુ મુખ્ય કારણ પુરૂષ કે મહિલાઓની કોઈ મોટી લાઈનો ન લાગે એવો હશે તેમ દેખાય છે. વિધાનસભાની ચૂંટણીમાં મતદાનમથકની ૧૦૦ મીટર સુધીના અંતરમાં કોઈપણ રાજકીય પક્ષના ઉમેદવારના પ્રતિનિધિ પોતાના પ્રચાર કે લાલચ આપી શકશે નહિ તે માટે ખાસ વોચ ગોઠવવામા આવી છે.ચૂંટણીપંચ દ્વારા બીજી એક અગત્યની બાબત પર ધ્યાન રાખવામા આવ્યુ છે જેમાં જે તે મતવિસ્તારના મતદાર ન હોય

અનુસંધાન પાના નં.૬

પ્રથમ ચરણમાં ૮૯ સીટ માટે ૯૭૭ ઉમેદવારો

અમદાવાદ

ગુજરાત વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કાની ૮૯ સીટ માટે કુલ ૯૭૭ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહી ગયા છે. કચ્છ-સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને આવરી લેતી ૮૯ સીટ માટે ચૂંટણી મેદાનમાં રહેલા ૯૭૭ ઉમેદવારોના મુખ્યમંત્રી વિજય રૂપાણી, અર્જુન મોઢવાડિયા, શક્તિસિંહ ગોહિલ અને બાબુ બોખિરિયા પણ છે. પ્રથમ તબક્કામાં નવમી ડિસેમ્બરના દિવસે મતદાન યોજાનાર છે. આ આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો પ્રતિ સીટ ઉપર ૧૧ ઉમેદવારોને સરેરાશ ગણી શકાય છે. બીજી બાજુ ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટેનું ચિત્ર ૩૦મી નવેમ્બરના દિવસે સ્પષ્ટ થશે. તે વખતે ઉમેદવારીપત્રો પરત ખેંચવા માટેની છેલ્લી તારીખ રહેશે. બીજા તબક્કામાં ૧૪મી ડિસેમ્બરના દિવસે ૯૩ સીટ માટે મતદાન યોજાશે. પ્રથમ તબક્કામાં ઉમેદવારો દ્વારા ઉમેદવારીપત્ર પરત ખેંચવામાં આવ્યા બાદ ૯૭૭ ઉમેદવારો હવે ચૂંટણી મેદાનમાં રહી ગયા છે.

અનુસંધાન પાના નં.૬

જેડીયુનો ૧૦૦ ઉમેદવારો ઉભા રાખવાનો નિર્ણય

અમદાવાદ

નીતિશકુમારના નેતૃત્વવાળી જનતાદળ(યુનાઈટેડ) પાર્ટી ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીમાં તેના ૧૦૦ ઉમેદવારો ઉભા રાખશે. આજરોજ જનતાદળ(યુ)ના જનરલ સેક્રેટરી અને ગુજરાતના પ્રભારી અખિલેશ કટિયાર ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેમણે જનતાદળ (યુ)ના ૨૫ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. જેમાં જનતાદળ સાથેનો છેડો ફાડી તાજેતરમાં ભારતીય ટ્રાઈબલ પાર્ટી નામનો નવો પક્ષ રચનાર છોટુ વસાવાના સ્થાને ઝઘડીયા બેઠક પરથી આ જ નામનો ઉમેદવાર છોટુ અભેસિંહ વસાવાને ઉભો રાખી પાર્ટીએ ભારે ચર્ચા જગાવી છે. જનતાદળ(યુ)ના જનરલ સેક્ટેરી અને ગુજરાતના પ્રભારી અખિલેશ કટિયારે જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં તેમની પાર્ટીના ચાર મંત્રીઓ, દસ સાંસદો સહિતના મહાનુભાવો તેમના ઉમેદવારોના પ્રચાર અર્થે ગુજરાત આવશે.

અનુસંધાન પાના નં.૬

૭૦ વર્ષ બાદ અમેઠીમાં કલેક્ટર ઓફિસ બની છે : અમીત શાહ

અમદાવાદ

ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતશાહ આજે સવારે અમદાવાદના દરિયાપુર વિધાનસભા મત વિસ્તારમાં ચાય કે સાથ ચર્ચાનો કાર્યક્રમ કર્યા બાદ બપોર બાદ ભરૂચ જિલ્લાના વાગરા વિધાનસભા મત વિસ્તારમાં પહોંચ્યા હતા જ્યાં તેમણે કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહાર કરતા કહ્યુ કે,રાહુલ ભાઈ તમે અમારો શુ હિસાબ માંગો છો તમારા પરિવારના લોકોએ વર્ષ-૧૯૫૨થી સતત અમેઠી ઉપર શાસન કર્યુ હોવા છતાં આઝાદીના ૭૦ વર્ષ બાદ સૌ પ્રથમ વખત અમેઠીમા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી દ્વારા કલેકટર કચેરીનો આરંભ કરાવવામા આવ્યો છે.મોદી સરકારનો જો તમે હિસાબ માગતા હોવ તો મોદી સરકારે ત્રણ વર્ષના શાસનમાં ગુજરાતને એક લાખ કરોડથી પણ વધુ રકમ વિકાસકામો માટે આપી છે.ભરૂચના વાગરા ખાતે એક વિશાળ જનસભાને સંબોધતા ભાજપ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે કહ્યુ કે,મોદી સરકારની સિધ્ધિઓ વિશે સવાલો કરવાવાળાઓએ એ જાણી લેવુ જોઈએ કે,વનબંધુ યોજના દ્વારા આદિવાસીઓનો વિકાસ થવાની સાથે તેમના જીવન સ્તર પણ ઉપર આવ્યા છે.મોદી સરકારે ગુજરાતને શુ આપ્યુ એવા કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી દ્વારા તેમના પ્રવાસ સમયે કરવામા આવેલા આક્ષેપોનો જવાબ આપતા તેમણે કહ્યુ કે,રાહુલને એ ખબર હોવી જોઈએ કે.યુપીએ સરકારે ૬૩,૩૪૩ કરોડની આર્થિક સહાય ગુજરાતને તેમના શાસન દરમિયાન કરી હતી

અનુસંધાન પાના નં.૬

તંત્રી સ્થાનેથી ...

ગરીબ રોટીને શોધે છે અને અમીર ભૂખને...!

લખનૌની મેડિકલ કોલેજ સુપ્રિમ કોર્ટના સકંજામાં

લખનૌની એક મેડિકલ કોલેજ આજકાલ ચર્ચાની એરણ પર છે.આ કોલેજે ૧૫૦ વિદ્યાર્થીઓને ગેરકાયદેસર પ્રવેશ આપ્યો હોવાનું બહાર આવતા મામલો છેક અદાલતમાં પહોંચ્યો હતો.

વર્તમાન સંજોગોમાં દેશમાં શૈક્ષણિક સંસ્થાઓમાં કોઈપણ જાતનો માનવીય અભિગમ રહ્યો નથી. ત્યારે લખનૌની એક મેડિકલ કોલેજે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને ગેરકાયદેસર પ્રવેશ આપ્યો હતો. જેથી સુપ્રિમ કોર્ટે આ કોલેજને આદેશ કર્યો છે કે દરેક વિદ્યાર્થીને ૧૦ લાખ વળતર પેટે ચુકવવા પડશે. ગેરકાયદેસર પ્રવેશને મંજુરી આપવા બદલ અલ્હાબાદ હાઈકોર્ટની બેન્ચની પણ સુપ્રિમ કોર્ટે ઝાટકણી કાઢી છે.

એક હકીકત છે કે કોઈપણ અટવાયેલો પ્રશ્ન અદાલતના આંગણે જાય ત્યારે જ તેનો નિકાલ આવે છે. આ બાબત તમામ દેશવાસીઓએ સમજવી જોઈએ. સુપ્રિમ કોર્ટે કોલેજને વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ ફી પેટે લીધેલી રકમ રિફંડ કરવા આદેશ કર્યો છે અને ૨૫ લાખનો દંડ પણ ફટકારેલ છે.

સુપ્રિમ કોર્ટની રજીસ્ટ્રીમાં સદર રકમ જમા કરાવવાની આગામી ૨૦૧૮/૧૯ વર્ષમાં પણ આ કોલેજને એક પણ વિદ્યાર્થીને એડમિશન આપવા પ્રતિબંધ મુકી દીધો છે. અલ્હાબાદ હાઈકોર્ટની બેન્ચે આ વિદ્યાર્થીઓને પ્રવેશની મંજુરી આપી બે બદલ તેનો ઉધડો લઈને ચીફ જસ્ટિસ દિપક મિશ્રા અને જસ્ટિસ એ.એમ.ખાન વિલકર તેમજ જસ્ટિસ ડી.વાય.ચંદ્રચૂડની બેન્ચે એવું કહ્યું હતું કે આ ન્યાયિક અશિસ્ત એન અયોગ્યતા દર્શાવી છે. જે ચલાવી લેવાય નહિં. મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ વિકાસસિંહ અને વકીલ ગૌરવ શર્માએ એવું કહ્યું હતું કે હાઈકોર્ટે મંજુરી આપી હતી. કોલેજ પાસે તો કેન્દ્ર તરફથી આવી કોઈ મંજુરી ન હતી. વળી કોલેજ પાસે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ક્લિનિકલ મટીરિયલ અને ફેકલ્ટી પણ પુરતા પ્રમાણમાં હતા જ નહિં, એટલું જ નહિં, હાઈકોર્ટે સુપ્રિમ કોર્ટના જ આ અંગેના વચગાળાના આદેશની પણ અવગણના કરી હતી. સુપ્રિમ કોર્ટે કહ્યું કે, હાઈકોર્ટની બેન્ચે એક પ્રકારે સુપ્રિમ કોર્ટના આદેશને ઘોળીને પી ગઈ છે અને તમામ નિયમોનો ભંગ કર્યો છે. જે ખુબ જ દુર્ભાગ્યપૂર્ણ બાબત કહી શકાય. જેને પરિણામે સંસ્થાગત સમસ્યા ઉભી થઈ શકે છે.

આશ્ચર્યની વાત તો એ છે કે કોલજે વતી હાજર રહેલા સિનિયર એડવોકેટ રાજીવ ધવને કહ્યું કે, હાઈકોર્ટના દોટા ચુકાદાની સજા કોલેજને ન મળવી જોઈએ. તેમ છતાં બેન્ચે એડવોકેટની દલીલ ફગાવી દીધી હતી. મેડિકલ કોલેજે ભૂલ કરી છે તે વાત સાબિત થઈ ચુકી છે.

તેથી કોલેજને બચાવવાનો પ્રયત્ન શા માટે કરવામાં આવતો હશે. વિદ્યાર્થીઓના ભાવિ સાથે ચેડાં કરવાનો કોઈપણ કોલેજના સંચાલક કે વહીવટકારને અધિકાર હોતો નથી. જો કે આ સમસ્યા અંગે કેન્દ્રના શિક્ષણ વિભાગે ધરમૂળથી તપાસ ચલાવવી જોઈએ. મેડિકલ કોલેજો પોતાની મનમાની ચલાવે તે બરાબર તો નથી જ.

સદર મામલો એવો છે કે લખનૌના પ્રસાદ એજ્યુકેશન ટ્રસ્ટની કોલેજની તરફેણમાં ચુકાદો આપવા બદલ સીબીઆઈએ તાજેતરમાં ઓરિસ્સા હાઈકોર્ટના નિવૃત્ત જજ આઈ.એમ.કુદુસીની ધરપકડ કરી હતી. કુદુસી અગાઉ અલ્હાબાદ હાઈકોર્ટમાં સેવા આપી ચુક્યા છે.

મેડિકલ કાઉન્સિલે આ કોલજને વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા પર પ્રતિબંધ મુક્યો હતો. તેની ઉપરવટ જવા માટે વચેટિયાઓની મદદથી કોલેજ અને જજ વચ્ચે સાંટગાંઠ થઈ ગઈ અને આ ચુકાદો કોલેજની તરફેણમાં આવ્યો. ત્યારે કુદુસીએ કોલેજના સ્થાપકોને એવું કહ્યું કે તે લીગલ ગાઈડન્સ આપશે અને સુપ્રિમ કોર્ટમાંથી પણ તેની તરફેણમાં ચુકાદો લાવી આપશે. મૂળ મામલો આ હતો.

વિદ્યા અને લક્ષ્મી

લક્ષ્મી હંમેશા સત્યને અનુસરનારી છે કિર્તી ત્યાગને બુદ્ધિ કર્માનુસાર અને વિદ્યા અભ્યાસને અનુસરનારી હોય છે.અત્યારના સંદર્ભમાં જોઈએ તો એવું લાગે છે કે અસત્ય બોલનાર અને અનીતિ કરનાર મનુષ્ય ખુબ જ ટુંકા સમયમાં ધનવાન બની જતા હોય છે ! પરંતુ એવા મનુષ્યો સાચા અર્થમાં સુખી હોતા નથી એ બધુ મારા'ચાર દિન કી ચાંદની ફિર અંધેરી રાત.. ના જેવું હોય છે. ખરેખર તો સત્યનું પાલન કરનાર મનુષ્ય જ સાચા અર્થમાં લક્ષ્મીને પ્રાપ્ત કરી શ્રીમંત અને સમૃદ્ધિવાન બનતો હોય છે મનુષ્ય જીવનમાં જેટલો મોટો ત્યાગ કરી શકે છે. તેટલા પ્રમાણમાં તે યશ અને કિર્તીને પામતો હોય છે. ચક્રવર્તી રાજા સિધ્ધાર્થ પોતાની રાજગાદીનો ત્યાગ કરી બુદ્ધિત્વને પામી અને કિર્તી અને યશને પ્રાપ્ત કર્યો છે. આવા તો અસંખ્ય ઉદાહરણો ઈતિહાસમાંથી મળે છે. આવા ત્યાગનો મહિમાં અનેરો છે. જે મનુષ્ય પોતાના અહંકારનો પણ ત્યાગ કરી શકે છે તે સાચા અર્થમાં બ્રહ્મમય બની શકે છે. જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રયત્ન અને અભ્યાસ ખુબ જ જરૂરી હોય છે. અભ્યાસ પ્રત્યેક વ્યક્તિને પૂર્ણતા સુધી લઈ જતો હોય છે. વિદ્યા અને જ્ઞાના પ્રાર્જના માટેની તો એ સૌથી પહેલી શરત છે. આથી વિદ્યાની પ્રાપ્તી માટે અવિરત અભ્યાસ જરૂરી છે. છેલ્લે આવી બુદ્ધિની વાત તે આપણાં કર્માનુસાર વિકાસ પામતી હોય છે. આપણા જેવા કર્મો હશે તે પ્રમાણોની વિવેક બુદ્ધિનો ઉદય થતો હોય છે. આ રીતે હંમેશા પ્રયત્નશીલ રહેનાર મનુષ્યના મન અને બુદ્ધિની સીમાઓ હંમેશા વિસ્તરતી રહે છે.

રાજેશ બારૈયા 'વનવાસી'
મુ.પો.બોરડા, જિલ્લો-ભાવનગર

આત્મચિંતન

પોતાનો આદર્શ રજૂ કરો

માહિતી આપવાની અને ગ્રહણ કરવાની જરૂરિયાત વાણી કલમ દ્વારા પૂરી કરવામાં આવે છે તર્ક અને પ્રમાણ રજૂ કરીને વિચાર બદલી શકાય છે, પરંતુ અંતઃ કરણમાં જામેલી આસ્થાઓ તથાલાંબા સમયની ટેવથી થતી પ્રવૃત્તિઓ બદલવા માટે સમજાવવા કરતાંય મોટો આધાર પોતાનું આદર્શ ઉદાહરણ રજૂ કરવાનો છે. બીજાઓને ખરાબ પ્રવૃત્તિઓ છોડાવવાનું સાહસ ત્યારે જ શક્ય બને છે કે જ્યારે તે માટે અનુકરણીય આદર્શ રજૂ કરવામાં આવે.

ગાયત્રી શક્તિપીઠ,ડીસા

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

ડોક્ટરે કહ્યું,"સુમનભાઈ ખુશ્બુનો રિપોર્ટ નોર્મલ છે, ચિંતા કરવાની જરૂર નથી." સુમન ભાવ વિભોર થઈ ગયો

સંવેદના

પ્રવીણ એમ. નાઈ

ખુશ્બુને જ્યારે અચાનક માથાના જમણા ભાગમાં દુ:ખાવો થતો ત્યારે તે બેભાન અવસ્થામાં મૂકાઈ જતી.. દર બે માસે જ્યારે જ્યારે તેને પીડા ઉપડે ત્યારે તેને કશુંયે ભાન ન રહેતું ખુશ્બુને પીડા ઉપડે ત્યારે તેનો પતિ પણ ચિતાંમાં મુકાઈ જતો. એને એમ થતું કે કદાચ, કોઈક મગજમાં તકલીફ હશે તો.. મગજમાં નસ તો દબાતી નહી હોય ને..! વળી ખુશ્બુના પતિએ જ્યારે મિત્ર પાસેથી એવું સાંભળેલું કે,"મારી પત્નીને જ્યારે જ્યારે માથાના જમણા ભાગમાં અતિશય દુખતું ત્યારે તેને ભાન ન રહેતું,દવા કરવામાં થોડીક ઢીલી નીતી રાખી ને મારી પત્નિ લકવાની ભોગ બની, માથાનો દુખાવો છ-સાત વર્ષથી હતો. કમનસીબ યોગ્ય સમયે દવા ન મળવાથી તેના શરીરનો જમણો ભાગ લૂલો થઈ ગયેલો.." આવી વાત ખુશ્બુનાપતિ સુમને સાંભળી ત્યારથી તો તે સતત વિચારમાં ગરકાવ થઈ ગયેલો.. અને સુમન જ્યારે જ્યારે ખુશ્બુને તો મારા મિત્રની પત્નિ જેવું તો નહિ થાય ને..!

પણ, આજે તો તેને પહેલ જ કરી લીધી શહેરના રૂમઝુમ દવાખાનામાં ડૉ.મનીષ પંચાલ પાસે ખુશ્બુને લઈને ગયો. ડૉક્ટર ખુબ જ માયાળું હતા એમને ખુશ્બુની તપાસ કરી.. અને સુમનને કહ્યું કે કંઈ ઘણી તકલીફ જેવું લાગતું નથી.. પણ, સુમન તને જો વહેમ હોય, સાચું નિદાન કરાવવું હોય તો સારા ડૉક્ટર પાસે જઈને એમ.આર.આઈ કરાવી દે. અહી મારા દવાખાનામાં એવી સગવડ નથી. એમ.આર.આઈ કરાવવાથી નિદાન સ્પષ્ટ અને સારૂ થશે. કયા કારણે વારંવાર માથું દુ:ખે છે એની જાણ પણ થઈ જશે.

સુમન તેની ખુશ્બુને લઈને શહેરના શ્રીજી ઈમેજીંગ સેન્ટરમાં એમ.આર.આઈ કરાવવા ગયો.અત્યંત આધુનિક મશીનની નીચે ખુશ્બુને એક કલાક સુધી રાખ્યા બાદ ડૉક્ટરે કહ્યું કે બહાર બેશો... રીપોર્ટ તૈયાર થાય એટલે આપીએ. ફરીથી દોઢ કલાક સુધી દવાખાનામાં મૂકેલા બાંકડા ઉપર બેસીને વાટ જોયા બાદ ડૉક્ટરે સુમનને કોમ્પ્યુટર રૂમમાં બોલાવ્યો અને રીપોર્ટ હાથમાં આપતાં શાન્તિથી કહ્યું "સુમનભાઈ ખુશ્બનો રીપોર્ટ નોર્મલ છે ચિંતા કરવાની કોઈ જરૂર નથી.. સહેજ ગરદનના ભાગમાં સોજો હોવાથી દવા અને થોડીક ફીઝીયા `થેરાપીસ્ટમાં જઈને કસરત કરાવીશું તો ખુશ્બુને એકદમ શાન્તી થઈ જશે.. આટલું ડૉક્ટરે કહ્યું ત્યાં તો ભાવવિભોર બની ગયો, એને ચિંતા પૈસાની થતી ન હોતી પણ ખુશ્બુને માથાના ભાગે કશું દુ:ખ ન આવ્યું તે બાબતે તે અતિ ખુશ હતો.

એમ.આર.આઈ. રીપોર્ટ લઈને તે ફરીથી રૂમઝુમ દવાખાનામાં મનીષ પંચાલ પાસે ગયો. મનીષ પંચાલે જેવો રીપોર્ટ હાથમાં પકડ્યો અને મુખ ઉપર ઝીણુ હાસ્ય રેલાઈ ગયું.. તેને સુમનને કહ્યું કે ભલે અત્યારે તારે એમ.આર.આઈ.નો ખર્ચ થયો પણ હવે બસ શાન્તી.. નાહકની ચિંતા હવે ના કરવાની મગજમાં કશું જ દુ:ખ નથી.. સહેજ ગરદનના પાછળના ભાગે મણકામાં સોજો હોવાથી.. હું દવા લખી આપું છું તે ખુશ્બુને આપજે અને સાંજના સમયે ફીઝીયોથેરાપીસ્ટમાં જઈને કસરત કરાવજે એટલે સંપૂર્ણ આરામ થઈ જશે.

ડૉ.મનીષ પંચાલ પાસેથી દવાનું કાગળ લઈને દવા લેવા માટે દવાની બારી ઉપર ગયો. ત્યારે તેની ખુશ્બુ પણ સાથે હતી. અહી એક એવી ઘટના બની કે. ખુશ્બુએ તેની સાથે લાવેલી પાકીટ ભુલથી બારી ઉપર મૂકીને દવાના પૈસા આપવા ગઈ ત્યારે તે ફરીથી પાકીટ લેવાની ભૂલી ગઈ અને દવા લઈને સુમન અને ખુશ્બુ ફિઝીયોપીસ્ટમાં સારવાર માટે જતા રહ્યા.

ફિઝીયોપીસ્ટમાં જે કુમુદબેન હતા તેઓએ ખુશ્બુને ખુબ જ સારો પ્રતિભાવ આપ્યો અને કહ્યું કે કેશ કઢાયો એ આપોને.. જેવી ખુશ્બુએ એના પાકીટમાંથી કેસ કાઢવા ગઈ.. પણ પાકીટ જ નહી. એને સુમનને કહ્યું કે મારી પાકીટ ક્યાંક પડી ગઈ છે.. સુમનને પહેલાં તો ચિંતા થવા લાગી પણ.. ખુશ્બુને હૈયાધારણ થાય તે માટે બોલ્યો કે.. ચિંતા ન કર.. તારી પાકીટમાં સાદા મોબાઈલ સિવાય બીજું કશું જ નહોતું.. મને ખબર છે. પણ, ખુશ્બુ ઉદાસ થઈ ગઈ.. સુમન તો આખા દવાખાનામાં જ્યાં જ્યાં તેઓ બેઠા હતા.. ત્યાં ગયો પણ પાકીટ મળ્યું નહી... સુમને તો એના મોબાઈલમાંથી રીંગ વગાડી પણ ખુશ્બુનો મોબાઈલ સ્વીચ ઓફ હોવાથી રીંગ વાગી નહી..

સુમને ફરીથી ખુશ્બુને કહ્યું કે ચિંતા કરીશ નહી.. અને આ બેન કહે તે મુજબ સારવાર કરાવ.કુમદબેને એમ.આર.આઈ રીપોર્ટ દેખ્યો ને કહ્યું,"ખુશ્બુ, ચિંતા, કરવાની કંઈ જરૂર નથી. સવાર-સાંજ દરરોજ અહી દશેક દિવસ આવજો એટલે રાહત થઈ જશે. ખુશ્બને અત્યંત આધુનિક મશીન વડે કિરણોથી દશેક મિનિટ સુધી ગરદનના જે ભાગમા દુખાવો થતો હતો ત્યાં શેક કરી આપ્યો.. અને થોડીક હળવી કસરત કરાવી.

પ્રવીણ એમ.નાઈ
રતનગઢ (તા.કાંકરેજ)

કેડિલા ફાર્માસ્યુટિકલ્સ દ્વારા આયોજિત ગીતા જીવન સંહિતાનો સાતમો અને છેલ્લો દિવસ

ફોટો : શાંતી શાહ

જ્ઞાન એ કેવળ માહિતીનો ભંડાર નથી, પરંતુ અનુભવનું ભાથું છે. ઉધારના શબ્દો એ જ્ઞાન નથી, પણ આપણી પોતાની આંખ છે. જ્ઞાનના અભાવમાં જીવન અધૂરું છે. શ્રીકૃષ્ણે બધા જ યજ્ઞોની સરખામણીએ જ્ઞાનયજ્ઞને સર્વશ્રેષ્ઠ કહ્યો છે. સંસારના સર્વ બંધન અજ્ઞાનના કારણે છે. જ્ઞાન એ પરમ મુક્તિ છે, સ્વયંમાં સ્થિર થવાની સિદ્ધિ છે એમ વિશ્વપ્રસિદ્ધ પ્રખર ધર્મોપદેશક પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ ખાતે કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ દ્વારા યોજાયેલ ગીતા જીવન સંહિતાના સાતમા અને અંતિમ દિવસે જણાવ્યું હતું.હોલમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત શ્રોતાઓને સંબોધતાં પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે કોઈ અનુભવી મહાપુરૂષ સન્મુખ પ્રણામ કરી, એમની સેવા કરી અને જીજ્ઞાસાને પ્રગટ કરવી. તત્વદર્શી મહાપુરૂષના આચરણમાંથી પ્રાપ્ત થયેલું જ્ઞાન મોહ, મૂર્છા, મૂંઝવણ, ભય અને ભ્રાંતિને નિર્મૂળ કરે છે. આત્મજ્ઞાન મનુષ્યની પાપગ્રંથિ અને લઘુતાગ્રંથિને છેદીને ભવસાગર પાર કરાવે છે. જ્ઞાનનો તણખો પડતાં જ જન્મજન્માંતરના પાપ તથા કર્મના બંધન ભસ્મીભૂત થાય છે તેથી શ્રીકૃષ્ણ જ્ઞાનને પરમ પવિત્ર ગણે છે. અંધ રૂઢવાદી કે દિશાહીન અનુકરણ કરનાર અને કરાવનારને આધ્યાત્મિકતા સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી હોતો. જ્ઞાનરૂપી તલવારથી અંતરમાં રહેલા અજ્ઞાનને ચીરી આપણી ભીતર રહેલો અર્જુન સંશયમુક્ત બની જીવનરૂપી મહાભારતના પડકારોનો સામનો કરવા તૈયાર થાય તો એને વિજય અપાવવા માટે શ્રીકૃષ્ણ હંમેશા તૈયાર છે. આ જ ગીતા સાર છે અને જ્ઞાનકર્મસન્યાસ યોગ છે. કેડિલા ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સ્થાપક ચેરમેન અને ભારતીય ફિલસૂફીમાં દ્રઢ વિશ્વાસ ધરાવનારા શ્રી ઈન્દ્રવદન મોદી અને શ્રીમતી શીલાબેન મોદીની પુણ્યતિથિ નિમિત્તે 'ગીતા-જીવન સંહિતા, અસ્તિત્વનો ઉત્સવ – શ્રીકૃષ્ણની સાથે'નું આયોજન કરવામાં આવ્યું હતું જેનો ૨૬ નવેમ્બર, ૨૦૧૭ના રોજ સાતમો અને અંતિમ દિવસ હતો. ગુજરાત યુનિવર્સિટી કન્વેન્શન હોલ, ૧૩૨ ફૂટ રિંગ રોડ, હેલ્મેટ ચાર રસ્તા પર સાંજે ૪.૦૦થી ૭.૦૦ વચ્ચે યોજાયેલા સાત દિવસના આ આધ્યાત્મિક ઉત્સવ દરમિયાન પૂજ્યશ્રી ભૂપેન્દ્રભાઈ પંડ્યા ગીતાના ચોથા અધ્યાય જ્ઞાનકર્મસંન્યાસ યોગનું ચિંતનાત્મક પ્રવચન કર્યું હતું. આ પ્રવચનમાં તેમણે જ્ઞાનપૂર્વક કર્મનો સંન્યાસ કરીને કર્મના દોષ અને બંધનથી છૂટવાના સિદ્ધાંતનું વર્ણન કર્યું હતું. કેડિલા ફાર્માસ્યુટિકલ્સ પરિવાર દ્વારા શ્રી ઈન્દ્રવદન મોદી અને શ્રીમતી શીલાબેન મોદીને અંજલિ આપવા માટેની આ એક ઉમદા સામાજિક પહેલ હતી.

નિ:શંક રીતે બેગર. નિ:શંક રીતે ભિન્ન નવી BMW K 1600 B ભારતમાં લોન્ચ કરાઈ

LÞq BMW K1600 B આજે અત્યંત પ્રતિષ્ઠિત મોટરસાઈકલની જુસ્સાદાર મહોત્સવ ઈન્ડિયા બાઈક વીકમાં લોન્ચ કરવામાં આવી હતી. આઝાદી અને સ્વતંત્રના સપનાં સમાન, નિરંતર હાઈવેના સ્વરૂપમાં મોટરસાઈકલિંગ સાર્થક કરતી બેગર.,"હાઈ- પરફોર્મન્સ, ઉચ્ચ ભાવનાત્મક અને વિશિષ્ટ મોટરસાઈકલ તરીકે નવી BMW K1600 B 'સ્પિરિટ ઓફ ધ ઓપન રોડ' સૂત્રને જીવંત કરે છે. ટુ વ્હીલ્સ પર મનોહરતા, પાવર અને લક્ઝરી સાથે પ્રતીકાત્મક અને દરેક માર્ગ, દરેક સફર અને દરેક અવસરને ખાસ રોમાંચક અનુભવમાં પરિવર્તિત કરે છે. તેના ઉત્તમ દેખાવની પાછળ ભરપૂર નાવીન્યપૂર્ણ ટેકનોલોજી અને ઉચ્ચ સ્તરનો કમ્ફર્ટ છે. સવારી, આરામ, સેફ્ટી અને ડિઝાઈન ક્વોલિટીમાં નવાં સીમાચિહનો સ્થાપિત કરતાં ન્યૂ BMW K1600 B ׳ ટુરિંગ સેગમેન્ટમાં લક્ઝરી અને એક્સક્લુઝિવિટીનો નવો દાખલો પાડે છે."અલ્ટિમેટ લક્ઝરી ટુરિંગ મોટરસાઈકલ તરીકે ન્યૂ BMW K1600 B ખુલ્લા રસ્તાઓ પર જુસ્સાનો પીછો કરતી હોય ત્યારે અનન્ય સવારીનો આરામ તેમ જ ભરપૂર સવારીનું સુખ આપતી ક્ષિતિજ સુધી પ્રસરેલા લાંબા હાઈવે પર આરામદાયક ક્રુઝિંગને સમર્પિત ખાસ ફીચર્સ સાથે ઉત્કૃષ્ટ ૬ - સિલિંડર પરફોર્મન્સને જોડે છે."

શ્રીહરિ ઈમિગ્રેશન એન્ડ ટ્રાવેલ્સ પ્રાઈવેટ લિમિટેડ 'આઈઈએલટીએસ પાર્ટનરશીપ પ્રોગ્રામ' માટે કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ સાથે જોડાણ કર્યું

ફોટો : શાંતી શાહ

અમદાવાદ

વિશ્વની અગ્રણી ઈએલટી પબ્લિશર કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ (સીપીયુ) એ આજે શ્રીહરિ ઈમિગ્રેશન એન્ડ ટ્રાવેલ્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે ભાગીદારી કરવાની જાહેરાત કરી છે, જેનાથી તેઓ ગુજરાતના આઈઈએલટીએસની તૈયારી કરતાં ઉમેદવારોને વિશ્વસ્તરીય તાલીમ પૂરી પાડવા માટે સજ્જ બનશે. શ્રીહરિ કેમ્બ્રિજના આઈઈએલટીએસ પાર્ટનરશીપ પ્રોગ્રામ સાથે જોડાયું છે અને પ્લેટિમન પાર્ટનર તરીકે ઓનબોર્ડ આવ્યું છે, જેના પરિણામે તેઓ કેમ્બ્રિજના ઓફિશિયલ આઈઈએલટીએસ પ્રિપેરેશન મટિરિયલનો ઉપયોગ કરશે તેમજ આઈઈએલટીએસ કોચિંગ માટે સીપીયુની મૂલ્યવર્ધિત સેવાઓ પ્રાપ્ત કરશે. આઈઈએલટીએસ ઈન્ટરનેશનલ ઈંગ્લિશ લેંગ્વેજ ટેસ્ટિંગ સિસ્ટમ છે, જે ઉચ્ચ શિક્ષણ અને ગ્લોબલ ઈમિગ્રેશન માટે વિશ્વભરમાં સૌથી પ્રચલિત અંગ્રેજી ભાષામાં નિપૂંણતાનો ટેસ્ટ છે. ઉચ્ચ અપેક્ષાઓ અને વ્યાપક આંતરરાષ્ટ્રીય એક્સપોઝરના સમયમાં ઘણાં વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવું આગામી પગલું બન્યું છે. આ પાર્ટનરશીપ પ્રોગ્રામથી વિદ્યાર્થીઓને આઈઈએલટીએસની પરિક્ષાની સારી રીતે તૈયારી કરવામાં મદદ મળી રહેશે. આ સમજૂતીની ભાગરૂપે કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ શ્રીહરિ ઈમિગ્રેશન એન્ડ ટ્રાવેલ્સ પ્રાઈવેટ લિમિટેડ ખાતે કાઉન્સિલર્સ અને આઈઈએલટીએસ ટ્રેનર્સ માટે ટ્રેનિંગ સેશન યોજશે અને ત્યારબાદ તેઓ આઈઈએલટીએસ ટ્રેનિંગ ક્લાસિસમાં વિદ્યાર્થીઓને ટ્રેનિંગ આપશે. હાલમાં શ્રીહરિ અમદાવાદ અને મહેસાણામાં બે સેન્ટર ધરાવે છે તથા આગામી મહિનાઓમાં વિસ્તરણની યોજના ધરાવે છે. "કેમ્બ્રિજ યુનિવર્સિટી પ્રેસ ખાતે અમે 'કોન્ફિડન્સ ઈન ટીચીંગ – જોય ઈન લર્નિંગ'માં વિશ્વાસ રાખીએ છીએ તથા શ્રેષ્ઠ લર્નિંગ અને રિસર્ચ સોલ્યુશન્સ સાથે લોકોની ક્ષમતાઓને બહાર લાવવાનું અમારું મીશન છે. દર વર્ષે વિદેશમાં અભ્યાસ કરવા માટે હજારો વિદ્યાર્થીઓ આઈઈએલટીએસ પરિક્ષા આપે છે. આથી ટ્રેનર્સને અધિકૃત અને અગ્રણી આઈઈએલટીએસ સ્ટડી મટિરિયલથી સજ્જ કરવા ખુબજ આવશ્યક છે, જેથી તેઓ સારા પરિણામ માટે માળખાગતઅભિગમ અપનાવી શકે. ગુજરાતમાં આઈઈએલટીએસ કોચિંગ માર્કેટ અપૂર્ણ છે અને અમારા પ્લેટિનમ પાર્ટનર્સને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સામગ્રી અને અન્ય સેવાઓથી સક્ષમ બનાવીને અમે ક્લાસરૂમમાં અભ્યાસનો શ્રેષ્ઠ અનુભવ પૂરો પાડવા માટે પ્રતિબદ્ધ છીએ.

આઈસમેક રેફ્રિજરેશનનો લિ.નો આઈપીઓ ૨૮ મીના રોજ ખુલશે

અમદાવાદ

આઈસમેક રેફ્રિજરેશન લિમિટેડ રેફ્રિજરેશન ઉપકરણોનું ઉત્પાદન કરતું એકમ છે. જે કુલિંગ સીસ્ટમ માટે કુલીંગ સોલ્યુશન અને તેના સાધનો પૂરી પાડવાની કામગીરી છે. તે કોઈલ મેન્યુફેકચરિંગ સુવિધા ઉભી કરવા, હાલની સુવિધાને અપગ્રેડ કરવા, વહીવટી કાર્યાલયના બાંધકામ માટે, બ્રાન્ડ બિલ્ડીંગ દ્વારા બ્રાન્ડનેમ પ્રસ્થાપિત કરવા ખર્ચને પહોંચી વળવા તથા વધતા જતી વર્કિંગ કેપીટલની જરૂરિયાતને પહોંચી વળવા મૂડી વધારવા એસએમઈ આઈપીઓ લાવી રહ્યું છે. કંપની દ્વારા કરવામાં આવતા પ્રોડકટસનો ઉપયોગ ડેરી, આઈસ્ક્રીમ, ફૂડ પ્રોસેસીંગ, એગ્રીકલ્ચર, ફાર્માસ્યુટીકલ, કોલ્ડ ચેઈન, લોજીસ્ટીકસ, હોસ્પિટલીટી અને રીટેઈલ વિગેરે જેવી કંપનીઓમાં થાય છે. કંપનીની મુખ્ય ચાર ધંધાકીય શ્રેણી છે. જેમાં કોલ્ડ રૂપમ, કમર્શિયલ રેફ્રિજરેશન, ઈન્ડસ્ટ્રીયલ રેફ્રિજરેશન અને ટ્રાન્સપોર્ટેશન રેફ્રિજરેશનનો સમાવેશ થાય છે. નાણાંકીય વર્ષ - ૨૦૧૭ માટેનું રીસ્ટેટેડ સ્ટેન્ડ એલોન નાણાંકીય માહિતી અનુસાર જેનો હિસ્સો કંપનીના રેવન્યૂમાં અનુક્રમે ૬૩.૪૧ ટકા, ૧૪.૪૧ ટકા, ૧૩.૪૯ ટકા અને ૫.૭૫ ટકા છે.

કંપની સર્વ ચંન્દ્રકાન્ત પી.પટેલ રાજેન્દ્ર પી.પટેલ અને વિપુલ આઈ.પટેલ દ્વારા પ્રમોટ કરવામાં આવી છે. ચંન્દ્રાકાન્ત પી.પટેલ કંપનીના ચેરમેન અને મેનેજીંગ ડાયરેકટર છે અને તોએ બિજનેસ સ્ટ્રેટેજી, રીસર્ચ અને ડેવલોપમેન્ટ અને એન્ટરપ્રાઈઝ ઓપરેશન ડીવીઝનના વડા છે. રાજેન્દ્ર પી.પટેલ સંયુક્ત મેનેજીંગ ડીરેકટર છે અને તેઓ કંપનીમાં કોલ્ડ રૂમ સ્ટોરેજ, રેફ્રિજરેટર કન્ટેનબર્સ અને કવોલીટી કન્ટ્રોલ ડિવિઝન સંભાળે છે. વિપુલ આઈ. પટેલ સંયુક્ત મેનેજીંગ ડીરેકટર છે અને તેઓ કંપનીમાં પરચેઝ, એકાઉન્ટીંગ અને આઈ.ટી.ડીપાર્ટમેન્ટ જુએ છે.આઈસમેક રેફ્રિજજરેશન લિમીટેડ પોતાના બ્રાન્ડેમ આઈસીઈ મેક ના નામે ધંધો કરે છે. સાથે સાથે પોતાની સંપુર્ણ માલિકીની સહયોગ કંપની ભારત રફ્રિજરેશન પ્રા.લિ. દ્વારા ભારત અને ટારન્સ ફ્રીજ બ્રાન્ડ નામથી પણ ઉત્પાદન કરે છે.

ગુજરાતમાં મુક્ત અને ન્યાયી ચુંટણી માટે ચુંટણી પંચે હવે ઈવીએમ અને વીવીપીએટી ઉપર ખાસ ધ્યાન આપવું રહ્યું.

ચુંટણીના પડઘમ વાગી ચુક્યા છે અને ઉમેદવારોની યાદી બહાર પડવા માંડી છે ત્યારે, ચુંટણીના સંચાલનની વર્તમાન પરિસ્થિતીને જોતા મુક્ત તથા ન્યાયી ચુંટણી યોજાય તે સુનિશ્ચિત કરવા ચુંટણી પંચને સાથ આપવાની જવાબદારી નાગરીક સમાજની વિશેષ થઈ પડે છે. ખુબ જ લાંબા સંઘર્ષ પછી ઈવીએમ અને વીવીપીએટીનો સંયુક્ત અમલ શક્ય બનવા જઈ રહ્યો છે ત્યારે એમ લાગી રહ્યું છે કે, આ પધ્ધતિનો અમલ કરવાની સંપૂર્ણ જવાબદારી ચુંટણી પંચ પર રહે તે અતિ સ્વાભાવિક છે. ભલે ચુંટણી પંચ સ્વિકારતું હોય કે, વીવીપીએટી અને ઈવીએમના પરીણામો વચ્ચે મત મથકની નિર્ધારીત કરેલ ટકાવારીના સંદર્ભમાં ફરજીયાત પણે તાળો મળવો અનિવાર્ય છે. પણ તેમ થશે ખરું ? એમ લાગી રહ્યું છે કે ટેકનોલોજીનો ઉપયોગ કરીને બંન્નેના પરીણામો વચ્ચે ૧૦૦ટકા તાળો મળવો જરૂરી છે. આ બંન્નેના અમલ વખતે મતદાનની ગોપનીયતા બાબતે કોઈ જ સમાધાન ન થવું જોઈએ.

પરંતુ ગુજરાતમાં સમાચાર પત્રો દ્વારા જાણવા મળે છે કે, ૧૦-૧૫ ટકા બંન્ને મશીનો હજુ પણ ખામીયુક્ત હોવાની વિગતો બહાર આવી છે. બેટરી સહીતની બાબતોનું બારીકાઈથી નિરીક્ષણ કરવાની જવાબદારી ચુંટણી પંચના નિરીક્ષકોની છે સાથોસાથ ઉમેદવારોની પણ છે. ખામી યુક્ત મશીનો અંગે ફરીયાદ કરતા એમ જાણવા મળ્યું છે કે, થોડીક ક્ષતી વાળા હોય તો તમારે ચલાવી લેવા પડશે. ખરેખર તો, આગામી ૧૫ દિવસમાં ક્ષતી યુક્ત મશીનોની ઘનિષ્ઠ તપાસ કરવાની સંપૂર્ણ જવાબદારી ચુંટણી પંચની છે. હજુ તો ૯ અને ૧૪ ડિસેમ્બરને લાંબો સમય બાકી છે ત્યારે આશા રાખીએ કે, ચુંટણી અધિકારીઓ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિક્તાથી બજાવે. નવેમ્બરના પહેલા અઠવાડીયામાં ચુંટણી પંચના એન્જીનીયરોએ બંન્ને મશીનોની ચકાસણી કરી ત્યારે ૧૧,૭૦૨ જેટલા મશીનો ખોટકાયેલા અને બિન-ઉપયોગી હોવાનું માલુમ પડ્યું હતું. રાજ્યમાં ૭૫,૦૦૦ જેટલા બેલેટ યુનિટ આવ્યા છે તે પૈકી ૨,૯૦૭ જેટલાં કંટ્રોલ યુનિટ અને ૫,૨૪૫ જેટલાં અન્ય યુનિટ બગડેલા નિકળ્યા છે. સમગ્ર રીતે જોતાં ૧૧,૭૦૨ જેટલાં મશીનો ચુંટણી પંચે પોતે જ પરત કરી દીધાં છે. જામનગર અને સુરેન્દ્રનગર જીલ્લાઓમાં આ મશીનો ખામી યુક્ત હતાં. એટલે એમ કહી શકાય કે, ૧૧,૨૦૭ બીયુ,સીયુ,વીપીપીએટી ક્ષતિગ્રસ્ત જણાયા હતા. આનું ટોટલ કુલ ૫ ટકાથી પણ વધુ નજરે ચડયું છે. આતો હજુ શરૂઆતની જ વાત છે, ત્યારે આવી પરિસ્થિતી ઉદ્દભવી છે. આગળ ઉપર તો આમાં કેટલીય ઘાલમેલ થશે તે તો ઈશ્વર જાણે. રાજ્યમાં મુક્ત અને ન્યાયી ચુંટણી યોજવા માટે ચુંટણી પંચ સુસજ્જ છે તેની ખાતરી મતદારોને ત્યારે ખબર પડે કે, તંત્ર સાચી દીશામાં કામ કરતું નજરે ચડે. પ્રજા સ્પષ્ટ પણે માને છે કે, દુનિયાના ઘણા બધા દેશોએ ઈવીએમના સ્થાને પેપર બેલેટની પ્રણાલીને અખત્યાર કરી છે. આમાં જર્મની, આયર્લેન્ડ અને નેધર્લેન્ડ જેવા દેશોનો સમાવેશ થાય છે. અમેરિકામાં પણ ઘણા રાજ્યોમાં પેપર બેલેટ પ્રથાનો ઉપયોગ થાય છે. તેથી કરીને તે વાતમાં કોઈ જ શંકા નથી કે, લોકશાહીમાં ચુંટણીઓ યોજવા માટે પેપર બેલેટ પ્રણાલી એજ સૌથી સલામત અને આદર્શ માર્ગ છે. જ્યારે ઈવીએમ અને વીવીપીએટી મશીન પુરતાં કારગત સ્થિતિમાં ન હોય ત્યાં બેલેટ પેપર વડે ચુંટણીનો વિકલ્પ હોવો જોઈએ. અત્યારે તો એમ લાગી રહ્યું છે કે, પ્રજાના મનમાં હાલની આ પધ્ધતિ પર જરા પણ વિશ્વાસ રહ્યો નથી. તેથી બેક ટુ બેલેટ એજ શ્રેષ્ઠ પધ્ધતિ કરીને આગામી ગુજરાતની ચુંટણી કરવી જોઈએ.

લેખક : - ગૌતમ ઠાકર (હિં.સ.)

સમસ્ત પાટીદારની એકતાનું ધામ

સરદારધામ વિશ્વ પાટીદાર કેન્દ્ર, અમદાવાદ આયોજીત ઐતિહાસિક ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ

સરદારધામ વિશ્વ પાટીદાર કેન્દ્ર દ્વારા તા. ૫-૬-૭ જાન્યુઆરી ૨૦૧૮ દરમ્યાન ઐતિહાસિક ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે.સમિટમાં કન્વેન્શન, એક્ઝિબિશન, બિઝનેસ સેમિનાર, ׳૨׳ મીટીંગ્સની વ્યવસ્થા કરવામાં આવશે.સમાજના નાના, મધ્યમ તથા મોટા ઉદ્યોગોના આંતરિક તેમજ વૈશ્વિક જોડાણને સમર્થન આપવું, સમાજમાં નવાં ઉદ્યોગપતિઓ તૈયાર કરવા અને તેમને ઉપયોગી થવું તેમજ સમાજના શિક્ષિત યુવાનોને તાલીમબદ્ધ કરી તેમને સન્માન સાથે રોજગારી અપાવવી એ આ સમિટના મુખ્ય ઉદ્દેશો છે.આ સમિટ માટે પૂર્વ આયોજન કાર્યક્રમ નં. ૩૧-શ્રી મુક્તજીવન સ્વામીનારાયણ ઓડિટોરીયમ, સ્વામીનારાયણ કમ્પાઉન્ડ, સ્ટેશન રોડ મણીનગર, અમદાવાદખાતેઆજે યોજવામાં આવ્યો. જેમાં અમદાવાદના૧૦૦૦થી વધુ અગ્રણી ઉદ્યોગપતિ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.સમાજે ઘણા ધાર્મિક અને સામાજિક આયોજનો હાથ ધર્યા છે પરંતુ સમાજના આર્થિક ઉત્થાન સમા એક કદમ સમૃદ્ધિ કી ઓર જેવો આ કાર્યક્રમ દેશ અને ગુજરાતમાં ઐતિહાસિક બની રહેશે. સરદારધામ વતી તેમણે તમામ પાટીદાર ભાઈઓ-બહેનોને આ સમિટમાં સહભાગી થવા આમંત્રણ આપ્યું હતું. ત્યારબાદ આયોજકો દ્વારા માહિતીસભર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું ઉલ્લેખનીય છે કે, સરદારધામ દ્વારા યોજાનાર આ સમિટમાં ૩ લાખથી વધારે મુલાકાતીઓ તથા ૩૨ દેશોમાંથી ૧૦,૦૦૦ જેટલા બિઝનેસ ડેલીગેટ્સના આગમન માટે તૈયારી કરવામાં આવી રહી છે.સમિટ દરમ્યાન આયોજીત એક્ઝિબિશનમાં વિવિધ ઉદ્યોગોનું પ્રતિનિધિત્વ કરતા ૫૦૦થી વધુ એક્ઝિબિશન સ્ટોલ્સ રાખવામાં આવેલ છે. વધુમાં કન્વેન્શન દરમ્યાન આર્થિક વિકાસના મુદ્દાઓપર ખ્યાતનામ વક્તાઓ દ્વારા અમૂલ્ય માર્ગદર્શન આપવામાં આવશે. ઉપરાંત, કન્વેન્શનમાં ભાગ લેનાર ડેલીગેટને કોર્પોરેટ જગત સાથે ચર્ચા-વિચારણા કરવાની અમૂલ્ય તક મળી રહેશે.

સંજીવની
દર્દ, દવા અને ડૉક્ટરના ક્ષેત્રનો
વિપુલ વાંચન આપે છે...
આપની તંદુરસ્તીની માર્ગદર્શન...

સવારે ઉઠીને તરત સ્મોકિંગ કરવાથી કેન્સરનું જોખમ વધે : અભ્યાસ

સિગારેટ પીવા માત્રથી કેન્સરનુ જોખમ વધે છે. જોકે તમે એ કયા સમયે પીઓ છો એ પણ તમારા સ્વાસ્થ્યને કેટલી અસર કરશેએ નક્કી કરે છે. અમેરિકાના રિસર્ચરોએ લગભગ ૮૫૦૦ સ્મોકર્સનો અભ્યાસ કરીને તારવ્યું છે કે જે લોકો સવારે ઊઠીને પહેલું કામ સ્મોકિંગ કરવાનું કરતા હોય તેમને કેન્સર થવાનું રિસ્ક ૭૯ ટકા વધુ હોય છે. ઊઠ્યા પછી તરત મૂડમાં આવવા માટે સિગારેટ સળગાવનારા લોકો દિવસ દરમ્યાન પણ વધુ માત્રામાં સિગારેટ પીએ છે. ઊઠીને પહેલી ૩૦ મિનિટમાં જ સ્મોકિંગ કરતા લોકોમાં ફેફસાનું કેન્સર થવાનું જોખમ બમણું હોય છે. અમેરિકાની પેન્સિલ્વેનિયા સ્ટેટ કોલેજ ઓફ મેડિસિનના સાયન્ટિસ્ટોનું કહેવું છે કે ઊંઘમાંથી ઊઠીને એક કલાકમાં જ સ્મોકિંગ કરનારાઓ ભલે દિવસમાં ઓછી સિગારેટ પીએ, પણ તેમનાં ફેફસાંને વધુ ડેમેજ સવારના સમયમાં જ થઈ ચૂકયું હોય છે.

આંખની વ્યાધિની દવાઓ

હોમીયોપેથીક એક સરળઉપાર

ડૉ. જગદીશ ધોળકીયા

જીજ્ઞાસુ મિત્રો,

ઈશ્વરે જે સૃષ્ટીની રચના કરી છે તેમાં દરેક સજીવોને એ સૃષ્ટીને જોવા તેમજ માણવા માટે દ્રષ્ટિ આપેલ છે. દરેક સજીવ પોતાની આંખ દ્વારા કુદરતને જોઈ શકે છે. કોઈપણ વસ્તુનો આકાર રંગ,કોઈપણ વસ્તુની રચના વિગેરેને આંખો દ્વારા પારખી શકે છે,માટે નેત્ર કે આંખ એ દરેક સજીવો માટે ઉપયોગી અંગ છે.

નાનપણથી કુદરતી રીતે કે સંજોગોવશાત આંખોની ભિન્ન ભિન્ન બિમારી થાય ત્યારે અનેક તકલીફો થાય છે. જેમણે ઝાંખુ દેખાય, અડધું દેખાય, કાળાં ધાબાં દેખાય કે સંપૂર્ણ દેખવાનું બંધ થાય.

આંખોના અનેક રોગો થતા હોય છે પણ ટુંકામાં કહીએ તો આંખોમાં ઈન્ફેકશન થાય, કન્જેકટી વાઈટીસ થાય, આંખોમાં સોજો આવે, આંખોમાં અલ્સર થાય, ગ્લોકોમા થાય, કેટરેકટ (મોતીયો) થાય, પરિણામે આંખો લાલ થવી, બળતરા થવી, સોજો આવવો, દુ:ખાવો થાય, દ્રષ્ટી ઝાંખી થવી,દુર અથવા નજીકનું જોવામાં તકલીફ થવી વિગેરે લક્ષણો થાય છે.

આપણે ભિન્ન લક્ષણો પ્રમાણે હોમિયોપેથીક દવાઓ વિશે માહિતી મેળવીશું.

આંખની વ્યાધિની દવાઓ :

૧.બ્લુરવિઝન: ઝાંખુ દેખાવું જે લોકોને ઝાંખુ દેખાય તો લક્ષણ પ્રમાણે જેલ્સેમીયમલેક કેનાઈનમ રૂટા વિગેરે દવાઓ ઉપયોગમાં આવે છે.

૨. દુરની વસ્તુ ઝાંખી દેખાય ત્યારે લક્ષણ પ્રમાણે હોમિયોપેથીક દવાઓ એલીડોનિયમ અથવા રૂટા દવા આપવામાં આવે છે.

૩. કોઈપણ પત્ર, કીતાબ, પેપર વિગેરે વાંચતા શબ્દો ઝાંખા દેખાય અથવા વાંચી શકાય નહીં ત્યારે આર્જેન્ટમ નાઈટ્રીકમ, બેલાડોના દવા આપવામાં આવે છે.

૪. જ્યારે લખતી વખતે ઝાંખુ દેખાય, પોતાના હાથે લખેલું વંચાય નહીં અથવા ઝાંખુ દેખાય ત્યારે કલ્કેરીયા ફલોર દવા આપવામાં આવે છે.

૫. આંખ સારી દેખાતી વસ્તુ ડબલ દેખાય ત્યારે ઓરમમેટાલીકમ હાયોસાઈમસ વિગેરે દવાઓ આપવામાં આવે છે.

આંખ માટે ખુબ જ ઉપયોગી દવા વિશે થોડી માહિતી મેળવીશું.

૧. યુફ્રેશિયા: સૂર્યપ્રકાશથી તેમજ વધુ પડતી રોશનીથી આંખોની તકલીફ થાય ત્યારે આ દવા આપવામાં આવે છે. વધુ પડતી હવાથી આંખોની તકલીફ થાય, વધુ પડતી ગરમીથી પણ આંખ બગડે ત્યારે આ દવા આપવામાં આવે છે.

આંખોમાં ખુબ જ પાણી આવે ગરમ પાણી આવે, ફોટોફોબીયા થાય, તેની આ ખાસ દવા છે.આંખોમાં દુ:ખાવો થાય, કન્જકટીવાઈટીસની આ ખાસ દવા છે. આંખોમાં સોજો આવે આંખો લાલ થાય ત્યારે આ દવા ઉપયોગી બને છે.

૨.આર્જેન્ટમ નાઈટ્રીક : આંખોની આગળ બધું જ ઝાંખુ દેખાય, ફોટોફોબીયાની આ ખાસ દવા છે. આંખોમાં સોજા આવે અને લાલ થઈ જાય, એકધારી નજરે જોઈ શકાય નહીં, ગરમ રૂમ કે ગરમ હવાથી તકલીફ વધી જાય, આંખો બંધ કરવાથી આરામ લાગે તે આ દવાનું ખાસ લક્ષણ છે. સીલીસરી મસલ્સનો લકવો પડે ત્યારે આ દવા ઉપયોગી બને છે.

૩. જેલ્સેમીયમ : આંખોના પોપચાં ભારે થાય, સામેની વ્યક્તિ કે વસ્તુડબલ દેખાય, ઝાંખુ દેખાય, આ દવાનું ખાસ લક્ષણ એ છે કે એક આંખન પ્યુપીલ સંકોચાયેલી હોય ત્યારે એક પહોળી થઈ જાય, ઓરબીટલ ન્યુરેલ્જીયાની આ ખાસ દવા છે. .અનુસંધાન પાના નં.૬ ઉપર

માઉથવોશનો વધારે વપરાશ કરવાથી ડાયાબિટીઝનું જોખમ વધે

આરોગ્ય સંહીતા

અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના સંશોધનકારોના અભ્યાસ મુજબ નિયમિત રીતે માઉથવોશનો વપરાશ કરવાના લોકો પર ડાયાબિટીઝનું જોખમ તોળાતું હોય છે. મોઢાની દુર્ગંધ મટાડવા માટે માઉથવોશ વડે કોગળા કરવાથી અંદરના બેકટેરિયાની સાથે કેટલાક અન્ય સૂક્ષ્ય જીવો સ્થૂળતા અને ડાયાબિટીઝ સામે રક્ષણ આપનારા હોવાથી એવી વ્યાધિઓનાં જોખમો વધે છે.

સર્વેક્ષણમાં આવરી લેવામાં આવેલા દિવસમાં બે વખત માઉથવોશ વાપરનારા લોકોમાંથી પંચાવન ટકા લોકોને ત્રણ વર્ષમાં ડાયાબિટીઝ થવાનું કે બ્લડ-શુગરના લેવલમાં ખતરનાક વૃદ્ધિનું જોખમ રહે છે. ૪૦ થી ૬૫ વર્ષ સુધીની ઉંમરના વધારે વજન ધરાવતા તથા અતિ સ્થૂળ ૧૨૦૬ લોકોના સર્વેક્ષણમાં એ લોકોને ડાયાબિટીઝ થવાનું જોખમ જણાવ્યું હતું. અભ્યાસના સમયગાળામાં ૧૭ ટકા લોકોને ડાયાબિટીઝ લાગુ થઈ ચૂકયો હતો અથવા તેઓ ડાયાબિટીઝની આગોતરી સ્થિતિમાં હતા. જોકે દિવસમાં એક વખત માઉથવોશ વાપરતા લોકોમાં વીસ ટકા લોકોને અને સવાર-સાંજ બે વખત માઉથવોશ વાપરતા લોકોમાં ૩૦ ટકાને ડાયાબિટીઝનું જોખમ નોંધાયુ હતું.શરીરની સ્થિતિ-મેટાબોલિઝમ જાળવવા, એનર્જીના બેલેન્સિંગમાં તથા બ્લડ-શુગરનું લેવલ જાળવવાની બાબતમાં નાઈટ્રિક ઓકસાઈડની મહત્વની ભૂમિકા હોય છે. શરીરમાં નાઈટ્રિક ઓકસાઈડ પેદા કરતા સૂક્ષ્મ જીવાણુઓને માઉથવોશ ખતમ કરતું હોવાથી ડાયાબિટીઝનું જોખમ વધતું હોવાનું સંશોધનમાં નોંધવામાં આવ્યું હતું.

ઠંડીમાં વજન વધારો

આયુર્વેદનું અમૃત

વૈદ્ય મહેશ અખાણી

૩૪ વર્ષની ઉંમરને ૩૫ કી,ગ્રા. વજન હોય તેવી કોઈપણ બિમારી વિનાની પત્નીની સાથે જવામાં કેટલાક ને શરમ આવે તેથી એકલા જ વૈદ્ય પાસે આવીને પૂછે.. સાહેબ, વજન વધારવું હોય તો શું કરવું? અને માતા તેવી દીકરી ૧૧ વર્ષ ની દીકરી નું વજન પણ ૩૦ કી.ગ્રા. ... ત્યારે તેમને જે સલાહ આપી તે તમે પણ વાંચો....

વજન ઘટવાના કારણો......

દર્દ નથી તેવું ભલે લાગે, પરંતુ જેવી રીતે કારણ વિના કાર્ય ની ઉત્પતિ થતી નથી. તેવી રીતે દર્દ વિના વજન ઘટવાનું બને જ નહિ. જે કારણો આપણને જલ્દી દેખાતા ના હોય જે અમને વૈદ્યોને દેખાય... જેમકે...

૧) જીર્ણ તાવ. જેમાં ઉતરોતર રસ, લોહી, માંસ એમ સાતેય ધાતુઓ ઘટવા માંડે એટલે શરીર વળે નહિ બલકે ક્ષય થતાં વાર ના લાગે.

૨) "સંયમનો અભાવ" પણ વજન ઘટવાનું મુખ્ય કારણ છે. સંયમથી જ શક્તિનો સંચય થાય છે.

૩) માનસિક કારણો.. ચિંતા, ઉજાગરો, ક્રોધ, મનની અશાંતિ, મિથ્યા અભિમાન, આવતીકાલે શું થશેની ચિંતા, ઊંઘ ના આવવી, વિચારો વધુ આવવા.. આ બધા કારણોથી પણ શરીર વળતું નથી ને વજન વધતું નથી.

૪) વ્યાયામનો અભાવ હોય ને ખોરાક વધુ હોય તો પાચન નબળું પડે ને અપચો, મરડો, હાઈ બી.પી, પ્રમેહ, પથરી થાય ને શરીર કમજોર બને.. તેવી રીતે આખો દિવસ દોડાદોડી ની મહેનત કરે કે પરિશ્રમ વધુ કરે પણ ખોરાક ઓછો લ્યે તો ધાતુ હોય તે પણ બળી જાય ને ક્ષય થાય.

૫) પોષક આહારનો અભાવ.. પહેલા મજૂર ને જ પોષક આહાર મળતો ન હતો, હવે તો પોષક આહાર એટલે.. સાચું.. દેશી ગાય નું દૂધ, ગાયનું સાચું ઘી, ચોખ્ખું તલનું તેલ જલ્દી જોવા પણ મળતું નથી ત્યાં સામાન્ય માનવી ને સારો ખોરાક ના મળે તો શરીર ક્યાંથી નીરોગી, મજબુત બને. બધે જ ભેળસેળનો અને કેમિકલનો જમાનો આવી ગયો છે.. છતાં સાવ નિરાશ થવા જેવું નથી હવે સરકાર, સમાજ સેવી સંસ્થા, ધર્મ ને ભક્તિ ની સમજ, બીજો તે બીજો નથી પણ તે મારો ભાઈ છે તેવી પવિત્ર ભાવનાના કારણે ખેડૂતો હવે ધીરે ધીરે જૈવિક ખેતી તરફ વળતા જાયછે.

૬) ચરક સંહિતા ના આ સિદ્ધાંત ને આજની યુવાન શહેરી યુવતીઓએ ઉલટો અર્થ જાણે કર્યો છે અને શરીર વધી જશે એ બીક માં ને બીક માં વધુને વધુ કૃશ, દુબળા થતા રહેછે. તથા ધર્મના કેટલાક લોકોએ ઉલટા અર્થ જાણે કર્યા હોય તેમ વધુ ઉપવાસને શરીરને વધુ તકલીફ આપવાથી જલ્દી ભગવાન મળેછે.

જયારે શ્રીમદ ભગવતગીતામાં ભગવાન કહે છે કે, " જે શરીરરૂપથી સ્થિત ભૂત સમુદાયને અને અંત:કરણ માં સ્થિત મુજ અંતર્યામીને પણ કૃષ કરવાવાળા છે તે અજ્ઞાનીઓને તું આસુરી સ્વભાવવાળા જાણ" .... અધ્યાય ૧૭, શ્લોક ૬.

વજન વધારવા માટે: આળસનો ત્યાગ કરી, વહેલા ઉઠી, આખા શરીરે તેલનું માલીશ કરી, શરીરની અર્ધી શક્તિ વપરાય ત્યાં સુધી વ્યાયામ- એકાદ કલાક કરવો જોઈએ.

ભૂખ હોય તેથી ઓછો બલપ્રદ આહાર કે ઔષધ જેમકે- રાત્રે કાચા ચણા પલાળી, સવારે ગરમ કરીને ખાવા, આમળાંનું જીવન ૧૦ થી ૨૦ ગ્રામ લેવું. ખજુરને ઘીમાં તળીને ખાવી, અશ્વગંધા અવલેહ વૈદ્યને પૂછીને લેવો, અશ્વગંધાને દૂધને દૂધથી બમણા પાણી સાથે ઉકાળી, પાણી બાળી દ્યો એટલે તૈયાર થયો ક્ષીરપાક પીવાથી વજન વધેછે. નિષ્ણાત વૈદ્ય પાસે બૃહણ બસ્તિ લેવાથી પણ વજન વધે છે.

વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.
કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર) મો.૯૪૨૬૩૯૯૧૨૫

સજગતાથી ઉલેચો મનને કરો ખાલી તો ઉતરશે પરમાત્માને પરમાનંદ...!

માનસ

ડૉ. પ્રવીણ પટેલ

ગતાંકથી ચાલુ

એક વાર એક રાજાએ પોતાના રાજકુમારને ભણાવવા માટે એક ગુરૂને પસંદ કર્યા. રાજાએ તેને ધાર્મિક શિક્ષણ આપવા માટે વિનંતી કરી. મહાત્માએ રાજાને કહ્યું, રાજન્ ! ધર્મ જાણવો સહેલો નથી એ માટે પ્રથમ શરીર અને મનને કેળવવાં જોઈએ. મન અને શરીર તેના માટે લાયક બને પછી જ તમે સાચું ધાર્મિક જીવન જીવી શકો છો. રાજકુમારને હું ધાર્મિક શિક્ષણ આપવા સંમત છું પરંતુ એક શરત છે અને તે એ છે કે, તેનાં તન મન ઘડતી વખતે તેને હું ઉગ્ર તાલીમ આપીશ અને તે દરમ્યાન તે કાચો નીકળશે તો તેનાં પ્રાણ જવાની પણ સંભાવના રહેશે.

મહાત્માની વાત સાંભળી રાજા વિચારમાં પડી ગયો. તે પોતાના એકના એક પુત્રને આ રીતે જાનના જોખમમાં નાખવા માગતો ન હતો પરંતુ રાજકુમાર શાણો હતો. તેણે ધર્મનું રહસ્ય જાણવા માટે જીવને જોખમમાં મુકવા તૈયારી બતાવી. રાજાએ અંતે સંમતિ આપી. રાજકુમારને મહાત્મા પાસે આશ્રમમાં છોડી ગયો.

બીજા દિવસે મહાત્માએ રાજકુમારને અભય પદ ધારણ કરવાની દીક્ષા આપી અને ત્યારબાદ પોતાની વિદ્યા આપવાની શરૂઆત કરી. પહેલા દિવસે ગુરૂએ રાજકુમારને લાકડાની તલવાર બતાવી અને કહ્યું કે, 'રાજકુમાર ! તમારે અહીં બીજું કંઈ નથી કરવાનું.. માત્ર આશ્રમમાં ચાલતી અન્ય પ્રવૃત્તિઓ કરવાની છે પરંતુ એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે આ મારી લાકડાની તલવાર વડે, કોઈપણ સમયે તમે કોઈપણ કામ કરતા હશો હું તમારા ઉપર ઘા કરીશ.' પછી ગુરુએ રાજકુમારને એક ઢાલ આપતાં કહ્યું : તમારે કોઈપણ કામ કરવા દરમ્યાન ખુબ જ સજાગ રહેવાનું છે. કેમ કે આ તલવાર તમારા ઉપર ગમે તે સમયે ત્રાટકી શકે છે અને તેનાથી બચવા તમારે આ ઢાલનો ઉપયોગ કરવાનો છે..' રાજકુમાર સંમત થઈ ગયો.

હવે તે આશ્રમમાં કામ કરવા લાગ્યો. ગુરૂ જેવા અચાનક તલવાર લઈને તેના ઉપર વાર કરવા જતા તો અનુસંધાન પાના નં.૬ ઉપર

શિયાળાની ઋતુમાં ધ્યાનમાં રાખવા જેવી બાબતો

સાઈકોથેરાપીસ્ટ

મોજાં

શિયાળાની ઠંડીમાં રક્ષણ માટે હાથ મોજાંનો ઉપયોગ મોટા પ્રમાણમાં કરવામાં આવતો હોય છે. હાથ અને પગના મોજામાં પણ વિવિધ પ્રકારની વેરાયટી જોવા મળી રહે છે. જેમ કે ઠંડીમાં પગની સંભાળ અગત્યની બની જાય છે. ગરમ પગ મોજાંમાં પણ વિવિધતા જોવા મળે છે. ઘરમાં પહેરવાના પગ મોજાં અલગ તથા બહાર પહેરીને જવા માટેના મોજાં અલગ જોવા મળે છે. ઘરમાં પહેરીને ફરી શકાય તેવા મોજાંને ફક્ત લેસ વગરના બૂટ પહેરતા હોય તે રીતે પહેરીને ફરવાનું હોય છે. નીચેના ભાગમાં તેમાં રબ્બરના સોલ લગાવેલા હોય છે. રંગબેરંગી વેરાયટી મોજાંમાં પણ ઉપલબ્ધ છે. સ્ટોકિંગ્સથી લઈને શોર્ટ એંક્લ સુધીના મોજાં પહેરી શકાય છે. હાથના મોજામાં પણ વિવિધ આકર્ષક રંગો મળી રહે છે.

સ્કાર્ફ અને ટોપી

ઠંડીમાં માથાનું રક્ષણ યોગ્ય રીતે કરવામાં ન આવે તો માથામાં ઠંડી ભરાઈ જતી હોય છે. લાંબે ગાળે માથામાં દુ:ખાવો કે શરદી-ઉધરસ થવાનો ભય રહે છે. વેસ્ટર્ન ડ્રેસની સાથે ગરમના સ્કાર્ફ પહેરી શકાય છે. સ્કાર્ફમાં પણ વિવિધ વેરાયટી મળી રહે છે. જેમ કે સિલ્કના, ગરમના , ઊનના, ખાદી-સિલ્કના માથાને ઢાંકી દે તેવી ટોપી સાથેના સ્કાર્ફ અને રંગબેરંગી વિવિધ આકારની ટોપી પણ બજારમાં મળી રહે છે. જેનો ઉપયોગ લૂકને સ્ટાઈલિશ બનાવવાની સાથે મોસમના પ્રકોપથી બચવા માટે પણ કરવામાં આવે છે. શિયાળામાં સ્કાર્ફ કે ગરમ ટોપીને આપ પહેરી પણ શકો છો. વળી મનફાવે ત્યારે કાઢી પણ શકો છો. રંગબેરંગી સ્કાર્ફ તમારા લૂકને અલગ અંદાજ પણ બક્ષે છે. કાળા રંગના કોટની સાથે રંગબેરંગી મિક્સ પેટર્ન ધરાવતો સ્કાર્ફ કે ગરમ ટોપી પહેરવાથી તમારા લૂકને ચાર ચાંદ લગાવી દે છે.

શાલ

ઠંડીમાં શાલ પહેરવાથી શરીરને હૂંફ મળવાની સાથે દેખાવને આકર્ષક બનાવવા ફેશનેબલ શાલનો ઉપયોગ સ્ત્રીઓ દ્વારા બહોળા પ્રમાણમાં કરવામાં આવતો હોય છે. શાલની સાથે સ્ટોલનો ઉપયોગ પણ લૂકને આકર્ષક બનાવવા કરવામાં આવતો હોય છે. બજારમાં ઉનના, સિલ્કના તથા કોટનના સ્ટોલ આસાનીથી મળી રહેતા હોય છે. મિક્સ-મેચ કરીને તેને પહેરવાથી એક સાથે બે કામ થઈ શકે છે. લગ્નગાળો શરૂ થઈ ગયો છે સાથે સાથે ઠંડીની મોસમ પણ થોડાં દિવસોમાં જોર પકડશે. રિસેપ્શન જો ખુલ્લી જગ્યામાં રાખવામાં આવ્યું હોય તો નવવધૂને ઠંડીમાં કલાકો સ્ટેજ ઉપર ઊભા રહીને થરથરવું પડે છે. બજારમાં ખાસ નવવધૂ માટે લગ્નના દિવસે પહેરી શકાય તેવી શાલ મળતી થઈ છે.

સ્વેટર અને કોટ

સ્વેટર અને કોટમાં પણ વિવિધ વેરાયટી સરળતાથી મળી રહે છે. હાઈનેક, મલ્ટી શેડ, કોલર ડિઝાઈન, પિંક બ્યુટી, અંગરખા સ્ટાઈલ, કફતાન સ્ટાઈલમાં તથા રંગમાં બજારમાં સરળતાથી મળી રહે છે. ઠંડીથી રક્ષણ મળી રહે તે પ્રકારના ગરમ કોટની સાથે લાંબો કોટ, ફરવાળો કોટ, હાફ લેન્થ, મિડિયમ ફિટવાળા, ડેનિમ તથા કોર્ડરોય સ્ટાઈલને પણ અપનાવી શકો છો. બાંયમાં પણ આપ વિવિધતા પસંદ કરી શકો છો. જેમ કે લોટસ સ્લીવ, હાફ સ્લીવ, હાઈ કોલર, ટર્ટલ નેક, રાઉન્ડ નેક, વી નેકને પણ પસંદ કરી શકાય છે. રંગની પસંદગીમાં પણ સામાન્ય રંગને બદલે જરા હટકે રંગોની પસંદ પણ કરી શકો છો. જાંબુડી, લાલ, મરુન, ગુલાબી, ઓરેંજ, પીળો કે સફેદ રંગને પસંદ કરી શકાય છે. ગરમ કપડાંની સાથે શિયાળાને અનુરૂપ મળતી વિવિધ એક્સેસરીઝમાં ફલોરોસન્ટ રંગનો પણ ઉપયોગ મોટા પ્રમાણમાં થતો જોવા મળે છે.

(જી.એન.એસ)

શિયાળામાં તબિયત કેવી રીતે સાચવશો ?

મન બિલોરી કાચ

શરદી, તાવ, ઉધરસ વગેરે સમસ્યાઓ ઠંડીમાં વધારે થાય છે. જે લોકો આ બાબતનું ધ્યાન રાખતા નથી તેમને અનેક બીમારીઓ પોતાની લપેટમાં લઈ શકે છે શિયાળાની ઠંડીને કારણે આપણને અનેક બીમારીઓ થતી હોય છે. અનેક બિમારીઓ આપણી આજુબાજુ ફરતી હોય છે. આવા સમયે તમે પોતાની જાતને કેવી સુરિક્ષત રાખશો તે વિશેની જાણકારી મેળવીએ. શરદી, તાવ, ઉધરસ વગેરે સમસ્યાઓ ઠંડીમાં વધારે થાય છે. જે લોકો યોગ્ય સમયે આ બાબતનું ધ્યાન રાખતા નથી અને પોતાની જાતને ઠંડીથી બચાવતા નથી તેમને અનેક બીમારીઓ પોતાના લપેટમાં લઈ શકે છે. શિયાળામાં ત્વચા વધારે સૂકી બની જતી હોવાથી શરીર પર તેલ કે અન્ય ક્રીમથી માલિશ કરવી જોઈએ. શિયાળામાં દરેક અંગની માલિશ કરવામાં આવે તો શરીર સ્વસ્થ બની શકે છે.

શરદી-તાવ શરદી-તાવને સામાન્ય કોલ્ડ પણ કહેવામાં આવે છે જે તાપમાનમાં થતાં પરિવર્તનને કારણે થાય છે. જે લોકોની રોગપ્રતિકારક ક્ષમતા ઓછી હોય છે તેમને આ બીમારી જલદી લાગુ પડે છે. સંક્રમણવાળી આ બીમારીથી બચવા માટે સાફ-સફાઈનો ખ્યાલ રાખવો જરૂરી છે. હાથ સાબુથી ધોવા જોઈએ જેના કારણે સંક્રમણથી બચી શકાય. આ વાયરલ ઈન્ફેક્શન છે તેથી તેમા એન્ટિબાયોટિકની જરૂર હોતી નથી. તે પાંચ થી છ દિવસમાં જાતે મટી જાય છે. તેમાં એન્ટી એલર્જી દવા આપવામાં આવે છે જેનાથી દર્દીને આરામ મળે છે. શેક, મીઠાના કોગળા કરવાથી લાભ થાય છે. તેમાં ગરમ પદાર્થોનું વધારે સેવન કરવું જોઈએ. તરત જ ગરમીમાંથી ઠંડા વાતાવરણમાં અને ઠંડામાંથી ગરમ વાતાવરણમાં જવું ના જોઈએ. તેનાથી વાઈરસના સંક્રમણમાં આવી જવાય છે. હાઈપોથમિયા ઠંડીમાં શરીરનું તાપમાન ૩૪-૩૫થી નીચે ચાલ્યુ જાય તો તેને હાઈપોથમિયા કહેવામાં આવે છે. તેમાં હાથ-પગ ઠંડા થઈ જાય છે. શ્વાસ લેવામાં તકલીફ પડે છે. હૃદયના ધબકારા વધી જાય છે. લો બ્લડપ્રેશર થાય છે. શરીરનું તાપમાન ઓછું થઈ જાય ત્યારે મૃત્યુ થઈ જાય છે. ટોન્સિલાઈટિસ બાળકોમાં થતી આ સમસ્યા ટોન્સિલના સંક્રમણથી થાય છે. ગળામાં વધારે દુ:ખાવો થાય છે. જમ્યા પછી પચવામાં તકલીફ પડે છે. વધારે તાવ પણ આવી શકે છે. તે બેક્ટેરિયા અને વાઈરસ સંક્રમણથી થઈ શકે છે. તેનાથી બચવા માટે ઠંડા પદાર્થોનું સેવન ના કરવું જોઈએ. ગરમ ભોજન અને ગરમ પાણીનો ઉપયોગ કરો. અસ્થમા આ એક એલર્જિક બીમારી છે. જે લોકોને આ બીમારી થાય છે તેમને ઠંડીમાં બીમારી વધી જાય છે. ઠંડીમાં ઝાકળ વધી જાય છે. એલર્જીના તત્વો ઝાકળના કારણે આસપાસ રહે છે. હવામાં ઉડતા રહે છે. આ તત્વોથી અસ્થમાના રોગીઓને વધારે તકલીફ થાય છે. તેથી આ ઠંડીની ઋતુમાં આવા અસ્થમા દર્દીઓએ ધૂળ અને માટીથી દૂર રહેવું જોઈએ. દવા ચાલુ હોય તો તેને નિયમિત રીતે ખાવી જોઈએ. તમારે કોઈપણ દવા ગળવાની ભૂલવી ના જોઈએ કારણ કે તેનાથી તમને એલર્જેટ

ગુસ્સો કરવાથી સ્વાસ્થ્ય સારું રહે છે

આરોગ્ય

એક અભ્યાસ મુજબ જો તમે કોઈ બાબતે ગુસ્સો આવતો હોય અને તેને કંટ્રોલ કરી લો તો ભલે તમને એવું લાગતું હોય કે ગુસ્સાને કંટ્રોલ કરી તમે બહુ સારુ કર્યું છે પરંતુ હકીકતમાં આરોગ્ય સાથે ચેડા છે. કેમ કે ગુસ્સો કંટ્રોલ તો કરી લો છો પરંતુ તમે અંદરોઅંદર ઉકળ્યા કરો છો. જેના કારણે તમારુ સ્ટ્રેસ લેવલ વધી જાય છે. આ અંગે કેટલાક લોકો પર અભ્યાસ કરવામાં આવ્યો હતો.

આ અભ્યાસમાં જાણવા મળ્યું કે જે લોકોએ વાદવિવાદથી બચવ માટે મૌન રહેવાનું પસંદ કર્યું હતું તેમનામાં સ્ટ્રેસ હોર્મોન કોર્ટિજોલના સ્તરમાં અસામાન્ય ઉતાર-ચઢાવ જોવા મળ્યો હતો. જયારે જે લોકોએ ગુસ્સો પ્રગટ કર્યો અને પરિસ્થિતિનો સામનો કર્યો તેઓ વધુ રિલેકસ અને ખુશ હતા. મિશિનગર યુનિવર્સિટીમાં થયેલ આ રિસર્ચના ડો. કીરા બર્ડીટે કહ્યું કે, 'તમે રોજીંદા જીવનમાં જે રીતે પ્રોબ્લેમ્સ હેન્ડલ કરો છો તેનાથી તમારી હેલ્થ પર સીધી અસર પડે છે.' જો કોઈને સાથે મતભેદ થાય અને વિવાદથી બચવા માટે તમે ગુસ્સા પર કાબૂ મેળવી લો છો તો તે નુકસાનકર્તા છે. ગુસ્સો વ્યકત કરવાથી સેન્સ ઓફ કંટ્રોલ એ ઓપ્ટિમિઝમનો ભાવ આવે છે.

જયારે સહનશીલ વ્યકિતઓમાં આવો ભાવ નથી હોતા. વિવાદોથી બચવા માટે કેટલાક લોકો તેને નજરઅંદાજ કરે છે

અનુસંધાન પાના નં.૬ ઉપર

હોમીયોપેથીક

અનુસંધાન ૫ નુ ચાલુ...

જે લોકોને વારંવાર આંખ ફરકતી હોય તેને આ દવા ઉપયોગી બને છે. જેને આંખોના પડદા ખસી જાય તેને આ દવા ખુબ જ ઉપયોગી બને છે.

નેટ્રમમ્યુર : જે બાળકોને નાનપણથી કે જે બાળકો નિશાળમાં જાય તેની આંખો એટલી કમજોર હોય, બોર્ડ ઉપર શબ્દો લખેલા હોય તે વાંચી શકે નહીં, આંખો આગળ તણખા ઝરતા હોય તેવું લાગે, આંખોની આજુબાજુ ઝણઝણાટી દેખાય, આંખોમાં બળતરા થાય, આંખોમાંથી પાણી નીકળે, આંખોમાં બળતરા થાય વિગેરે લક્ષણોમાં આ દવા આપવામાં આવે છે.

રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

ડૉ. જગદીશ ધોળકિયા
ડૉ.આલાપ ધોળકિયા ડીસા

માનસ..

અનુસંધાન ૫ નુ ચાલુ...

તે સજગ ચેલો તે લાકડાની તલવારને ઢાલ પર ઝીલી લેતો. શરૂઆતમાં જો કે કયારેક કયારેક સજગ ન હોય, બેધ્યાન હોય તેવા ટાણે તેને તલવારના ઘા ખાવા પડયા હતા. પરંતુ ત્રણ માસના અંતે તે પુરો ટ્રેઈન થઈ ગયો હતો. હવે હતો તેટલો તે સજગ બની ગયો હતો. એક દિવસ ગુરૂએ કહ્યું, શાબાશ !બેટા તેં મારી તાલીમના પ્રથમ ત્રણ માસ સફળતાપુર્વક પુરા કરી દીધા છે..

હવે તારી તાલીમનો બીજો તબક્કો ચાલુ થાય છે અને હવે હું લાકડાની તલવાર લઈને દિવસે જ માત્ર નહીં પરંતુ રાત્રે પણ ગમે ત્યારે બરાબર વાર કરવા આવીશ. તારે સજગ રહેવાનું છે..!

રાજકુમાર થોડીવાર પુરતો ગભરાઈ ગયો. ‘દિવસે તો જાગ્રત અવસ્થામાં સજાગ રહેવું સહેલું હતું પરંતુ રાત્રે ઉંઘ્યા હોઈએ ત્યારે ? રાજકુમાર મનોમન વિચારી રહ્યો હતો. તેણે સામનો કરવાનો નિશ્ચય કરી લીધો. સમયાંતરે બીકમાં અને બીકમાં રાજકુમાર તૈયાર થઈ ગયો. શરૂઆતમાં રાત્રે તે બિલકુલ ઉંઘતો નહીં અને સજગ પણ રહેતો અને ગુરૂની તલવારથી બચતો રહેતો પરંતુ થોડીક રાતો આ રીતે પસાર કર્યા પછીતે થાકી ગયો. હવે ઉંઘવું જરૂરી હતું તેથી તેણે એવું કર્યું કે તે થોડા સમય પુરતો ઉંઘી જતો. છતાં તે ઉંઘમાં પણ સતત સાબદો રહેવા પ્રયત્ન કરતો પરંતુ આમ કરવામાં તે કેટલીક વાર સફળ થતો, તો કેટલીક વાર નિષ્ફળ જતો ત્યારે તેને ગુરૂની તલવારનો વાર ખમવો પડતો. જ્યારે મોટા ભાગે તે જાગી જતો અને પોતાની ઢાલ ઉપર તલવારનો વાર ઝીલી લેતો. આ રીતે સમય વીતાવા લાગ્યો. આખરે તે એવો કેળવાઈ ગયો કે પછી દિવસે અને રાત્રે પણ જાણે જાગૃત હોય તેમ તલવારને એક પણ ઘા તેની ઉપર ન થવા દેતો.

ડૉ. પ્રવિણ પટેલ

આરોગ્ય

અનુસંધાન ૫ નુ ચાલુ...

જે આદત ધીમે ધીમે તેમને નબળા બનાવી દે છે. જેની અસર ફિઝિકલી પણ જોવા મળે છે. જોકે વિવાદ કરવાનો મતલબ એવો નથી કે તમે બૂમબરાડા પાડીને સામેના વ્યકિતને ચૂપ કરી ધો અથવા તમારી જ વાત સાચી છે તેવું પુરવાર કરો.

વાદ-વિવાદ વખતે હંમેશા આ બાબતનું ધ્યાન રાખવું. વિવવાદ કોઈપણ બાબતે કોઈની પણ સાથે કેમ ન હોય તેમાં પોતાની સામેના પાત્ર પર આક્રમક બનવું અને પોતે સુપીરિયર હોવાનું દર્શાવવું સંબંધો પર અવળી અસર પાડી શકે છે. નિષ્ણાંતો કહે છે કે વિવાદ કરો પરંતુ તેમાં બદલાની ભાવના દેખાવી ન જોઈએ.

મન બિલોરી કાચ

અનુસંધાન ૫ નુ ચાલુ...

એટેક આવી શકે છે. બેલ્સ પાલ્સી તેને ફેસિયલ પેરાલિસિસ કહેવામાં આવે છે. તે ઠંડીમાં સામાન્ય બની જાય છે. તેમાં મોં એકબાજુ થઈ જાય છે. આંખો ખરાબ થઈ જાય છે. કાનની પાસે સેવેન્થ ક્રેનિયલનસ હોય છે તે ઠંડીને કારણે સંકોચાય છે. તેના કારણે આ બીમારી થાય છે. દર્દી સ્પષ્ટ ઉચ્ચાર બોલી શકતો નથી. આંખમાંથી સતત પાણી નીકળે છે. લાંબા સમય સુધી ઠંડીમાં રહેવાનું થાય ત્યારે આ કાનની નસને નુકસાન થાય છે. ખાસ કરીને ડ્રાઈવિંગ કરતાં, રાત્રિના સમયે કાનને ઢાંક્યા વિના બહાર જતાં વ્યક્તિઓને આ બીમારી થાય છે. કાનને સુરિક્ષત રાખવા માટે હંમેશા મફલરનો ઉપયોગ કરો. કાનને ઢાંકીને રાખવાથી તેમાં ઠંડી હવા જતી નથી. કારમાં મુસાફરી કરતી વખતે કાચ બંધ રાખવા જોઈએ.

ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

હેપ્પી બર્થ-ડે માલીસા

પિતાઃગેમરભાઈ દેસાઈ
માતાઃમમતાબેન દેસાઈ
જન્મ તાઃ ૨૭-૧૧-૨૦૧૬
ઉ.વ. ૧
ગામઃ ભલગામ તા.કાંકરેજ
જી.બ.કાં.

જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચયઃ ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

તુલસીવાળા દૂધનું સેવન

૧. તનાવ ઓછો કરે : તુલસીવાળું દૂધ પીવાથી નર્વસ સિસ્ટમ રિલેક્સ થઈ જાય છે, તેથી તનાવ ઓછો થઈ જાય છે અને મન સારું રહે છે. જો કોઈ ડિપ્રેશન કે ચિંતાથી ગ્રસ્ત છે તો આ બેયનું સેવન જરૂર કરવું જોઈએ.

૨. ફ્લૂ : જો તમને ફ્લૂ થઈ ગયું હોય તો તુલસીવાળું દૂધ તમને લાભ આપે છે અને જલ્દી સાજા થવાની શક્તિ આપે છે.

૩. હૃદયનાં સ્વાસ્થયને સારું કરે : હૃદયની તંદુરસ્તીનું ધ્યાન રાખવું દરેક વ્યક્તિ માટે ખૂબ જરૂરી છે. તેમજ જે લોકોને હૃદયનો કોઈ રોગ થયો હોય કે પરિવારમાં કોઈ વડીલને થયો હોય અને એનાં વારસાગત લક્ષણો આવવાની શક્યતા હોય, તો એવા લોકોએ રોજ સવારે ખાલી પેટ તુલસીવાળા દૂધનું સેવન કરવું જોઈએ. આનાથી હૃદય તંદુરસ્ત રહે છે.

૪. કિડની સ્ટોન : જો કોઈને કિડનીમાં સ્ટોન થવાની શરૂઆત થઈ છે તો તુલસીવાળા દૂધનું સેવન કરવું જોઈએ, આનાથી કિડની સ્ટોન ધીમે-ધીમે દૂર ઔથઈ શકે છે.

૫. કેન્સર થવાથી બચાવે : તુલસીમાં ઘણા એન્ટિબાયોટિક ગુણ હોય છે સાથે એમાં એન્ટિઓક્સિડન્ટ તત્ત્વો પણ હોય છે અને દૂધમાં પણ ઘણાં પોષક તત્ત્વ હોય છે. તેથી રોજ તુલસીવાળું દૂધ પીવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધવાથી કેન્સર જેવા રોગ સામે રક્ષણ મળે છે.

અચાનક ચાલવાની ઝડપ ધીમી થવી એ ગંભીર બાબત : અભ્યાસ

પ્રૌઢાવસ્થામાં ચાલવાની ગતિ જુવાની કરતા થોડીક ધીમી પડે એ સ્વાભાવિક છે, પરંતુ અચાનક જ ચાલ ધીમી પડી જાય તો એ ઠીક નથી. ઝડપથી ચાલવાનો પ્રયત્ન કરવાથી હાંફ ચડી જતી હોય તો એ ક્રોનિક હાર્ટ-ડિસીઝનું લક્ષણ હોય શકે છે. પગના દુ:ખાવાને કારણે નહી પણ હાંફ ચડવાથી કે થાકી જવાતુ હોવાથી ધીમે ધીમે અને નાના ડગલા માંડતા વયસ્કોમાં હાર્ટ-ડિસીઝ ડેવલપ થવાની સંભાવના ખૂબ વધુ હોય છે. એજિંગ એટલે કે વૃદ્ધત્વના લક્ષણોમાં સંતુલન, સ્નાયુઓની સ્ટ્રેન્ગ્થ અને ફ્લેકિસબિલિટી અને શરીર બળ ઘટે છે. સ્વીડનની કેરોલિન્સ્કા યુનિવર્સિટીની અભ્યાસકર્તાઓએ ૬૦ વર્ષ કે એથી વધુ વયના પાર્ટિસિપન્ટસ પર પ્રયોગ કર્યો હતો અને તેમની ચાલવાની ગતિ તથા ખુરશી પર ચડીને સંતુલન જાળવવાની ક્ષમતા તપાસી હતી.

પ્રયોગની શરૂઆતમાં કોઈને હાર્ટ-ડિસીઝ નહોતો અને ચાલવાની ગતિ પણ નોર્મલ હતી. પ્રયોગ દરમ્યાન દર છ મહિને તેમની ચાલવાની ગતિ નોંધવામા આવી હતી એટલું જ નહીં, હાર્ટ-ડિસીઝનું જોખમ બતાવતી લોહીની તપાસ પણ કરવામાં આવી હતી. અભ્યાસમાં નોંધાયુ હતુ કે જે વૃદ્ધોમાં ચાલવાની ગતિમાં ઝડપી ઘટાડો થતો હતો તેમની લોહીની ટેસ્ટમાં પણ હાર્ટ-ડિસીઝની શકયતા જતાવતુ પ્રોટીન વધુ માત્રામાં હતું.

ટ્રેન-બસનું હોર્ન જોરથી વાગે ત્યારે કાનને પ્રોટેક્ટ કરી લેવા જોઈએ : અભ્યાસ

સતત ઘોંઘાટિયા વાતાવરણમાં રહેવાથી શ્રવણશકિત પર તો માઠી અસર થાય જ છે, પરંતુ એનાથી મૂડમાં પણ ઉતાર-ચડાવ આવે છે. કેનેડાના રિસર્ચરોનું કહેવું છે કે ટ્રાવેલ દરમ્યાન ઓછા ઘોંઘાટનો સામનો કરવો પડતો હોય તો ટ્રાવેલનું સ્ટ્રેસ ઓછું ફીલ થાય છે. ટ્રેન કે બસનું હોર્ન જોરથી નજીકમાં જ વાગે ત્યારે કાનને પ્રોટેકટ કરી લેવા જોઈએ. ઊંચી તીવ્રતાવાળો અવાજ અચાનક કાનમાં જવાથી હિયરિંગ લોસ થવાની સંભાવગના છે એવું અમેરિકન સંશોધકોના અભ્યાસનાં નોંધાયું છે. તાજેતરમાં કેનેડાના સંશોધકોએ નોંધ્યું છે કે ટ્રેન અને બસના હોર્નનો ડાયરેકટ પોં-પોં અવાજ કાનમાં વારંવાર જતો હોય તો એનાથી લાંબા ગાળે ડિપ્રેશન અને એન્ઝાયટી જેવા મૂડ ડિસઓર્ડર થાય છે.ઊંચા ડેસિમલ અવાજથી કાનના પડદાને નુકશાન થઈને શ્રવણશકિત જોખમાય છે એ વાત પુરવાર થઈ ચૂકી છે, પરંતુ ડિપ્રેશનની શકયતા પહેલી વાર જતાવવામાં આવી છે.

બેડરુમની બારી ખૂલ્લી રાખીને સૂવાથી સવારે ઉઠીને ફ્રેશ અનુભવ થાય છે : સર્વે

જો તમને રાતે સૂવામાં તકલીફ થતી હોય અથવા તો આખી રાત ઉંઘીને સવારે ઉઠયા પછી ઉંઘરેટાપણું ફીલ થતું હોય તો બેડરૂમમાં એક ચેન્જ કરી જુઓ. જયાંથી સ્વચ્છ હવાની અવર જવર થતી હોય એવી બારી અથવા તો બારણું ખુલ્લું રાખો. બંધ રૂમમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધી જાય છે જેને કારણે ઉંઘ દરમ્યાન મગજને પુરતો ઓકિસજન નથી મળતો. એને કારણે તો ગહેરી ઉંઘ નથી આવતી અથવા તો ઉંઘ્યા પછીની ફ્રેશનેસ ફીલ નથી થતી. નેધરલેન્ડસના અભ્યાસકર્તાઓનું માનવું છે કે અપુરતા વેન્ટિલેશનને કારણે ઉંઘ પર અસર પડેછે અને ઉંઘની અસર મગજની તાજગી પર પડેછે. અભ્યાસ દરમ્યાન ૧૭ હેલ્ધી વ્યકિતઓને પાંચ-પાંચ દિવસ માટે અલગ-અલગ પરિસ્થિતિઓમાં સુવાનું કહેવામાં આવ્યું એક પ્રયોગમાં બારી કે બારણા ખુલ્લા રાખવામાં આવ્યા હતા. બીજા પ્રયોગમાં રૂમનું ટેમ્પરેચર મોનિટર કરવામાં આવ્યું, પરંતુ બહારની હવાની અવરજવર બંધ કરી દીધી.

રોજ સવારે તેમની રૂમમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ નોંધવામાં આવ્યું હતું. બંધિયાર અને વેન્ટિલેશન ન હોય એવી રૂમમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધુ હતું, જયારે બારી કે બારણું ખુલ્લુ હોય એવી રૂમમાં કાર્બન ડાયોકસાઈડ ઓછો હતો. અભ્યાસમાં નોંધાયું હતું કે બારણું ખુલ્લુ હોય એવી જગ્યાએ સૌથી ઓછો કાર્બન ડાયોકસાઈડ હતો. સંશોધકોનું કહેવું છે કે જો બહાર વધુ ઘોંઘાટ ન હોય તો બારી કે બારણું ખુલ્લુ રાખવું એ ગહેરી નીંદર માટેનો મંત્ર બની શકે છે.

હવાના પ્રદૂષણથી એ,બી,એબી બ્લડગ્રુપ ધરાવતા લોકોમાં હાર્ટ-એટેકનું પ્રમાણ વધુ

આમ જોવા જઈએ તો હવાનું પ્રદુષણ પૃથ્વી પરના દરેક જીવ માટે જોખમી છે. જોકે એનાથી તમને હાર્ટ-અટેકનું જોખમ કેટલું છે એ તમારા બ્લડ-ગ્રુપ પરથી નકકી થાય છે. અમેરિકાના યુટાહમાં આવેલી ઈન્ટરમાઉન્ટન હાર્ટ ઈન્સ્ટિટયુટના નિષ્ણાંતોનું કહેવું છે કે જેમનું બ્લડ-ગ્રુપ છે તેમને નોન-ગ્રુપ ધરાવતા લોકો કરતા હવાના પ્રદુષણથી ઓછી તકલીફ થાય છે

. જયારે હવામાં પચીસ માઈક્રોગ્રામ પર કયુબિ મીટર કે એથી વધુ પ્રદુષણ હોય ત્યારે જેમનું બ્લડ-ગ્રુપ ' સિવાયનું છે તેમના હાર્ટને વધુ નુકસાન થઈ શકે છે.' બ્લડ-ગ્રુપ ધરાવતા લોકોને જિનેટિકલી હાર્ટ-ડિસીઝ થવાની સંભાવના ઓછી હોય છે. બ્લડ-ગ્રુપ અને હાર્ટના સ્વાસ્થ્ય સાથે સંકળાયેલા જનીન કોમન હોય છે અને છ,મ, અને છમ બ્લડ-ગ્રુપ ધરાવતા લોકોમાં જિનેટિક કારણોસર કોરોનરી આર્ટરી ડિસીઝ એટલે કે હૃદયમાં લોહી લાવવા-લઈ જવાનું કામ કરતી મુખ્ય રકતવાહિનીઓમાં ક્રોનિક ડેમેજ થવાને કારણે થતી સમસ્યાનું પ્રમાણ વધુ હોય છે. જયારે પ્રદુષણ ચરમસીમાએ હોય છે ત્યારે નબળા જનીનને કારણે સિવાયનું બ્લડ-ગ્રુપ ધરાવતા લોકોને હાર્ટ-ડિસીઝ થવાનું અને નજીકના ભવિષ્યમાં હાર્ટ-અટેક આવવાનું જોખમ વધી જાય છે.

ડીસામાંથી ...

પાના નં.૧ ચાલુ

ત્યારે રવિવારે ડીસા તાલુકા પોલીસે ડીસાના આખોલ ચાર રસ્તા નજીક એક ફેક્ટરીમાં બનાવટી ઘી બનતુ હોવાની બાતમી આધારે રેડ કરી હતી.

ડીસા તાલુકા પી.આઈ એ.ટી. પંચોલી ની ટીમે આખોલ ચાર રસ્તા નજીક મારુતી હોટલ પાછળ આવેલ એક ગોડાઉનમાં ચાલતી મંથન પ્રોડક્ટ નામની ઘી ની ફેક્ટરી પર ઓચિંતી રેડ કરતાં ફેક્ટરીમાંથી મઢુલી બ્રાન્ડનો શંકાસ્પદ ઘી નો જથ્થો મળી આવ્યો હતો. ફેક્ટરીમાં મંથન પ્રોડક્ટના નામે ભાવેશભાઈ મોદી અને ચિરાગભાઈ મોદી દ્વારા લૂઝ પામ તેલ, બટર ઓઈલ અથવા લૂઝ ઘી માંથી મઢુલી તેમજ અન્ય બ્રાન્ડનું ઘી પેકિંગ કરવામાં આવતું હતું. જેમાં પોલીસે ૧૫ કિલો ના ૮ ટીન, ૧ લિટરના ૩૦૦ પાઉચ, અને ૨૦૦ ગ્રામ ના ૭૫ જાર નો જથ્થો તેમજ લૂઝ ઘી નો જથ્થો શંકાસ્પદ લાગતા સીઝ કરી આ મામલે એફએસએલના અધિકારી ને બોલાવતા જિલ્લા એફએસએલ અધિકારી કે.કે.મોઢ ડીસા દોડી આવ્યા હતા .જ્યારે પોલીસે સેમ્પલ લેવા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારી ડી.વી. પટેલને પણ જાણ કરી હતી.

જોકે મોડી સાંજ સુધી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ આવી ન હોવાથી સેમ્પલ લેવાની કાર્યવાહી સાંજ સુધી થઈ ન હતી.

પોલીસે હાલ તો જથ્થો સીઝ કરી ફૂડ વિભાગને જાણ કરી હોવાથી તેમના દ્વારા સેમ્પલ લેવાયા બાદ ઘી બનાવટી છે કે કેમ તેના આધારે આગળની કાર્યવાહી કરાશે.

બ.કાં.માં...

પાના નં.૧ ચાલુ

ઘડી સુધી અનિર્ણીત રહી અને કાર્યકરોનો રોષ ખાળવા માંગતી હોય તેવું દેખાઈ રહ્યું છે.

બનાસકાંઠાના જિલ્લાની નવ બેઠકો પૈકી કોંગ્રેસ દ્વારા રાજ્યસભામાં વફાદારી બતાવ નાર વડગામ, પાલનપુર, દાંતા, કાંકરેજ, ડીસા અને ધાનેરાના સીટીંગ ધારાસભ્યોને ટેલીફોનીક સુચનાઓ આપી દેવામાં આવી છે. જેથી આ બેઠકો ઉપર બગાવતના સુર ઉઠવા પામ્યા છે. બીજી બાજુ જિલ્લામાં ભાજપ દ્વારા સ્થાનિક લેવલના રીપોર્ટોની અવગણના કરી કેટલીક વિધાનસભામાં મોવડી મંડળ દ્વારા આયાતી ઉમેદવારો પસંદ કરાતા આંતરિક ઝઘડા અને સ્થાનિક ઉમેદવારની માંગ ઉઠવા પામી છે. જ્યારે પાલનપુર અને ડીસાની બેઠકો ઉપર ઉમેદવારોને લઈ ભાજપનું મોવડી મંડળ મૂંઝવણમાં મુકાયું છે. સોમવારે જિલ્લામાં ફોર્મ ભરવાના અંતિમ દિવસે બળવાખોરો તેમજ અપક્ષો દ્વારા ભારે માત્રામાં ફોર્મ ભરાવાની શક્યતા જોવાઈ રહી છે. આમ જિલ્લામાં ભાજપ - કોંગ્રેસમાં ઉકળતા ચરૂ જેવો ઘાટ સર્જાતા બંને પક્ષમાં ભારે મુઝવણ જોવા મળે છે. બંને પાર્ટીના નારાજ કાર્યકરોને લઈ પરિણામો ઉપર વિપરીત અસર થવાની સંભાવના વચ્ચે બંને પક્ષો દ્વારા ડેમેજ કંટ્રોલ હાથ ધરાયાનું જાણવા મળે છે.

ભાજપ દ્વારા ...

પાના નં.૧ ચાલુ

ધારાસભ્ય ધારસીહ ખાનપુરા અને દીનેશ જાલેરાના નામો ચર્ચામાં હતા. જ્યારે સામે ભાજપ દ્વારા મોડી સાંજે બંધ કવરમાં કોરા મેન્ડેટ વિવિધ જિલ્લાના પ્રમુખોને મોકલાયા હતા. જેમાં બનાસકાંઠા જિલ્લાના પ્રમુખને પણ બાકી રહેલ બેઠકોના ઉમેદવારો માટે કોરા મેન્ડેટ મોકલાયા છે. જે મેન્ડેટમાં પક્ષની સુચના બાદ ઉમેદવારનું નામ લખવા જાણ કરાઈ છે. ત્યારે ડીસા બેઠક ઉપર ચાર ઉમેદવારોના નામ ચર્ચામાં આવ્યા હતા. જેમાં શશીકાંતભાઈ પંડ્યા, પ્રવિણભાઈ માળી, લેબજી ઠાકોર અને દિલીપભાઈ વાઘેલાના નામ સાંભળવા મળ્યા હતા. જોકે પાલનપુર બેઠક ઉપર કોઈ ઉમેદવારનું નામ જાણી શકાયું ન હતું.

મતદાન મથકોમાં...

અનુસંધાન 3 નુ ચાલુ..

અને ઉમેદવાર પણ ન હોય તેવા વ્યકિતને અન્ય વિસ્તારમાં આવેલા મતદાન મથક પર જવા દેવામા આવશે નહિ.તેની પણ પુરતી તકેદારી રાખવામા આવનાર છે.ચૂંટણીમાં તમામ મતદાન મથકો ઉપર મતદાન પ્રક્રીયા શાંતિપૂર્વક થાય એ માટે પુરતો પોલીસ બંદોબસ્ત અને વિશેષ પ્રકારની વોચ રાખવામા આવશે.આ ઉપરાંત ચૂંટણીપંચ દ્વારા તમામ મતદાન મથકોની વીડિયોગ્રાફી કરવામાં આવશે.આ વીડિયોગ્રાફીનું નિરીક્ષણ ચૂંટણીપંચ દ્વારા નકકી કરવામા આવેલા ઓબ્ઝર્વર દ્વારા કરવામા આવશે.જેથી ચૂંટણી પ્રક્રીયાની સીધી દેખરેખ ચૂંટણીપંચને રહે.આ ઉપરાંત મતદાનના દિવસે મતદાનની ચાલુ પ્રક્રીયા દરમિયાન કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે ખાસ વાયરલેસ સેટથી સજજ મોબાઈલ વાનમાં કવિક રીસ્પોન્સ ટીમને તૈયાર કરવામા આવી છે.આ ટીમના અધિકારીઓ અને પોલીસના જવાનો તૈનાત કરવામા આવશે.જેથી મતદાન મથક ઉપર કોઈપણ પ્રકારની પરિસ્થિતિ તંગ થાય એ પહેલા આ ટીમ અને પોલીસ કોલ મળતાની સાથે જ પહોંચી શકાશે.

પ્રથમ ચરણમાં...

અનુસંધાન 3 નુ ચાલુ..

અધિકારીઓના કહેવા મુજબ ૮૯ સીટ માટે ૧૫૦૦ ફોર્મ ભરવામાં આવ્યા હતા જેમાં ભારત અને કોંગ્રેસના એકએક બંને ઉમેદવારોનો સમાવેશ થાય છે. જો કે, ઉમેદવારીપત્ર પરત ખેંચવાની છેલ્લી તારીખે ૫૦૦ ઉમેદવારોએ પોતાના ઉમેદવારીપત્રો પાછા ખેંચી લીધા હતા. દાખલ કરવામાં આવેલા ઉમેદવારીપત્રો મુજબ અને નોમિનેશન બાદ કચ્છમાં છ સીટ માટે ૮૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. આવી જ રીતે સૌરાષ્ટ્રમાં ૪૮ સીટ માટે ૫૭૮ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. આવી જ રીતે દક્ષિણ ગુજરાતમાં ૩૫ સીટ માટે ૩૧૯ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી રાજકોટ પશ્ચિમમાંથી ચૂંટણી લડી રહ્યા છે. તેમની સામે ૧૫ ઉમેદવારો છે. જ્યારે શક્તિસિંહ ગોહિલ અન્ય ૧૬ ઉમેદવારોનો સામનો કરી રહ્યા છે. કેબિનેટ પ્રધાન બાબુ બોખિરિયા ૧૦ ઉમેદવારોનો સામનો કરી રહ્યા છે જેમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા અર્જુન મોઢવાડિયાનો સમાવેશ થાય છે. સૌથી વધુ ઉમેદવારોની વાત કરવામાં આવે તો જામનગર ગ્રામિણ સીટ પર ૨૭ ઉમેદવાર મેદાનમાં છે. બોટાદમાં ૨૫, જામનગર ઉત્તરમાં ૨૪, ખંભાળિયામાં ૨૦ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. ભાગ્ય અજમાવી રહ્યા છે. સૌથી ઓછી ઉમેદવારોની સંખ્યા ધરાવતી સીટની વાત કરવામાં આવે તો ઝઘડિયા એસટી અને ગણદેવી એસટીમાં ત્રણ-ત્રણ ઉમેદવારો મેદાનમાં છે. ભાવનગર પૂર્વ અને મહુઆ એસટીમાં ૪-૪ ઉમેદવારો છે.

જેડીયુનો ૧૦૦...

અનુસંધાન 3 નુ ચાલુ..

જેમાં રાષ્ટ્રીય પ્રવકતા કે.સી.ત્યાગી, રાજયસભા સાંસદ આર સી.પી.સિંહ, કેબિનેટ મંત્રી લલનસિંહ વગેરેનો સમાવેશ થાય છે. જનતાદળ(યુનાઈટેડ)ના ગુજરાતના પ્રભારી અખિલેશ કટિયાર અને ગુજરાત પ્રદેશ પ્રમુખ જયંતિભાઈ પટેલે જણાવ્યું હતું કે, ૨૦૦૨થી જનતાદળ(યુ) તેના ઉમેદવારો ગુજરાત વિધાનસભાની ચૂંટણી ઉભા રાખતી આવી છે અને તેને ભાજપ-કોંગ્રેસ પછી ટકાવારીની દ્રષ્ટિએ વધુ મતો મળ્યા હોય તેવી ત્રીજા નંબરની પાર્ટી બની છે, તેથી આ વખતે અમારી પાર્ટી ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં ૧૦૦ ઉમેદવારો ઉભા રાખશે. તેમણે ૨૫ ઉમેદવારોના નામોની યાદી જાહેર કરી બાકીના ૭૫ ઉમેદવારોની યાદી એકાદ-બે દિવસમાં જાહેર કરી દેવાની તત્પરતા દાખવી હતી. તેમણે ઉમેર્યું હતું કે, તેમના ઉમેદવારો અને સ્ટાર પ્રચારકો બિહારમાં જનતાદળ(યુ)એ આપેલા ૧૨ વર્ષના સુશાસનના ઈતિહાસ, સરકારી નોકરીઓમાં મહિલાઓને ૫૦ ટકા અનામત, ગુજરાતમાં દારૂબંધીનો અસરકારક અમલ સહિતના મુદ્દાઓને લઈ પ્રજાની વચ્ચે જશે. આ વખતે પણ અમારી પાર્ટીના સારા દેખાવની અમને આશા છે એમ તેમણે ઉમેર્યું હતું. હાર્દિક પટેલના અનામત આંદોલન મુદ્દે જનતાદળ(યુ)ના રાષ્ટ્રીય મહામંત્રી અખિલેશ કટિયારે જણાવ્યું હતું કે, વ્યકિતગત રીતે હાર્દિક પટેલના અનામત આંદોલનને હું સમર્થન કરું છું અને પાટીદારોને જો અનામત મળવાપાત્ર હોય તો તે મળવી જોઈએ એમ મારૂ માનવું છે.

૭૦ વર્ષ બાદ...

અનુસંધાન 3 નુ ચાલુ..

જેની સરખામણીમા વર્તમાન મોદી સરકારે માત્ર ત્રણ વર્ષની અંદર રૂપિયા એકલાખ કરોડથી પણ વધુની રકમ ગુજરાતને વિકાસ કામો માટે આપી છે.રાહુલે ગુજરાતના વિકાસ અંગે કરેલા સવાલોનો જવાબ આપતા તેમણે કહ્યુ કે,રાહુલ ભાઈ તમે અમારો હિસાબ શું માંગો છો તમારા વડવાઓ વર્ષ-૧૯૫૨થી અમેઠીમા શાસન કરતા આવ્યા છે આમ છતાં એક કલેકટર કચેરી પણ શરૂ કરાવી શક્યા નહતા.આઝાદીના ૭૦ વર્ષ બાદ અમેઠીમાં પહેલીવખત યુ.પી.ના મુખ્યમંત્રી યોગી દ્વારા અમેઠીમા કલેકટર કચેરી શરૂ કરાવવામા આવી છે.મોદી સરકારમા લોકોએ કરફ્યુ પણ જોયો નથી માત્ર વિકાસ જ જોયો હોવાનુ પણ તેમણે કહ્યુ હતુ.આ સાથે જ ગુજરાતના મહત્વના પ્રશ્નો મોદી સરકારે ત્રણ વર્ષના શાસનમાં ઉકેલી નાંખ્યા હોવાનુ પણ તેમણે કહ્યુ હતુ.અમિત શાહે ગુજરાતમા કોંગ્રેસની સરકાર રચાશે એવો દાવો કરનારા રાહુલ ગાંધી ઉપર કટાક્ષ કરતા કહ્યુ કે,કોંગ્રેસ કયા મુદ્દે ચૂંટણી લડવા માંગે છે તે જ સ્પષ્ટ નથી ઉપરાંત કોંગ્રેસ પાસે ન તો કોઈ નેતા છે ન તો નેતૃત્વ.

હિન્દુ હૃદય...

અનુસંધાન 3 નુ ચાલુ..

ખબર પડી ગઈ કે તેમને શુ ભૂલ કરી છે. તેવોએ માફી પણ માંગી લીધી નહિ તો તેમને પણ યોગ્ય ભાષા માં જવાબ આપવામાં આવ્યો હોત. આ સાથે શેરસિંહ રાણાએ પોતાની વ્યક્તિગત જિંદગી અંગે પણ પત્રકારો સમક્ષ ખુલી ને વાત કરી હતી. ત્યાર બાદ તેઓનું ધાનેરામાં રેલી દ્વારા ભવ્ય સન્માન કરી ધાનેરા આશાપુરા માતાજીના મંદિરે સભા યોજાઈ હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન મહાકાલસેના બનાસકાંઠાના માર્ગદર્શન હેઠળ મહાકાલ સેના બનાસકાંઠા અને મહાકાલ સેના ધાનેરા અને દ્વારા કરવામાં આવ્યું હતું.

ધાનેરામાં જોઈતાભાઈ..

પાના નં.૮ ચાલુ

સવજીભાઈ દેસાઈ કોંગ્રેસના સફળ થયેલ. ૨૦૧૭ માં ભાજપે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન નવયુવાન માવજીભાઈ દેસાઈને ઉમેદાવર જાહેર કર્યા છે તો કોંગ્રેસ પોતાના વર્તમાન ધારાસભ્ય જોઈતાભાઈ સાંકાભાઈ પટેલને રીપીટ કરશે. આજે ઉમેદવારીપત્રો ભરાઈ જશે. ધાનેરા વિધાનસભા બેઠક પર કોંગ્રેસના જોઈતાભાઈ પટેલ સામે ભાજપે માવજીભાઈ દેસાઈને મુક્યા છે ત્યારે નથાભાઈ એચ. પટેલ શું કરે છે તેના તરફ સૌની નજર છે. આ લખાય છે ત્યાં સુધી કાંકરેજ- દિયોદરમાં કોંગ્રેસ ઉમેદવાર અંગે વિહવળતા છવાયેલી છે. ધારશીભાઈ ખાનપુરાને ટેલીફોનીક મેન્ડેડ મળ્યાની વાત થાય છે. તો દિયોદરમાં કોણ ધાનેરાના મતદારોનો મિજાજ નોટબંધી, પૂર, જીએસટીને અન્ય સમીકરણોમાં કેવો રેહેશે. તે આગામી પરિણામ જ બતાવશે. બંને ઉમેદવારોને વિધાનસભા મત વિસ્તારમાં એક થઈ કાર્ય કરે તેવી પ્રજાની માંગ છે.

છાપી હાઈવે...

પાના નં.૮ ચાલુ

નંબર આરજે-૨૨જીએ ૭૯૪૫ ના ચાલકને ઉંઘનું જોકુ આવી જતા આઈશર ટ્રકને પાછળથી જોરદાર ટક્કર મારતા ટ્રક બસ્સો ફુટ જેટલી ઘસડાઈ રોંગ સાઈડે જઈ રોડ પાસે ચોકડીમાં ઝાડ સાથે અથડાતા આઈશરના ચાલક લખતમલ દિયારામજી જોષી (રહે. ધાનેરા) નું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. આ ઘટનાના સમાચાર મળતા છાપી પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતકની લાશને વડગામ હોસ્પિટલમાં પી.એમ. કરવા મોકલી ટર્બો ચાલકની અટકાયત કરવા તજવીજ હાથ ધરી હતી.

થરાદ વિધાનસભા..

પાના નં.૮ ચાલુ

વિસ્તારમાં તેમનું નામ નક્કી થયું હોવાની ચર્ચા ચાલી હતી તો સામે કોંગ્રેસના પીઢ અગ્રણી માવજીભાઈ પટેલે કોંગ્રેસના ઉમેદવાર તરીકે તેમની પસંદગી કરાઈ હોવાનું જાહેરમાં જણાવ્યું હતું અને આજે સોમવારે થરાદ પટેલ બોર્ડીંગ ખાતે સમર્થકો અને ટેકેદારોની ઉપસ્થિતિમાં બેઠક યોજયા બાદ ઉમેદવારીપત્ર ભરવા જવાની જાહેરાત કરી હતી. આથી મોવડી મંડળ દ્વારા ગુલાબસિંહ રાજપુતને ટીકીટ અપાઈ છે કે માવજીભાઈ પટેલને તે પ્રશ્નને લઈ પ્રજામાં ભારે મુંઝવણ ઉભી થઈ હતી. જોકે આજે ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે ખરેખર કોંગ્રેસમાંથી કોનું ઉમેદવારીપત્ર ભરાય છે તે જાણ્યા બાદ સાચી હકીકતની જાણ થશે.

ધાનેરા બેઠક..

પાના નં.૮ ચાલુ

ધાનેરા વિધાનસભા બેઠક ઉપર કોંગ્રેસે ગત રાજયસભાની ચૂંટણી સમયે નિભાવેલી વફાદારીના ઈનામ સ્વરૂપ વર્તમાન ધારાસભ્ય જોઈતાભાઈ પટેલને ફરીથી રીપીટ કર્યા છે. ગઈકાલે જ કોંગ્રેસ મોવડી મંડળ દ્વારા ટેલીફોન ઉપર ધાનેરા બેઠક ઉપરથી ઉમેદવારી નોંધાવવા સુચના આપી હતી. જેથી આજે તેઓ તેમના સમર્થકો અને શુભેચ્છકોની ઉપસ્થિતિમાં વિવેકાનંદ સ્કૂલની સામે આવેલ મેદાનમાં સભા યોજયા બાદ ઉમેદવારી પત્ર ભરશે. ત્યારે કોંગ્રેસના પીઢ અગ્રણી નથાભાઈ પટેલને કોંગ્રેસ દ્વારા ટીકીટ આપવામાં ન આવતાં તેઓમાં અસંતોષ અને નારાજગી ફેલાઈ છે. છતાં પણ તેઓ આજે ઉમેદવારી પત્ર ભરશે. જે પહેલા ધાનેરા કોલેજ સામે આવેલ મેદાનમાં સભા ભર્યા બાદ સમર્થકો સાથે ઉમેદવારી પત્ર ભરવા જશે. આમ ધાનેરા તાલુકાના કોંગ્રેસના મતદારો બે બળીયા ઉમેદવારોની કશ્મકશ વચ્ચે ભારે મુંઝવણમાં મુકાયા છે.

થરાદ-જેતડા રોડ ઉપર..

પાના નં.૮ ચાલુ

હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે આ અકસ્માતમાં બકુભાઈ મનુભાઈ પરમાર (ઠાકોર રહે. ડાંગીયા તા.દાંતીવાડા)નું મોત નિપજયું હતું. જયારે ટેન્કરના ડ્રાયવર લીલાભાઈ રાવળ સહિત અન્ય ત્રણ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. આ બનાવ સંદર્ભે ટેન્કરના માલિક નિલેશકુમાર જયંતિલાલ મોદી રહે. માલણ તા.પાલનપુરવાળાએ ટ્રકચાલક વિરૂદ્ધ થરાદ પોલીસ મથકે પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

ધાનેરામાં માવજીભાઈ..

પાના નં.૮ ચાલુ

ધાનેરાના પૂર્વ ધારાસભ્ય અને બ્રહ્મ સમાજના આગેવાન મફતલાલ પુરોહિત સહિતના ઓએ માવજીભાઈ દેસાઈ ને સંપૂર્ણ સમર્થન જાહેર કરી માવજીભાઈ દેસાઈને જંગી બહુમતીથી જીતાડવા આહવાન કર્યું હતું . ધાનેરા વિધાનસભા બેઠક માટે માવજીભાઈ દેસાઈ આજે સોમવારે ધાનેરા પ્રાંત કચેરી ખાતે વિજય મુહૂર્તમાં પોતાનું ફોર્મ ભરનાર છે . માવજીભાઈએ ધાનેરા તાલુકાનો સઘન પ્રચાર પ્રવાસ શરૂ કરી દીધો છે. રવિવારે ધાનેરા ના પૂર્વ ધારાસભ્ય મફતલાલ પુરોહિતનો નિવાસસ્થાને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓની બેઠક યોજાઈ હતી. જેમાં મફતલાલ પુરોહિતે જણાવ્યું હતું કે, મારે માવજીભાઈ કે પાર્ટી સાથે કોઈપણ પ્રકારનું મનદુખ નથી. તેમણે માવજીભાઈને જંગી બહુમતીથી જીતાડવા કાર્યકરોને આહ્વાન કર્યુ હતુ અને પોતે તેમણે સર્વ સમાજ અને અગ્રણીઓને માવજીભાઈને તન-મન-ધનથી સહયોગ કરી ધાનેરા વિધાનસભા બેઠકમાં ભાજપનું કમળ ખીલે તેવા સહિયારા પ્રયાસ કરવા અપીલ કરી હતી. ધાનેરા બેઠક માટે માવજીભાઈ દેસાઈ ને તમામ સમાજનો સહયોગ અને સમર્થન મળી રહયો છે.

કાંકરેજ વિધાનસભા..

પાના નં.૮ ચાલુ

જણાવી તા. ૨૭/૧૧/૨૦૧૭ ને ૧૨:૩૯ ના વિજય મુહુર્તે ફોર્મ ભરવાનું હોઈ તમામ કાર્યકરોએ ખારીયા ખાતે ૯:૦૦ કલાકે જાહેર સભામાં આવવા નિમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરી, જિલ્લા ભાજપ અધ્યક્ષ કેશાજી ચૌહાણ, જિલ્લા પ્રભારી દુષ્યંતભાઈ પંડ્યા, પૂર્વ ધારાસભ્ય બાબુભાઈ દેસાઈ, મહામંત્રી ભારતસિંહ ભટેસરીયા, સહકારી આગેવાન અણદાભાઈ પટેલ, જિલ્લા પદાધિકારીઓ સરકારી આગેવાનો, કાર્યકરો ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ ડાયાભાઈ પીલીયાતર, મહામંત્રી કિશોર પ્રજાપતિ, ઈસુભા વાઘેલા બાબુભાઈ પટેલ, જશુભાઈ રાવળ, ભાથીભા વાઘેલા કિશાન મો.પ્રમુખ, અમૃતભાઈ દેસાઈ (તા.સંઘ ચેરમેન), નિરંજનભાઈ ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ઈડર - વડાલી તાલુકા વિધાનસભાની બેઠકના ભાજપના ઉમેદવારનું સંમેલન યોજાયું

પ્રતિ વડાલી

ઈડર- વડાલી વિધાનસભાના ભાજપના ઉમેદવાર અને ફિલ્મ કલાકાર હિતેન્દ્રભાઈ કનોડીયાએ ગતરોજ કાર્યકરો સાથે પરિચય કર્યો હતો અને જણાવેલ કે હું રમણલાલ વોરાના માર્ગદર્શન હેઠળ કામ કરીશ. હાલ ગુજરાત જે ગતિએ પ્રગતિ કરી રહ્યું છે તે રીતે ઈડર વડાલી વિસ્તારના વિકાસ પ્રશ્નો હલ કરવામાં આવશે. અને વડાલી ઈડર તરફથી એક કમળ ગાંધીનગર મોકલી વિકાસને વેગવંતુ બનાવવા અપીલ કરી હતી.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપ મહામંત્રી તખતસિંહ હડીયોલ, અશોક જોષી, પાટીદાર અગ્રણી જયંતિભાઈ ધામડી, એ.પી.એમ.સી. ચેરમેન ભાટી હરીસિંહ, રાઠોડ સજ્જનસિંહ, પાટીદાર પ્રવિણભાઈ, મહેન્દ્રભાઈ, ગણપતભાઈ તથા મોટી સંખ્યામાં પાટીદાર સમાજના અગ્રણીઓ હાજર રહેલ. વડાલી તાલુકા ઠાકોર સમાજના અગ્રણી ઠાકોર તલાજીભાઈ, ઠાકોર કોદરલાલ, કાન્તીજી મહોર, ઠાકોર ગીરીશભાઈ, ઠાકોર કાળાજી- સરપંચ રામપુરા ગ્રામપંચાયત, પાટીદાર ભોગીલાલ (સરપંચ), કચ્છી સમાજના અગ્રણી નાગજીભાઈ, નંદુભાઈ, પટેલ ધીરૂભાઈ, તથા વણકર સમાજના અગ્રણીઓએ હાજર રહી હિતેન્દ્રભાઈ કનોડીયાને મોટી સરસાઈથી વિજયી બનાવવા ખાત્રી આપી હતી.

હસનપુરમાં નાટકમાંથી ગીત કટ કરવા બાબતે બે જુથો વચ્ચે મારામારી

મહેસાણા

વિસનગરના હસનપુર ગામે બાલમંદિર ચોકમાં નાટકના કાર્યક્રમમાં ગીત કટ કરાવવા બાબતે બે પક્ષો વચ્ચે મારામારી થતાં વિસનગર તાલુકા પોલીસમાં બંને પક્ષોએ ફરિયાદ નોંધાવી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર ગત સોમવારે હસનપુરના ચોકમાં કોમ્યુનીટી હોલ પાસે નાટકનો કાર્યક્રમ યોજાયો હતો. આ નાટકમાં એકગીત કટ કરાવવાના મામલે બે પક્ષો વચ્ચે તકરાર થઈ હતી, બાદમાં મારામારી થવા પામી હતી. જેના કારણે ગામમાં ચકચાર મચી હતી. આ બાબતે ગામના નીકુંજ અમરતલાલ પટેલે ગામના અભુજી પોપટજી ઠાકોર, સુભાષ ઠાકોર, જસવંતજી વેલાજી ઠાકોર, પ્રહલાદજી ઠાકોર તેમજ રોહિતજી ઠાકોર સામે વિસનગર તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામાપક્ષે અભુજી ઠાકોરે પાંચ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાવી હતી.

પાટણ જિલ્લામાં ચૂંટણી પૂર્વે ૧૫ અસામાજિક તત્વોને તડીપાર કરાયા

પાટણ

જિલ્લા મેજીસ્ટ્રેટ એવં જિલ્લા કલેકટર આનંદ પટેલે પાટણ જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાય તે પૂર્વે જિલ્લામાં કાયદો-વ્યવસ્થા અને સુલેહ શાંતિના નિયમન માટે એસડીએમ/પોલીસના પરામર્શ સાથે અસામાજીક પ્રવૃત્તિઓમાં સંકળાયેલા ૧૫ઈસમોને તડીપાર કરવાનો હુકમ કર્યોછે. જિલ્લા કલેકટરએ મીડિયા સેન્ટરને આ વિગતો આપતા ઉમેર્યું હતું કે, જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયા ફ્રી એન્ડ ફેર બની રહે તેવા સર્વગ્રાહી પગલાં જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા લેવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારી આનંદ પટેલે વિશેષમાં જણાવ્યું હતું કે, જિલ્લામાં યોજાનાર ચૂંટણી માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણીલક્ષી પ્રબંધનને અસરકારક અને કાર્યક્ષમ બનાવવાના વિવિધ પગલાં લેવાઈ રહ્યાં છે.ચૂંટણી માટેના દરેક સેકટર મેજીસ્ટ્રેટ સાથે એક પોલીસ અધિકારી પણ નિયુકત કરવામાં આવશે

જીલ્લા ચૂંટણી અધિકારી મતગણતરી કેન્દ્રની સર્વદેશીય વ્યવસ્થાની સમીક્ષા કરી

પાટણ

પાટણ જીલ્લાની વિધાનસભાની સામાન્ય ચૂંટણી ૨૦૧૭ અન્વયે ચાર બેઠકોની મતગણતરી તારીખ ૧૮ ડિસેમ્બરે પાટણ ખાતેની કેડી પોલીટેકનીક કોલેજમાં હાથ ધરાનાર છે.જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી આનંદ પટેલે આજે મતગણતરીની વિવિધ કામગીરીઓ માટેના નોડલ ઓફિસરો સાથે બેઠક યોજી મતગણતરી કેન્દ્રના ચાર ગણતરી કેન્દ્રો તેસંબધિત તમામ વ્યવસ્થાઓ મોડામાં મોડા તારીખ ૧૨ ડીસેમ્બર સુધી પૂરી કરવાનો અનુરોધ કર્યો હતોતેમને સબંધિત નોડલ અધિકારીશ્રીઓનેનિયત કામગીરી પુરી કરવા અને સર્તકતા સાથે કોઇ પણ ચૂક વિના કારગત કરવાનો નિર્દેશ આપ્યોય હતો. જિલ્લા પોલીસ અધિક્ષક અશ્વિન ચૌહાણ સાથે મતગણતરીના દિવસે કાયદો વ્યરવસ્થા સહિત ટ્રાફિક નિયમન અને જાહેર સુલેહ શાંન્તી સહિતના ક્રિયાવયનઅંગે ચર્ચા કરી હતી. અને ટ્રાફિક વ્યવસ્થા માટે જરુરી જાહેરનામા સમયબધ્ધ પ્રસિધ્ધ કરી જાહેર જનતાને તેનાથી અવગત કરાવવા જણાવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષકે મતગણતરી દરમ્યાનિ પોલીસ દ્વારા ગોઠવવામાં આવનાર તમામ સુરક્ષા વ્યુવસ્થાક અને ટ્રાફિક નિયમન માટેના હાથ ધરાયેલ પગલાંને કારગત બનાવવા જણાવ્યું હતું. જિલ્લાં ચુંટણી અધિકારીએ મતગણતરી કેન્દ્ર અને આજુબાજુમાં નિયત કરાયેલા પાર્કિંગ વ્યવસ્થા સુચારુ બનાવવા, મતગણતરી દરમ્યાન પીવાનું શુદ્ધ પાણી પુરતી માત્રામાં ઉપલબ્ધ કરાવવા,મતગણતરી કેન્દ્ર અને સ્ટ્રોંગ રૂમ સહીત મતગણતરી કેન્દ્રના ફર્નિચર,વીજ વ્યવસ્થાપન અંગે ચર્ચા કરી જનરેટર સેટ ઉપલબ્ધ કરાવવા જણાવ્યું હતું.મત ગણતરી કેન્દ્ર ખાતે સેનિટેશન સાફ સફાઈ મતગણતરી કેન્દ્રો ખાતે જરૂરી ઈલેકટ્રોનીક્સ ઉપકરણો,મીડિયા સેન્ટરની વ્યવસ્થા આરોગ્યલક્ષી ઉપાયો ચા નાસ્તા ભોજન ની વ્યવસ્થા અંગે જીલ્લા ચૂંટણી અધિકારીએ અધિકારીઓ સાથે સંવાદ કરી તમામ વ્યવસ્થાઓ સંપૂર્ણ કારગત બનાવવા જણાવ્યું હતું .

ઊંઝામાંથી બાઈકની ચોરી કરનારા બે ઝડપાયા

ઊંઝા

ઊંઝાના સોમનાથ ચોક નજીકથી મહેસાણા એસ.ઓ.જી. પોલીસે ઝડપેલા બે ચોરોએ ઊંઝાના આનંદ મેળામાંથી બાઈક ચોર્યા હોવાની કબુલાત કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સોમનાથ ચોકડી પાસેથી બાઈક પર ડબલ સવારીમાં પસાર થયેલા બે ઈસમો શંકાસ્પદ જણાતા તેમને અટકાવી બાઈકના કાગળો માગતા તેમની પાસેથી મળ્યા ન હતા. પુછપરછ દરમિયાન તે પ્રિન્સકુમાર ઉર્ફે મોન્ટુ સુરેશકુમાર મણીલાલ પટેલ (ઉ.વ.૨૪) તથા માનસંગજી ચંદુજી (ઉ.વ.૨૩) પાસેથી જીજે૧૮ ક્યુ-૩૩૨૮ નંબરનું બાઈક પાંચ મહિના પૂર્વે ઊંઝામાં આવેલા આનંદ મેળામાંથી ચોરી કર્યાની કબુલાત કરી બંને વાહન ચોરોને ઊંઝા પોલીસને સોંપવામાં આવ્યા હતા.

ધનસુરામાંથી બનાવટી ખાતર અને બિયારણ કૌંભાડમાં છ સામે ફરિયાદ

મોડાસા

ધનસુરા-મોડાસા રોડ પર આવેલી એક દુકાનમાંથી બનાવટી રાસાયણિક ખાતર અને બિયારણનો જથ્થો ઝડપાયો હતો.

જિલ્લાના નાયબ ખેતી નિયામક દ્વારા ગત -૧૬ નવેમ્બરના રોજ ધનસુરામાં છાપો મારી એક દુકાનમાંથી નકલી રાસાયણિક ખાતર અને ઘઉંના બિયારણનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ ચકચારી પ્રકરણે ખેતીવાડી વિભાગ દ્વારા છ આરોપીઓ સામે ધનસુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે ધનસુરા પોલીસે ગત શનિવારે આ ગુનામાં સંડોવાયેલા આરોપી મુકેશભાઈ પટેલ (મુ.પો. કાલીયાવાડ, ગોધરા) તથા મહેસાણાઓ મારફતે બનાવટી ખાતર અને બિયારણનો જથ્થો વેચાણ સારૂ આપી તેમજ ઉપરોક્ત બનાવટી રાસાયણિક ખાતર અને બિયારણનો સંગ્રહ કરનાર એમ.એસ. એગ્રો. સેન્ટર- હરસોલ, તથા કોટવાલ લાલાભાઈ બબાભાઈ રહે. સુરવારાર, જિ.અરવલ્લી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ગઢવી ચલાવી રહ્યા છે.

ચૂંટણી જીતવાના પ્રયાસમાં ઉમેદવારોના સમર્થકો દ્વારા સામાજીક સંમેલનો ગોઠવાયા

મહેસાણા

જેમ જેમ ચૂંટણી નજીક આવી રહી છે. તેમ તેમ ઉ.ગુજરાતની વિવિધ બેઠકના પોતાની જીત પાક્કી કરવા અસામાજીક દોડમાં લાગી ગયા છે. ઉમેદવારોના મળતિયાઓ ચોક્કસ સમાજના આગેવાનો સાથે ચર્ચા કરી સામાજીક સ્નેહમિલન ગોઠવી રાજકીય મદદથી સોગઠાબાજી રમી રહ્યા છે. સદર સંમેલનનો ખર્ચ પણ થર્ડ પાર્ટી ઉઠાવે છે. જેથી ઉમેદવારો અને સમાજના આગેવાનોને મુશ્કેલી પડતી નથી.

ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાની ૨૦ બેઠકોના જાહેર થયેલા ઉમેદવારો અને સંભવિત ઉમેદવારો દ્વારા રાજકીય મેરેથોન આરંભવામાં આવી છે. જે તે બેઠકો ઉપર સામાજીક સમીકરણ જોયા બાદ મતદારોની સંખ્યાને ધ્યાને લઈ કોઈ ચોક્કસ સમાજના સંમેલનો ગોઠવાઈ રહ્યા છે.

ઉમેદવારો કાર્યક્રમ અગાઉ સામાજીક સ્નેહમિલનની સમગ્ર ચર્ચા કરી થર્ડ પાર્ટી દ્વારા નાણાંકીય ખર્ચની વ્યવસ્થા કરી આપે છે. આ તરફ સમાજના આગેવાનો સ્નેહમિલનમાં પોતાના સમાજના લોકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રખાવીને ઉમેદવારનું સ્વાગત કરાવી મતોનું ગણિત નક્કી થાય છે અને વિવિધ પ્રકારની મદદની આપ- લે થાય છે.

અંકલેશ્વરમાં રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ દ્વારા સામાજીક સદ્ભાવ મિલન કાર્યક્રમ યોજાયો

પ્રતિનિધિ અંકલેશ્વર

અંકલેશ્વર એસ્ટેટમાં આવેલી સરસ્વતી શિશુ મંદિર ખાતે તારીખ ૨૬ મી નવેમ્બરે રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘની સામાજીક સદભાવના સમિતિ અંકલેશ્વર દ્વારા સામાજીક સદભાવ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અંકલેશ્વરમાં રહેતા વિવિધ સમાજના અને વિવિધ સમાજના અને સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. જેમને એકમેકનો પરિચય અને તેમના સમાજ દ્વારા થતા સામાજીક સેવાના થતા કાર્યોની માહિતી આપી હતી.

આ પ્રસંગે ભરૂચ જિલ્લા સંપર્ક વિભાગના ડૉક્ટર કૌશલભાઈએ જ્ઞાતિ, જાતિ, ઉંચ- નીચ તેમજ કોઈપણ પ્રકારના સંપ્રદાયના બંધનથી મુક્ત થઈ એક સશક્ત હિન્દુ સમાજ સક્ષમ બને અને સમગ્ર ભારત વર્ષને એક સૂત્રમાં બાંધવા કટિબધ્ધ થઈ એકાત્મકતાનો ભાવ નિર્માણ કરવા માટે શું કરવું જોઈએ તે વિશે જણાવ્યું હતું. તેમજ આવા કાર્યક્રમો વધારેમાં વધારે વખત યોજાય અને સમાજમાં જાગૃતિ આવે તે માટે એક કમિટી બનાવવાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિવિધ સમાજના આગેવાનોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

પાટણના પદ્મનાભ મંદિર વિસ્તારમાં બે ઘરફોડ ચોરી થતાં ચકચાર

જિલ્લા પ્રતિનિધિ પાટણ

પાટણના પદ્મનાભ વિસ્તારમાં સોમનાથ ડુપ્લેક્ષના બ્લોક નં.૨૭ માં રહેતા ચંદનજી સરદારજી ઠાકોરના ઘેર તા. ૨૪/૧૧/૧૭ થી ૨૫/૧૧/૧૭ ની વહેલી સવારના ૩ કલાક આસપાસ બે માળનું મકાન છે. જેમાં ચંદનજી પોતે હરિદ્વાર ગયેલા છે અને તેમનો પરિવાર ઉપરના માળે લગ્ન પ્રસંગમાંથી થાકીને આવેલ. જેઓ ઉપરના માળે સુતા હતા. તેમના નીચેના રૂમનું મુખ્ય દરવાજાનું લોક ડુપ્લીકેટ ચાવીથી ખોલીને ૧૩ તોલા સોનુ, ૨ કિ.ચાંદી, રૂા. ૧૫ હજાર કેશ કુલ મળીને ૬ ાા થી ૭ લાખનો મુદ્દામાલ કેશની ચોરી થઈ છે. તેમજ સોમનાથ ડુપ્લેક્ષના બ્લોક નં.૨ માં રહેતા ઠક્કર પિયુષકુમાર દશર થલાલના મકાનમાં પણ તેઓ વિલાજ પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગમાંથી મોડી રાત્રિએ ૧૨ કલાક આસપાસ થાકીને આવેલ અને ઉપરના રૂમમાં સુતા હતા તેમને ત્યાંથી લોક તોડીને દોઢ તોલાની ચેન, ૧ તોલાની વીંટી અને રૂા. ૧૦ હજાર કેશ કુલ મળીને આશરે રૂા. ૭૦ થી ૮૦ હજારની ચોરી થયેલ છે. બન્ને ચોરી અંગે પાટણ બી.ડીવીઝન પો.સ્ટે. ફરિયાદ નોંધાવી આગળની કાર્યવાહી કરેલ છે.

ચૂંટણીનાં પરિણામો અંગેની આગાહી ઓપિનિયન એક્ઝિટ પોલ પ્રસારિત કરવા સામે ચૂંટણીપંચની સખ્ત મનાઈ

પાટણ

પાટણ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી આનંદ પટેલ જણાવ્યું છે કે વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭ ના ઉપલક્ષમાં ચૂંટણીપંચ દ્વારા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૨૬(એ)ની પેટા કલમ-૧ હેઠળ તા. ૦૯/૧૧/૨૦૧૭ થી તા. ૧૪/૧૨/૨૦૧૭ના સાંજના ૫.૩૦ કલાક સુધી ચૂંટણી પરિણામોને સબંધિત આગાહીઓ, સર્વેક્ષણ, ઓપિનિયન પોલ અને ચૂંટણી સબંધી સહિત સામગ્રી કોઇ પણ ઇલેક્ટ્રોનિક માધ્યમો પરથી પ્રસારિત કરવા સામે લોકપ્રતિનિધિત્વ ૧૯૫૧ની કલમ ૧૨૬(૧) બી હેઠળ પ્રતિબંધ મુકાયો છે. ચૂંટણીપંચના જાહેરનામાનો ચુસ્ત અમલ પાટણ જિલ્લામાં થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીએ તાકીદ કરી છે.

પાટણ જિલ્લાના ચાર વિધાનસભા મતદાર વિભાગની ખર્ચ નિરીક્ષકે મુલાકાત લીધી

પાટણ

વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૭ના કામે ૧૬-રાધનપુર તથા ૧૭-ચાણસ્મા વિધાનસભા મતદાર વિભાગ માટે શ્રી શંકર કે.આર.હલદર (આઇ.આર.એસ.) દ્વારા રાધનપુર તથા સમી ખાતે ઉભા કરવામાં આવેલ ખર્ચ મોનીટરીંગ સેલની મુલાકાત લઇ ખર્ચ મોનીટરીંગ ટીમો સાથે બેઠક કરી ખર્ચ નિયંત્રણ અંગેની કામગીરીની સમીક્ષા કરી તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમની આકસ્મિક મુલાકાત લઇ પરિસ્થિતિની જાણકારી મેળવી હતી.

૧૮-પાટણ તથા ૧૯-સિધ્ધપુર વિધાનસભા મતદાર વિભાગ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા નિમવામાં આવેલ ખર્ચ નિરીક્ષકશ્રી અનુપ બિશ્વાસ (આઇ.આર.એસ.) દ્વારા સિધ્ધપુર તથા પાટણ ખાતે ઉભા કરવામાં આવેલ ખર્ચ મોનીટરીંગ સેલની મુલાકાત લઇ ખર્ચ મોનીટરીંગ ટીમો સાથે બેઠક કરી ખર્ચ નિયંત્રણ અંગેની કામગીરીની સમીક્ષા કરી તથા સ્ટેટીક સર્વેલન્સ ટીમની આકસ્મિક મુલાકાત લઇ પરિસ્થિતિની જાણકારી મેળવી હતી, તેમ ચીફ કો-ઓર્ડીનેટર ખર્ચ અને જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

અંકલેશ્વર એસ્ટેટમાં ભાજપે કાર્યાલય શરુ કરી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા

પ્રતિનિધિ અંકલેશ્વર

અંકલેશ્વર એસ્ટેટમાં ભારતીય જનતા પાર્ટીએ ચૂંટણી કાર્ય માટે પોતાની ઓફિસ શરુ કરીને પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે.

અંકલેશ્વર એસ્ટેટમાં રહેણાંક વિસ્તારમાં આવેલ જલધારા ચોકડી ઉપર ઓમ શાંતિભવનની બાજુમાં શ્રીપદ હાઈટસ ખાતે ભારતીય જનતા પાર્ટીએ ઓફિસ કાર્યરત કરીને તેના કાર્યકર્તાઓ ચૂંટણી પ્રચારના કાર્યમાં લાગી ગયા છે.

આ ઉદઘાટન વખતે અંકલેશ્વર- હાંસોટ વિધાન સભાના ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ઈશ્વરસિંહ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા ઓફિસ કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંકલેશ્વર નોટીફાઈડ એરિયા ના ભાજપના પ્રમુખ ભરતભાઈ પટેલ, મહામંત્રી અલ્પેશ પટેલ, ઉપપ્રમુખ જશુ ચૌધરી, અંકલેશ્વર નગર પાલિકા કારોબારીના ચેરમેન સંદીપ પટેલ, બળદેવભાઈ પ્રજાપતિ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ઈશ્વરસિંહ પટેલને સતત ચોથી વખત ભારતીય જનતા પાર્ટીએ ટીકિટ આપી છે. અગાઉ ત્રણ વખત તેઓ ચૂંટાઈ આવ્યા હતા. આ વખતે તેમનો મુકાબલો કોંગ્રેસના અનિલ ભગત સાથે છે.

કડીમાં સરકારી અનાજ ગોડાઉનના નિવૃત્ત ઈન્ચાર્જ મેનેજર સામે ફરિયાદ

મહેસાણા

કડી શહેર ખાતે શંકરપુરાના નાકે આવેલ સરકારી અનાજ ગોડાઉનના નિવૃત્ત ઈન્ચાર્જ મેનેજર સામે કડી પોલીસ મથકે ઉચાપતની ફરિયાદ નોંધાઈ છે.

નિવૃત્ત ઈન્ચાર્જ મેનેજરે ગોડાઉનમાંથી ઘઉં અને ચોખાના રૂા. ૩૩.૩૫ લાખ બેન્કમાં જમા ન કરાવી પોતાના અંગત ઉપયોગમાં લઈ ઉચાપત કરી હતી. આ અંગે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધવામાં આવેલ છે.

જાણવા મળતી વિગતો અુનસાર કડીના રોનક કનુભાઈ યોગીએ ગત શુક્રવારે કડીના સરકારી અનાજ ગોડાઉનના નિવૃત્ત ઈન્ચાર્જ મેનેજર પ્રમેશભાઈ હસુભાઈ સોની સામે કડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવેલ કે આરોપી ૩૧ ઓગસ્ટ ૨૦૧૭ ના રોજ નિવૃત્ત થતા હોઈ તે પહેલા ઘઉં અને ચોખાના જથ્થાના રૂા. ૩૩.૩૫ લાખ જેટલી રકમ નિગમના બેન્ક ખાતામાં જમા ન કરાવી પોતાના અંગત ઉપયોગમાં વાપર્યા હતા. આ બાબત પ્રકાશમાં આવતા નિવૃત્ત મેનેજર સામે પોલીસમાં ફરિયાદ નોંધાવામાં આવી છે.

અરવલ્લીમાં મેશ્વો કેનાલમાં ગાબડું પડતાં ૫૦ વીઘા ખેતરોમાં પાણી ફરી વળ્યાં

મોડાસા

અરવલ્લી જિલ્લાના મેશ્વો જલાગારની કેનાલમાં ગત શુક્રવારની મધ્ય રાત્રિએ ગાબડુ પડતા કેનાલમાંથી વહેતા પાણી આસપાસના ખેતરોમાં ફરી વળ્યા હતા. ઘઉં સહિતના રવિ પાકોમાં કરેલા વાવેતર ઉપર પાણી ફરી વળતાં ખેતરોમાં પાણી ભરાયા હતા. આ અંગે અસરગ્રસ્ત ખેડુતોને યોગ્ય વળતર આપવાની માંગ ઉઠી છે. મેશ્વો કેનાલમાં મધરાત્રે ગાબડું પડતા જિલ્લાના રવિપુરા, ઈટાડી સહિત આસપાસના ખેડુતોએ તંત્ર સામે બળાપો ઠાલવતા જણાવ્યું હતું કે આ પંથકની કાળી જમીનના કારણે ચોમાસા દરમ્યાન પાક નિષ્ફળ ગયો હતો. ત્યારે રવિ વાવેતર ઉપર કેનાલના પાણી ફરી વળતા ખેડુતોની સ્થિતિ પડતા ઉપર પાટુ જેવી સ્થિતિ સર્જાઈ છે.

સગીરાના અપહરણના મામલે લાંઘણજ પોલીસ, સીબીઆઈને હાઈકોર્ટની નોટીસ

મહેસાણા

મહેસાણાના મુલસણ ગામની સગીરાના અપહરણના ગુનામાં સ્થાનિક પોલીસ નિષ્ફળ રહેતા ભોગ બનનારના પિતાએ ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી પુત્રીનો કબજો સોંપવાની માંગણી કરી છે. કોર્ટે આગામી ૨૯ નવેમ્બરે લાંઘણજ પોલીસ અને સીબીઆઈને હાજર રહેવા નોટીસ ફટકારી છે. નોંધનીય છે કે સગીરાનું અપહરણ ગામનો જ યુવાન કરી ગયો હોવાની ફરિયાદ સગીરાના પિતાએ નોંધાવી છે. મુલસણ ગામની યુવતી ગામના જ નરેશજી રેવાજી ચાવડા સામે છ મહિનાથી પ્રેમ સંબંધ હોવાની જાણ થતાં તે દિશામાં તપાસ કરી હતી. પરંતુ તે મળી આવ્યો ન હતો. જેને પગલે ભરતભાઈએ લાંઘણજ પોલીસ સ્ટેશનમાં પુત્રીના અપહરણનો ગુનો નોંધાવ્યો હતો.

સદર ફરિયાદ નોંધાયાના દોઢ મહિનો થવા છતાં સગીરાના શોધ માટે નક્કર પગલાં ન લેવાતા સગીરાના પિતાએ ગુજરાત હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરી પુત્રીનો કબજો મેળવવા માંગણી કરી છે.